બત્રીસ પુતળીમાંની વાતો.

(ભાગ ૨ જો.)



બત્રીસ પુતળીમાંની વાંતો.

ભાગ ૩ જો.

ગર્ધવસેનની વાર્તા

કળશાની વાર્તા

વિક્રમ ચરિત્રની વાર્તા

કિ. ૦-૮-૦

પ્રકાશક :

બુકસેલર રણછોડલાલ મોતીલાલ શાહ

રીલીફરોડ—અમદાવાદ

પ્રથમાવૃત્તિ	::	પ્રત ૨૦૦૦
સને ૧૯૨૫	::	સં. ૧૯૮૧

"સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ"માં મુળચંદ ત્રીકમલાલે છાપ્યું.
ઠે૦ કાળુપુર ટંકશાળ—અમદાવાદ.

વારતા ૧૦ મી મત્સ્યવસેનને.

પવીત્ર નામની દસમી પુતળી બોલે છે તે રાજા ભોજ સાંભળે છે.

શ્રી ગણેશાય નમઃ દોહરા—ગણપતી સરસ્વતી રતીપતી, જતી શાતી શક્તઃ ગતી મતી છતી એકઠર, ભજુ ભગત રણ ભક્ત. એક વદન આરાધીએ, ગજવદન ગુણ ગાઉં, મદન બુધી શોભાવીએ, મદન કદન ચીત ચાહુ; અજાસુખ ગજ મુખ પંચ મુખ; દશમુખ ભંજન દેવ; દ્વામુખ ત્રીમુખ સત મુખ, કરૂ શાહસ્ત્ર મુખ શેવ ચોમુખપટ મુખ સહીત મુખ, મુખ જેનું મંજાર, કમળમુખ કલ્યાણકર, વિનવું વારંવાર. માત તાત ગુરૂ ઇષ્ટને, નવ નાથ ચોરાશી શીધ; અવતારના નવ ગ્રહ નમુ, રીધપતી દેયણ રીધ. સમરણ કરતા સારદા, નરમદા ગંગાનું નિર.

ચોપાઇ—શ્રી સારદાને નમાવું શીશ, આરાધુ ઉમીયાપતજઇશ; સીંહાસન બત્રીશા જથા, વરણવું વીકરમ કથા. ઉતપતી કહુ ઉજેણી તણી, ઉતપતિ કહુ સીંહાસન તણી; ઉત્પત કહું ઈંદ્ર આશનો, ઉતપત કહુ વીકરમ વંશનો; ઉતપન કહુ ભુપભડભોજ, જેણે માગણને દિધી બહુ મોજ, ઉતપત કહું ભરથરી ભોગ, જેણે પુંજનો લીધો જોગ શીંહાસન કવણ લાવીયું, કયાં અવની ઉપર આવીયુ; કોના હાથનું કોને ઘડયું; કવણ જશાવંતાને જડયુ; જડનું ચઇતન એ કયમ થયું, પાછું સ્વરગમાં એ કેમ ગયું; વીક્રમ અવતરયા ક્રીયે ગામ, નવખંડે કયમ જાણ્યું નામ; ભરથરી એ બે કયમ ભાઇ, સુરનાયકથી એહ સવાઇ; કવણ ભોજન ભાગ્ય એ ભજ્યું, શાસ્ત્ર ઓધું એયું સાંભળ્યું; આદ્ય અંત ઉતપત એહ, ઇંદ્રિ પુત્ર ગર્વની દેહ; કોના બાપને કોનો પુત્ર, સાચો અક્ષર કહું એક સુત્ર.

દોહરા—ભરતખંડ જંબુદ્વીપ, ધારી નગ્ર ધરવિસ; ભોજરાજ ભાવક ભલો પ્રથમ ઉમીયા ઇશ. શારદુલ તાતજ એહનો, મુજ કાકો નરનામ; રાજ કરયું ભરત ખંડનું, પુન્ય આક્રમ કામ.

છપ્પો—પ્રગટયો ભોજ જે દિશ, પીતા તો મરણ પામ્યો; ઉછેરયો કાકે એહ, તેહના સઘળી વાગ્યો. કાકે મારવા મોકલ્યો; વનમાં મારનારે કહયું, સમ એ ભાઇ શ્રી રામને, જાણ્યુ ભોજ રાયને થયું; લખ્યો પત્ર એક તત્ર, ગયા માંધાતા મહીપત; ગયા રાવણને રામ, ગયા દુર્યોધન વનમાં, ગયા પાંડવ તે પાંચે; ગયા સુરનાયક તે ઇંદ્ર, ગયા નલ નીરજોધન, ગયા હીતકારી હરીશ્ચંદ્ર; પ્રથ્વી માંહે કાંઇ પ્રગટ થયા, પ-

થવી માંહે સહુકો.રમ્યા, કોઇ સાથે પ્રથવી નવ ગઇ, ગુણ કોએ નવ ગમ્યા.

દોહરા–પ્રથવી કારણ મારે મને, અધીક કરે છે હાથ; કોઈ સાથે પ્રથવિ નવગઇ, આવશે તારે સાથ. તે કાગળ વાંચીઓ, તેડાવ્યો તે તરત. સોંપ્યુ રાજ તેની ઘડી, જેહ પમાડે મરત.•જન્મપત્રી કરી જોશીએ, ભારે ભોજનો ભાર;અધીપતી ઈંદ્ર સરી ખડો, કરણ સમો દાતાર. છપ્પો–રાજ પદવિ શી રામ, કામ સમાને રૂપે; સતવાદી હરીશ્ચંદ્ર, ઈંદ્ર અધીકારી ભુપે; યુધીષ્ટીર સમ જોર, બાણાવળી અરજુન જેવો; અતી ક્રોજ ફરશુરામ, તોલ તરતીબે એવો, અરી ગજણ રજણ સજણ, પરદુખભંજન કરણ; ભોજરાજ બાલ ભલપણ તણો, શામળભટ કહે અશરણ શરણ.

દોહરો–થયો નથી થાએ નહિ, ભોજ સમો કોઇ ભુપ; પીયર એ પંડીત તણો, રાજ તેજ રીધ રૂપ. વરસ પંચાવન નવ માસ, ઊપર દીવસ ત્રણ એટલું આયુષ ભોગવ્યું, ગયો તે શીવને શરણ. કીરતી તેની કોટીધા, પાંચ લક્ષ વરસ પુંઠ; જનુનીએ એક જનમીઓ, શેરેક ખાધી સુંઠ.મહીમા મહીપતી માધવતણો, માણેક રાખ્યાં મુઠ; જનુનીએ ભોજ જનમીઓ, સેરેક ખાધી સુંઠ.જીત્યો જગત જસજોરથી વહો વિમાન વઇકુઠ,જનુનીએ ભોજ જનમીઓ, શેરેક ખાધી સુંઠ.તે ભોજ તરતિ અતર, કરતો જેને દીનરાજ; અસત્ય નહી, અન્ય નહી તન મનથી તાજ; એક દીવસ સીંહાસને, સભા ભરીતી મુર; ન્યાય ચુકાવ્યો ગોવાળીએ પ્રમારથનું પુર,રત્ન વીપનાં ઓળખ્યાં, સોની થયા સુજાણ; લાંચ લેનારે લક્ષવસા, પંચ કરયુ પ્રમાણ. ગોવાળીએ ન્યાય ચુકાવ્યો, જે નવ ચુકયો ભોજને સાથ; રત્નચારે સોની થકી, સોંપ્યા બ્રહ્મણને હાથ, જાણ થયું શ્રીભોજને, મનમાં કરયો વીચાર; 'ગોવાળીઆમાં ગુણ નહી, ભુમીમાં છે ભાર; દઇવત ભુમી ઊપરે, ખોદાવી તે જાગ; ઇષ્ટદેવ આરાધીઓ, પ્રિતે પ્રણમ્યો પાગ. નીકળ્યું આશાન અવનવું, તરૂણ જેવું તેજ; નરખી હરખ્યો રાયજ, હઇડા માંહે હેજ, નવગ્રહ ઝાંખા થયા; નવલખ સતા વીશ નક્ષત્ર; પંચરંગ પુરા રાગના, પંચ પવીત્ર પાત્ર; જુગતી ચોસઠ જોગણી, ત્રીશ કોટીક દેવ; નવ નાથ ચોરાશી સાધ સુખ, સુખસાગરમાં ઝીલીઓ, પુરણ પ્રિતે પેર; ગાજતે વાજતે ગુણ ઘણે, ગુણનીધિ લાવ્યો ઘેર દોલ મરદંગ દમકારથી, વેરયાં પુષ્પ ચોપાસ; કસ્તુરી કદંબ કરયાં, કેશર બેહક બરાસ. કંચન મેહ વરસાવિયા,જાચક દીધાં માન; નગર ભોજન કરાવીયું,માગણ પામ્યા માન. પૃથ્વીના પંડીત મેળવ્યા, નવશંડના નરપત; દાન માન સનમાનથી, ત્રીલોક કરવા તરપત. નવસે નવાણુ નદનદિ, નીરમળ ચણ્યાં નીર; સીંહાસન સોત નાવણ કરયાં, શુદ્ધ થયાં શરીર. જગન કરયો જુગતાઇથી, દાન કોટીધા દીધ; પુસ્યારક દિન સુધથી; લાખેણુ સુરત લીધ. પાંચે પ્રદક્ષણા કરી, આસન બેશે જેમ, માંમાં કહીને બાલીયાં, તેહ પુતળી તેમ.

ચોપાઇ–પવીત્ર પુતળી વનીતા નામ, બોલી ઉઠી તેણે ઠામ, ભોજરાજમાં ધ-

રતું પાય, આસન બેસે વીકરમરાય. ભોજ નવ કર એ ઉપર મન; વીક્રમ સમ દાતા નહી કો જન; ભાવતાં નહી પામો ભોગ, પામીશ મરણ ને થાશે રોગ; કુણ ગણુતીમાં રાજા તું, બેશીશમાં વારૂછું હું. કરોડવાર કહુ છું થકી, આભડવાજોગ અમને નથી,આશરો એમાં નથી તાહરો,તું સતવાદિ છે માહરો.પંચડંડ જીત્યા છે જેણે તોલ બેઠા કેરૂ છે તેણે, પગ ખેંચી રહયો તે રાય. પ્રીત ધરિને લાગ્યો પાય, પુતળી વચન કરયું પ્રમાણ, વિક્રમસેનના કરયાં વખાણ, આ અંત વખાણી વાત, કુણ તાતને કુણજ માત; કુણ જપ તપ પુન્ય પ્રવેશ, ગામ ઠામને કુણજ દેશ.પ્રથમ તો તું કહે કુણ, દીઠી સાંભળી કાને ઉંણ, સીંહાસન એ કોનું ઘડયું, વિક્રમસેનને કયાંથી જડયું;કોણે એક ઠામે દાટીયું,શોભાવિયું કોણે સાટિયું. કહો ઉતપત સિંહાસન તણિ, સાંભળવા ઇચ્છા છે ઘણી: જડરૂપ સોના પુતળી, કેમ વાચા બોલે પુતળી, અચરત એ ઉપન્યું છે મુને, સંદેહ ભાગ્ય પુછુંછું તુને, જડ ચઇતિન છો માનવ દેવ: કુણ સતગુરૂ છે સેવ. સુખીયાં કે દુખીયાં થસો, રહેશો અહીં કે સ્વરગે જશો; પ્રણમી પાય લાગું છું તને, એહ કથા સંભળાવો મને.

દોહરા—પવિત્ર બોલી પુતળી, શાંભળ ભોજ સુજાણ; પવિત્ર કરૂં ને થાઉં, હું કરૂ વિક્રમ વખાણ. ગંગા ગાયને ગોમતી, કાશીને કેદાર; એથી ફળ અતી ઘણું. અપ્રમપાર અપાર, એક સમે કઇલાશમાં. બેઠા શીવમહાદેવ.પ્રભુ પારવતી સહીત. સુર સનકાદીક શેવ બ્રહ્મ ભણે છે વેદને.નારદ કરે છે નરત. સનકાદિક શેવા કરે.સુખ સાગરની સરત. ઇંદ્રિ ઉતારે આરતી. ધ્ધરણી ધરે ધ્યાન.સુરજ ચંદ્ર શાન્તિ કરે;મઘવા માગે આન, વિસકોટી વાસવતણી. શોભાગી કઇલાશ. એંશી કોટી ઇંદુ જડ. લક્ષધા લીલા વીલાસ. શીતેર કોટી સુરજ સમ.તેજ તપે છે ત્યાંહાં.વીસલાખ વૈકુંઠવર મહારાજ બીરાજે માંહ. અધીપત અખંડ અટકળ, અપ્રમપાર અપાર; પંચમાભુત જેણે પ્રગટીયા, દેવ વડો દાતાર; ત્રણ ગુણ જેથી થયા, ચાર વેદ જે એશ. ખટ શાસ્ત્ર જેણે રચ્યાં, આદ્ય નિરંજન શેશ.કરતા હરતા ભરતા ભલા, પાલણ પોષણ પ્રીત. નીગમ નતી નેતી કહે, સમાજમાં સત્ય રીત. સ્વરગ મૃત્યુ પાતાળમાં, જડ ચઇતનમાં વાસ, કીડી કુંજર દેવ દાનવી; પુરણ તેજ પ્રકાશ, સમા સપત સાગરે, સપત દ્વાપ નવખંડ; ચઉદ લોક ચિંતામણી, ભરપુર ત્રણે તાન.

છપ્પા—જોજન નવ ગ્રહ લાખ,આઠ એથી ઇંદ્રાસન; ગાંધ્રવ ગુણ નીધ ઘેર;જોડ તેની કીનર જન, ચતુર મુખ જોજન લક્ષ; ચાર ચો ગુણ બ્રહ્મસદન ભાસે સીતેર જોજન સત્ય લોક,વિશકોટી વૈકુંઠ વાશે છનુ કરોડ જોજન ત્યાં છત્રપતી,રાન કઇલાશ રૂપા તણો; શામળ કહે શી ગતી શહીત જશ મહીમા ગુણનીધ ઘણો,

ચોપાઈ—કરૂણા નીધ રાજે કઇલાશ, વિશ્વકરમા આવ્યો તે પાસ;રૂપ રૂપ દેવતાઈ અંશ, પુરૂષ પ્રાક્રમી વીરંચીવંશ. પુજા કરવા શીવજી તણિ, લાવ્યો ભોજ શામગ્રી

વણી: તરબીબ તમશા તોફાતોલ, એ સીંહાસન અધીક અમોલ ,લીલમણી જડયા લક્ષ કરોડ. જુગમાં જેની નહી કોઈ જોડ, પામ્યા હરખ ધર્મનો ધણી, દીઠી શોભા તેમાં ઘણી. ફરી ફરી સીંહાસન જોય, મહા રૂદ્ર ઘણું મનમો હોય; રમવા હસવાના એ ઠામ, મોટી કંદ્રપ કરવાંમ કામ: સભા ભરી શોભે તે દીસ, ત્યાં બેઠા છે આપે ઇશ. દોહરા—મહાલક્ષ્મી માહા સરસ્વતી,માહાકાળી નીજ નામ:માહા માયા મહા શકિત શુભ, વ્યાપીક ઠામોઠામ. ક્ષુધા ત્રશા નિદ્રા શુપન, જાગ્રત જગમગ જોત; તેજ પુંજતાં તરનીભતર, ઉંદકાર ઉદ્દોત, શક્તિએ સરજ્યા ત્રણ ગુણ સરજ્યો તે સંસાર, પંચમાભુત પેહેલી પ્રગટી. નોધારાઆધાર. શક્તિ વીના સુનુ સઉં. અવમંત્રમાં એહ,કાયર સુત પુન્યવંત જન.દેવ દાનવને મેહ:પંડીત પંડીત અતી ઘણા તે તું નજરે દાખ: સીદ્ધરીદ્ધ સંતાર્બીયા, ભાગ્યા ભલી ભાખ:બ્રહ્મા વીષ્નુ રૂદ્ર સઉ ચંદ્ર ઈંદ્ર સત સુખ: રાવણ રૂપ આગસ્ત રીખપત કામની કેરી કુખ;એવી શાસ્ત્ર એથી ઉછર્યાં,વગાવ્યા મરાવ્યા એણીએ રાખ્યા ઉદરમાં કાં પેગંબર પીર,નવ નાથ ચોરાશી સીધ,નરઈંદ્રપુરીને પાસ:દશ અવતારી દાખિયે. વનિતાનો વીશ્વાસ કોશલ્યાએ રામજી દેવકી ઉદરે રામ ભળીયા બીજા એથી કવણ,કામની કરતાં કામ;મુરખ જન મમતા કરે, અજાણ્ય શું જાણે એહ;શરજનારતો શક્તિ છે,દઇવત અનીંદેહ; ઉમીયા માતા જગતની શીવ શ્રષ્ટીના તાત: પુરાણ પોકારી કહે. વેદ વખાણે વાત.

ચોપાઇ—રાજેશ્વરી રસોઇ કારણે, બુધનીધાન બેઠા બારણે; શાક પાક સામગ્રી સીધ,વશે વાસ જેને ઘેર વરી,ખટરસસ્વાદ આણી મન અદકો ઉછાહ.શીવજી કેરી જુવે વાટ,ટાઢી થાય રસોઇ માટ.તેડયાં મોકલ્યાં છે દશવીશ,ઉતાવળા પધારે ઇશ. જે જાય તે જોવા રહે.કૃપાનીધને કો નવ કહે. સાથે શેવક દાસી કે દાસ, કોઇ નહી પાર્વતી પાસ, થયાં આકળાં આપો આપ. તન માંહે પ્રગટયો છે તાપ,કોઈ નવ દીઠું તાંહાં બારણે,બાંધી કનક પોળી કારણે;કનક લુઓ તાંહાં ધરી, કામની એક કન્યા ત્યાં કરી;પેહેરાવ્યા સોળે શણગાર, વીશંભરીને શાની વાર;એકે નેતરે ફરૂકો અડે. કોટી બ્રહ્માંડ ભોગને ઘેટ, તેહનાં કરમાં આપી નાલ; દેખાડ શીવને માહરો માલ, શીવજીને તું તેડી આવ,લલચાવી લોભાવી લાવ: શીવ સમીપે તે તો ગઈ, ગાનતાન રીઝવવા રહી. રાજ્ય રાજેશ્વર તે ઘડી, સુંદરી સીંહાસનમાં જડી; વીશ્વકરમાએ લીધા હાથમાં,શોભી સીંહાશન સાથમાં.બીજી ત્રીજી ચોથી ચાર, મોકલી માહાદેવી તે ઠાર, પાંચમી છઠી સાતમી, આઠ નવ બહુ ગુણ બાર, ધર્મવતી છે ધારણ બીસ,નરખે તેમ તેમ હરખે ઇશ સહુકરમા વાજા વાજંત, શીરછત્ર ચમર છાજંત, બુદ્ધવંતી છે બત્રિશ, અંતર માહે રીઝ્યા ઇશ, નાટારંગ તે થયો;તે આસન અવનીમાં ગયું, ઉમીએ કહયું તું તેમ થયું; પછી તું પ્રગટયો ભોજ ભડભુજ, રૂડા સત વાદી તે રૂપ, કોઈ જન્મના પુન્ય પ્રતાપ, પામ્યો સીંહાસન આપોઆપ, સીંહાસનમો

ભાગ્યો સંદેહ, અમરત ધનના માણ્યા મેહ.

દોહરા—ભોજ કહે સુણ ભામનિ,પુછુ પ્રશ્ન પવીત્ર; વાત કહો વીસ્તારથી ચારૂ વીક્રમ ચરીત્ર. કવણ રૂપ એ ભરથરી, કવણ શણવી શરેણ; માત તાત એનાં કવણ, કહો વાત એ વરણ, વીકરમ સણવી સુણો, તરતીબ ભાઇએ ત્રણ; અને કયાં અવતર્યો, કથા સંભળાવો કરણ.

ચોપાઇ—ભામની કહેછે સાંભળ ભોજ, માગણનેતું દેછે મોજ;વીક્રમ મહીમા સાંભળવા અડયો,કુંદનમાં જેમ હીરો જડયો. દોહા એક સમે ઇંદ્રલોકમાં બેઠા સુરપતી રાય; તેત્રીશ કરોડ સભા સહુ, ઓછવ અહકો થાય, સહસ્ત્ર અઠાશી તાંહાંરૂષિ ચોસઠ જોગણી જાણ,બ્રહ્મા વીષ્ણુ રૂદ્ર છે, પંચ કરે પ્રમાણ, નરત્ય એક અપછરા, ઓપમા અપ્રમપાર; નાટારંગ કીધ, સકળ લોકનું સાર, તત્વ તાંહાં ત્રીલોકનું,અધીકા અમરતે દીન,હરખનો સાગર ઉલટયો,મધવા રીઝયો મન ધન ધન એનો અપછરા, મન ધન એનો નાચ;ધન ધન એનું નામ છે, ધન ધન એનો તાત; અમરત સરીખા જેના બોલ છે,એમાં ઝાઝી જુગત;એમાં ઘણા ગુણ ધર્યા, ભગવાનને ભક્ત; પ્રસન તે ઉપર, દુખ દરીદ્ર નેટ; ઇંદ્રે મન વીંચારીયું કરૂ શીવને ભેટ. ચઉંદ કોટી ચીંતામણી હેત પુજ્યો હાથ; કઇલાશ આવ્યો કરજોડી; સુંદર અપછરા સાથ;એક ચરણ ઉભો રહ્યો, જપતપ ધ્યાન ધરીયું; પુજા પાટયને પધતી. માહારૂદ્ર બહુ માન હરીએ હેત ધરયું છે ઘણું, સુરને આપ્યો એક હાર, અપછરા મહીત પાછો વળ્યો આવ્યો ઇંદ્રાશન દ્વાર, ઇંદ્ર આવ્યો ઇંદ્રાસને, વીત્યા દસ બારેક દન; જોયો નાચ નારી તણો, મધવા રીઝયું મન; વીચાર કર્યો વેપુવીએ. મુજ જોગ નહી એ કાજ, એ શોભે કઇલાશમાં, બહુ ગુણ શીવને બાર. રાજ રાજેશ્વર શીવ છે, શીવ દાતા સમરથ, ભોગી ભવમાં એહ છે, બીજા ભોગ અનરથ. અપછરાને ઇંદ્રે કહયું કામની જાઓ કઇલાશ શોભા સાથે લાવીયો,પરીબ્રહ્મ કેરે પાસ, રાજેશ્વરને રીઝવો જેટલી તુજમાં જાગ, સફળ જનમ તાહરો થશે, પ્રીતે પ્રણમ્યો પાગ. અહરનીશ રટજે આનંદમાં, રીઝાવો ઉમીયા પતી ઇશ. ઇંદ્રે એમ વરતા કહી,તેને ચડાવી શીશ અહીં હવે નવ આવશો, રહેજો,શીવને શરણ,રીઝવા ઉમીયા ઇશને કામની સાંભળો કરણ, નાચ તાહરો નિરખીઓ, માન્યું માહારૂ મન, ભેઠ શીવને મોકલું કઇલાશ શીખર ભોવન એ શીવના પ્રતાપથી, ઇંદ્ર થયો હું આપ, સઘળી સમરથ માહરે, એ શીવનો પ્રતાપ,ઉતપતી સ્થીતી એ થકી, એહજ જોગીંદર ઇશ, કરતાહરતા કીરતાર એ નારી કરે. તન મ. .ન સહુકોનાં હરે. મોહ પામા સઉકો મનમાંહ.ચીત્ર લેખા રહિતે તાંહ, ભુખ તરસ સહુ ભુલી ગયા. જે જયાં તે ત્યાં બેસી રહયા.

દોહરા—ચીતમાં તો ચીંતા થઇ. શીવ ના આવ્યા શા માટ.કાંઇક કઉતક ઉપ-

ન્યું. ઘણા બડયા મેં ઘાટ. રશોઇ કરતાં નીસર્યાં શાક પાકને અન ચીંતાતુર થઇ ચાલીયાં મહા રૂદ્ર ઉપર મન. સીઘ્ર પધારયાં સુંદરી. સભા સમીપે જાય. નરત્ય કરે છે નારીયો. કઇલાશ તણો છે રાય. મોહ પામ્યા મહાદેવજી, વાજાવાગે સાથ; કોઇયે માન દીધુ નહી,નવ બોલ્યા શકની સાથ. એક ઘડી ઉભા રહ્યા, ચઢી ઘણેરી રીશ: પગની જ્વાળા પ્રગટ થઇ, જઇ ભેદી તે શીશ.માન ભંગ થયા માનીને,મનમાં પ્રગટયો તાપ; સભા સહુકો દેખતા, શકતીએ દીધો શ્રાપ;ચઇતરરૂપ તમેચીંતની. જે જડ રૂપીયાં થાઓ: બોલો નહી ચાલો નહી નવ ગુણ અવગુણ ગાઓ. રૂડુ ભુડું દેખો નહી. નહી પાણી નહી અન;લાકડવંત થાઓ તમો, અહોરાત્ર અનુદન; ઝાંખાં પડીયાં સર્વકો,સજન સહોદર સાથ; શીવ આદ્ય સભા સહુ હેતે જોડયા હાથ, ક્ષમાવંતી ક્ષમા કરો એહ અમારો વાંક. સહુ શ્રષ્ટી છે તાહરી,તુજ આગળસહુરાંક પાલણ પોષણ પંડરક્ષણ સુધાવારીન ભ્રષ્ટ હવડાંનો શઉ ઉજડ થશો, શામવાતછે જેમ, કષ્ટવતકાયા થઈ રહયા છે તેમનાં તેમ આગળ કળીયુગ આવશે, ખોટો થાશે ખેલ, અવતરશે સુત ઈંદ્રનો તારો મસરો મેલ, માધવા સુત થાશે માનવિ,તેનાગુણ ગાઓ; એક ઘડી ચઇતન થશો, પછે સ્વર્ગમાં જાઓ. અવતરશે એક અંશપત, ખરી વાતનો ખોજ ધારા નગ્ર તણો ધણી, ભારે કરમનો ભોજ; એકઘડીતેઆગળે, વાચા થાશે વેહ, કઇલાશ આવજો કામની ભરાંત નહી તે ભેદ.

ચોપાઇ—જડ રૂપ બત્રીશ થયાં,પાર્વતિ પછી મંદીર ગયાં;એમકરતાં ગયા દીન ઘણાં, કૃત્ય કહું શીંહાસન તણાં, એક સમે મહાદેવ મંદીર ઓળગ કરવા આવ્યો ઈંદ્ર; પુરણ મન થયું પ્રસન. દેવ તણુ કીધુ દરશન. ખટ મહિના સુધી કરી શેવ, મનસા સીદ્ધ રીઝા મહાદેવ. કરૂણા નિધીએ કષ્ટ કાપીયું, ઈંદ્રને આસન આપીયું, પ્રસન થયો છે ઉમીયા ઇશ, લાવ્યો ઈંદ્ર ચઢાવી શીશ. કંઇક દીવસ તે ઉપર ઠર્યો, મહા મન મંદ ભરયો, ખાય પીએ ને ખુબી કરે; આસન દેખી મનડુ ઠરે,ઘણેદીવસે ધારંધર ધિર. વસુધા પર થયો વીક્રમવીર સકળ લક્ષણો જોતી માંહ, પંચડંડ જીત્યા છે ત્યાંહ; અતુલ્ય તેજ પ્રાકરમ છે ઘણું, લે ઇંદ્રાસન ઈંદ્રજ તણું,ઇદ્રજાણી પોતાનો પુત્ર,શોભાવ્યું તેને ઘરસુત્ર;શોભાયો સુરનાયક સાથ,ઈંદ્રાસનઆપ્યું તેહાથ. વીકરમાજીત ઘેર આસન ઠરયું, પંચડંડ શીર છત્રજ ધરયું; જીવતાં સુધી કીધી જોશ, રહયું આશાન પોતાને રોશ. અયુષ ખુટે સ્વરગે ગયો, આસનતો અલોપજ થયું, તે જુગતેજુગદિશ.નત્વ ગુણ ત્રણ દેવનું સકળ દેવનું સાર; સકળબીજ શરૂષી તણું, પ્રીછે નહીકો પાર. પ્રણામ કરી ગઈ પ્રેમદા, શીરોમણજે સુત્ર; વનીતાને મળ્યો છે વાટમાં, પ્રતાપ ઈંદ્રનો પુત્ર; કયાંહાં જાઓછો કામની,વીસ્તારીકહોવાત; એમ કહીને હેતથી. હશીને ઝાલ્યો હાથ: વચન થયું તમ તાતનું, ચરણે નામ્યુ

શીરા જાઊહું ગીરી કઇલાશમાં, જ્યાં ઉમીયાપત ઇશ, સાચે હવે શેવા કરૂં, શકળ થાય અવતાર; જુગાત મુગાત ભવજળ તરણ, દેયણ એ દાતાર. કહે કુંવર સુણ કામની. પ્રીતે આવ અમ પાસ; રિનુને રાખુ અમો શીદ જાય છે કઇલાશ, સદાશીવ તુજને શું કરે; તાહરૂં રૂડું રૂપ; એતો ભોગી ભાંગનો; ભોળો ભારે ભુપ એતો દાતાને ડોસલો. તુજ જવાની જોર. મુજ પાસે શોભો તમો, એહ સાચો અંકાર; કહિ પ્રકાર બહુ કામની, પ્રીછો નહી તે પેર. જાતિતી કઇલાશમાં, તેડી ગયો તે ઘેર, નીત નીત નઉતમ કરો, નરૂત્ય હુંશ ગણેરી હોય, જાણે હોતે એકલો, અન્યન જાણે કોય, રાખી રાયે જોખમાં, ઈંદ્ર પુત્રે ને એહ; શીવ ઈંદ્ર જાણે નહી, તનમાં લક્ષણ તેહ. એમ કરતાં તે દીન ગયા, માણો મનથી માસ; ગયો ઈંદ્રપુરી, કઇલાશમાં પરીબ્રહ્મ કેરે પાસ, માંન દિધાં મહારૂદ્રે, ભલે પધારો ભુપ; આવ્યો આનંદ ઉપન્યો, રૂડું દિધુ રૂપ, પાંચ પ્રદક્ષણા એણે કરી; પ્રણમ્યા શીવને પાય; પછે સ્તુતી કીધી ઘણી. રીઝવ્યો ભોળો રાય, ધર્યું ધ્યાન એક ચીતથી, તેના દીઠા દેવ; ચરણુજ વંદન કરી, સહુસ્ર પ્રકારે શેવ. વીનય કરયો વાસવ ઘણો, હેતે જોડયા હાથ; માહારી મેં મોકલી હતી, અપછરા શેવા કાજ; તે હવડાં ક્યાં નરત્ય કરે. સાચું કહો માહારાજ, અહીં નાર કોઈ આવિ નથી. મહાદેવ કહે છે મરમ. જાણ થકી જુઠુ વદો, એ નહી તમારો ધરમ શાબાશ શાબાશરે સુરપતિ; બોલો જુઠા બોલ; છેતરો મુજને છળ કરી, નહી તમારો તોલ. મઘવાનો ઝાંખો પડયો; વીપ્રીત સુણી તે વ્રત; અનુચર એકને મોકલ્યો, તેડી અપછરા તરત, કેહરે પાપની તું ક્યાં રહી. રાખી કોણે પાસ; મુજને તેં જુઠો કરયો નાવી કેમ કઇલાશ, વનીતા વાણી ઓચરી, પાય નમાવ્યું શીશ માહારાજ માહારો વાંક નથી. રખે કરો તુજ રીશ. વાસવ તમ સુત વાટમાં, સહેજે મળીઓ સાથ, ના ના કહેતાં તેહને. હેતે ઝાલ્યો હાથ; કાલાવાલા કોટીધા, મેં કીધાં લક્ષ કરોડ જાવાતો દિધી નહી, એવો માન મરોડ; કહે શીવજી તને શું કરે, ત્યાંહાં માહારૂ કેટલુ જોર; સાચું બોલે જ ઘટે, તે કર્યો આપ અંકાર; તેડયો સુત કોપે કરી. શીવ શનીદે આણુ તેં કેમ આપી અપછરા, કીધી બુદ્ધ અજાણ; લોપી લાજ તેં માહારિ, ઘણું થયો ગુમાર. પડ પાપી પૃથ્વી પરે; ભોગવ ગરધવ અવતાર; નીચ વસ્તુ ભક્ષણ કરે, તોલ ઘણેરા તરણ. કુંભાર ઘેર માટી વહો, ચોપગ ચાલો ચરણ; ગરધવથી ગુણ હીણ નહી ગરધવથી નહી મુઢ, તે અવતાર તે ભોગવે, પાપ કરે જે ધુડ; સુત તે શીવને જઇ નમ્યો. મોટા છો માહારાજ કરો ઓશીંગલ તાતને, સાંભળું તવ સાથ. માહારાજ કરો ઓશીંગલ તાતને. સાંભળું તમ સાથ. માહારાજ મને તો શ્રાપીઓ, કરી ગરધવની દેહ; તેનો કરો છુટકો, વાત આગળ કહો તેહ; મંદ મતી થઇ ચુકીયો તમો દયાળ આપ; કહો ઈંદ્ર કરૂણા કરો શાંત પમાડ શ્રાપ. છપ્પો–પુત્ર કરે જે પાપ પીતાજી પુન્યજ જાણે; પુત્ર કરે જે દુખ, પીતાજી માહા સુખ માણે. પુત્ર કરે જેપો

ર, પીતા તે લાભ તહાં જે પુત્ર બોલે જે જુઠ, પીતાજી સાચ કહે જે. પુત્ર અવગુણ અસંખ્યા, પીતાને મન લાડ છે; આપ આશીશ દીજીએ, પ્રભુજી તમ પ્રતાપ છે.

એવાં વચન કહ્યાં અનેક વારસ પુત્ર જાણી વીવેક.

દોહરા—દયા આવી મહાદેવને, સાંભળ સુરપતી રાય; બાળ વચન એ પુત્રનું, સુણને પ્રસન થાય. છપ્પા—જેને જવાની જેર, સુન્યની પેર ન બીહે. જેને જવાની જેર; ઈશ્વરને નવ તે ઈચ્છે; જેને જવાની જેર; રૂડી નવ રાખે રીતી; જેને જવાની જેર પર પ્રેમદા પર પ્રીતિ; જેર જેને જવાની તણું, અંધા તે આડે આંક છે શામળ કહે ચતુર, નર તો એમાં ગરીબના શો વાંક છે.

દોહરા—શ્રાપ મીથ્યા થાએ નહી આપુ એક વરદાન; અવતાર ભોગવ ગરધવ તણો મહારૂદ્ર તણા તુજ માન: પણ તું તો પ્રથ્વી વીખે કળજુગમાં કુંભાર ઘેર; ગરભ ધરશે તાંહાં ગરધવિ, સુરણુ અચરત પેર; થોડાક દીન દુખ વેઠશો, પાછા આવજો સ્વર્ગ; પૃથ્વી ઉપર સુખ સઉ થશે, વેદ વીખાણે વર્ગ; મધવાસમો મહીમા થશે, કુંવર સાંભળ કરાન હાદ્રાણીથી અનનવી; તરૂણી વરશો ત્રણ ત્રણ પુત્ર તુજ આવશે, નવખંડ થાશે નામ; રાજ મહાવીશ રામનું. કરશો રૂડાં કામ; નીશા સમે થસો દેવતા દહાડે ગરધવ હોય, ભોગવજો સુખ લીલાઘણાં; મરમ ન જાણે કોય પ્રણમી પુત્ર પાએ નમ્યો પડીયો પ્રથ્વી ઉપર, સ્થભતીર્થમાં અવતરયો, કુંભારીને ઘેર; ગરધવ તે ગુણ ગુણનીધી, આગલા જન્મનું જાણ; દહંવત છે તેને દેવનું, વદે વચનથી વેણ.

ચોપાઈ—ગુલાલલાલજી તેનું નામ; રેહતો સ્થંભતિર્થ ગુણ ગામ; બીજા ગરધવ ઘરમાં ઘણા, મોહોટા નાહાનાં બચ્ચાં ઘણાં. એક દીવસ થઇ છે મધરાત સુતાં માનવી જેજાત; એક ગરધવ બાંધ્યો છે તાંહ, સુતો છે હોજે ઘરમાંહ અલ્યા હોજા તું સુતો જાગ, તાહરે મન ગમે તે માગ; તાહારા રાયને ઘેર જઇ રહે, હું કાહાવું તે વાતજ કહે કહીયે રાજા સુણજો તમો: શુભ કહેવા આવ્યા છું અમો માહારા ગરધવ પાસે આવ બેઠ શામગ્રી સારિ લાવ, પેટ તણી પુત્રી પર લાવ, કેવી રૂડી તે વરણાવ ગરધવ કહે જે નવ કહે તું, તો તુજને દુઃખ દઇશ હું નહીતર તુજને કરશું નાહાલ. કહેશો નહી તો થાશે હાલ, એમ કહી તે છાનો રહ્યો, હોજો ઉઠી બેઠો થયો; અકપક ન્યાળીને જોય, મનુશ ઘરમાં દિઠુ નહિ કોય; અચરત વાત મન માંહે ધરી, તેતો સુતો પાછો ફરી. મને ભણકારો વાગ્યો એહ, કે સમણુ લાગ્યુ મુજ દેહ; એમ કહી સુતો જ્યાહરે, ફરી ગરધવ બોલ્યો તાહરે. અલ્યા વાત મેં કહી કે જેથી, શુ મુજને ઓળખતો નથી: તારા રાયને કહેતુ જાણ; નહીતર તું તો ખોઇશ પ્રાણ. કુંભાર ઉઠયો અચરત જોય, ગરધવ થયો તવ બોલે કોય. થયો પ્રભાત વીચારી પેર, ગયો પ્રધાન તેણે તે ઘેર; મહારાજ તમારી વાચા બહુ, અચરત એક તમ આગળ કહુ પ્રધાનને આપ્યો નીજ જેર, તારે બોલો હોજે બોલ

મ્હારે ઘેર એક ગરધવ જાત. તે બોલ્યો મુજથી અધરાત. ડાહ્યું માણસ બોલે જેમ તેથી મીઠુ બોલે તેમ; સગા સહોદર કેસી રિત, તે મુજ સાથે જોડે પ્રીત: કેહ ચેતાવ જઇ તાહરો ભુપ, એને ઘેર કન્યા છે અનુપ; હેત કરી મુજને પરણાવ, પાયેલાગવા સામો આવ. નહી પરણાવે આગે ઠામ, બાળી મુકીશ આખું ગામ; હાથી ઘોડા પ્રધાનજ પુત્ર; દેહવટ કરશું ઘરસુત્ર; જો હું ન કરૂ તમને જાણ; ખોઉં નીસચે માહરા પ્રાણ; પ્રધાન ડાહે વાતજ સુણી, મન પોતાને સાચી ગણી: પ્રધાન કહે નહી મારે તુને, તમ ઘેર તેડી જાઓ મુને; તેની ચરચા હું તો જોઉં. માહારા મનનો સંદેહ ખોઉં; એમ કરતાં પડી છે રાત. ગયો પ્રધાન સાંભળવા વાત અરધિ રાત ગઈ જ્યા હરે, ગરધવ વચન બોલ્યો તાહરે માહારૂ નવ પાળ્યું વચન કાં ચેતવ્યો નહિ રાજન તું તો વાંક કાહાડીશ માહરો, દેશ લુંટાવીશ હું તાહરો; એ વાત તુને મન ભાવીગો પ્રધાનને તેડી લાવીયો: જો પ્રધાનજ ડાહયો હશે કામ શાહુકોનું થશે: કદી અહંકાર મનમાં આણશે. એનું કરયુ તો એ જાણશે; એવું વચન ગરધવે ભણ્યું પ્રધાનને તેનો સઉ સુણ્યું; ફરી બોલો બે ચારેક વાર, તાહરે વાત થઇ નીરધાર એમ કરતાં અરૂણોદય થયો. પ્રધાન રાજસભામાં ગયો, કરી વાત મન બુદ્ધ ધરી; રાજા સમજાવ્યો. હેતે કરી. અથઇતી માંડીને કહી, અરસપરસ જેટલી જે થઇ: રાય પ્રધાન મન બુદ્ધિધરે, માટે પરીક્ષા ગરધવની હુ જોઉં. માહારા મનનો સંદેહ ખોઉં. તે બેજણ જોવાને ગયા. છાના કુંભારને ઘર રહયા પછે ગરધવ બોલ્યો તેવાર રાજા પ્રધાન આવ્યા આ ઠાર. નિશ ચરચાએ આવ્યા તમો, તે સરવે જાણું છું અમો પર ણાવો પુત્રી પેટજ તણી, જોડો પ્રીત મુજ સાથે ઘણી; તે વાતે નહી આણો લાજ મુજ ને દો ગમે તે કાજ; કોઇ થકી નવ થાએ કામ, તેહ કરૂં હું આણે ઠામ.

છપ્પો—જળ સ્થાનક થળ થાય થળ થાનક જળ ભરીએ, તરણુનો કરૂ મેરૂ મેરૂનો તરણુ કરીયે, નવના પાણી માભ, ચોખુંટ હું ચડાવું, વેળુ કેરા વાટ, જે કહો તે વડાવું, કહો તો દેશ નવા કરાવું, પરણાવો પદમણી મને, નીકર ગામ દેહવટ કરૂ, પ્રથમ ચેતાવું છું તુંને.

ચોપાઇ—જે કહે તે આગળથી કરૂ, વળતી તાહારી કન્યા વરૂ, તાહારા મનનો સંદેહ ભાગ, મુજ પાસે ગમે તે માગ મનઉનમત નર રાખીશ કસી, બોલો ઉતાવળા હેતે હશી. દોહારા—અચરત પામ્યા બેજણા, વાતઅશંભવ એહ, ન હોય ગરધવ ગુણ ગણો, કોઇક દેવની દેહ, આપણ એવું માગીએ, જેથી નવ અપાય, એને મન જે હુંશ છે, તે મનમાંજ સમાય, માહારા ગઢને પાછલે, તુ કર ત્રાંબા કોટ, શીશા રૂપ કો તણાં, એહ દરવાજે ઓટ, એટલું જો તમથી થશે, તો સુખ કહેજો હાય, કન્યા પરણાવુ પ્રીતથી, રીઝી બોલ્યો રાય, વાચા હું ચુકુ નહી, જે બોલું છુ વાણ, કન્યા હોય જો પરણવી, ચીત ચતુરાઇ આણ, કરે કોટ ત્રાંબા તણો, તો એ કન્યા પરણું, નીકર જાઓ પાછા ફરી, નકી સાંભળજો કરણ.

ચોપાઇ–કહે ગરધવ સાંભળરેરાય, કહું તે એક કરો ઉપાય, જેટલો ઘઢ કરવો હોય સાજ, વિંટાવી સુતર આપો આજ. જગ્યા રાખજો દરવાજા તણિ, ત્યાં થાય શોભા ગુણ ગણી, એટલી શોભા થાશે કાલ, પરભદાડે મુજ કન્યા આલ. ન કરીશ માહારી સાથે વાત, હવે નહિ બોલુ તુજ સાથ, સાંભળી સરવ ગરધવનિ પેર, રાય પ્રધાન આવ્યા બે ઘેર, ધારાવાડી દીધિ હુધ, ઘડી પછી વિચારી બુદ્ધ. દરવાજાના રાખ્યા ઠામ. વીંટયુ સુતર વસે જ્યાં ગામ, કો કહે સાચુ કો કહે ફોક, નીશા શમે સુતા શહુ લોક, જે કોઇ બાહાર નીકળશે આજ પ્રાણ પોતાનો કરશે તાજ તેડયો વીશકરમા તે ઠામ, ત્રાંબા ઘઢ ચોવણું ગામ, વીશકર્માને શાની વાર, શોભા વિધ અપરંપાર, રચના કીધી નઉતમ નવિ, કહી ન શકે કોઈ મોટો કવિ અધીક શોભા ઇંદરાસન, શ્રી અમરતના ધન.

દોહરા–કારસી કરત્રીસ શોભા હવિ,ઉંદકાર અતી આટ,રૂપા કેરા કાંગ્રા,તાંબા કેરો કોટ, પ્રજા ઉઠી પ્રભાતમાં, શોભા શુભ સુજાણ, વર્ત્યુ તેજ તે નગરમાં, જાણે ઉગ્યો ભાણ. રાજા કહે દાતાર છે, બીજાનુ નહી કામ, કન્યા નવ પરણાવીયે.બાળે બાધુ ગામ, દટંતર દેહવટ કરે. લુટાવે ભંડારઃઇંદરથી કહેઠે અવનવો. અપરંપાર અપાર. માત તાત મુશાળ પખે, ત્રણેનું એક લક્ષ એક રાયની દીકરી, ચંદ્રમુખી ચીતચહાય, બીજી એક પ્રધાનની, શીવ પુજનને જાય. સુરજમુખી નઉતમ નીધી, તીજી ભાટની પુત્રી; પંચ મુખી તે પદમની સહીયર ત્રણે પૂત્રી. દેવી દેહરે નીત જતાં, બાલમાં ત્રણે બોલ ત્રણે એક વરને વરે. તનમનથી તે તોલ. ચંદ્રમુખીના ચ-હલો, પરણાવે પ્રીતે રાય; બીજી બે પોતે વરે. ગુણશહુ તેના ગાય. ગરધવ આવ્યો પરણવા,જોવા મળીયુ ગામ, વચન રાય ચુકયો નહિ. શોભા ડાંમો ઠામ. બીજી બે રહી બાળકા. ચુકયાં નહી તે ચીત;ગરધવને ત્રણે વર્યાં. પુરણ આણી પ્રીત; કોઇ નીંદાસ્થુતિ કરે,કોઇ રૂડુ ભુંડું ભાખ. ત્રણ રાણીને એક વર, શાસ્ત્રજ પુરે શાખ. કો કહે એન પુજીએ, કો કહે કરીએ શેવ; અંણે નટ રૂડો રચ્યો મોહોટો એ મહાદેવ. દુ-રાચારી લોક લક્ષણા, કરે બહુ ભુંડી વાત; ગરધવને દીધિ દીકરી, એ મોટો ઉતપાત બીજી બે કન્યા તણાં, બોલ્યા માતને બાપ; એકની તો પરઠણ હતિ, પુરણ એનાં પાપ બાપને કહે બે કન્યકા, કરયું અમો શુભકામઃ પરીયાં તરશે પાંસસે, નવખંડ થાશે તુજ નામ.

ચોપાઇ–શું પરણીને કીધું કામ,ત્રંબાવટી કરયું ઘડ નામ; આપ્યોઉતારો રેહેવા વાસ. વિવિધ પ્રકારે વીલાશ પ્રભાતે તો ગરધવ થાય, નગ્ર બધામાં ચરવા જાય કો નીંદે કો વદે વાણ. કોમારે કોકરે વખાણ, ઘડી એક રાતે આવે ઘેર; ખોળઉતારી મુકે પેર. સુભટ સુભાગી તે નર થાય સ્ત્રીઓને આનંદ ન માય. ચાતુરિ સંભળાવે

કરણુ, સુરસુત ભોગવે તરૂણી ત્રણ; ત્રણુના શોભિતા શણગાર,વાધ્યુ રૂપ તે અપરં-મપાર,આકાર જેવા હોય ઇંદ્ર,સોભે શરદપુનમનો ચંદ્ર.અસ્રીને સમજાવી કહી વાત નવ કરશો કોઇ આગળ વાત. કદાચ ચોથુ કોઇ જાણસે. તો ઉતપાત અનર્થ આણશે કદાચ જાણસે તમારી માત, મહારાદેહની થાસે ઘાત. ડાહયાં છો તો કહુ છું તુને,રખે છતાં કરોજી મુને,જે દહાડે કહી તમોએ વાણ,તે વેળા નહી દેહમાં પ્રાણ. મહારા દેહમાંથી જીવજ જશે,નગર બધુ ડટંતર થશે કરજોડી રહી ત્રણ કામની, કરી વાત વિતી જામની;રાત પડે ભોગવે રાજ,જાય પ્રભાતે ચરવા કાજ નીત પ્રતે એ-મજ હોય,ચોથુ મર્મ ન જાણે કોય;તેતો ગરધવ તણા ઘરમાંય,શોભા ઇંદ્રિના સરખી થાય, નારી નરખે નરપતી તણો, વધી નેહ વાધે ઘણો;લીલા લેહેરથી લીલ વીલાશ તારૂણીયો ત્રણ કર્મ પ્રકાશ. એમ કરતા ગયા બહુ દીન.કોઇ વાત ન જાણે અન્ય. નઉતમ શોભા નરખે નેટ,રહયો ગરભ ત્રણને પેટ, એક દીવસ રાણીની માત પ્રીતે કરવા આવી વાત દોહા—આવી રાણીની માવડી; પુત્રીને મળવા કાજ;દીઠી ચરચા ચતુરની, દીલમાં પ્રગટી દાઝ. રૂપ રત્ન સરીખડું.ઘણો હરખ મનમાંય; તેજ પુંજ તરૂણી તણું, સુર જેવી શોભાય; કહો બાઇઓ શા સુખ થકી,તાહારૂં વાધ્યું તેજ; તાહારૂં દુખ દેખી બળું, છે કેમ હરખને હેત,નીશંક નહી કો તમ સમી,રામા વા-ધ્યું રૂપ; ભરથાર ઘરમાં ભોગીયો. ભારે ગરધવ ભુપ, દેહ છંડુ હું માહારો;દુખેન ભાવે અન; કવોડે કુંવરી પડી,મારૂં મન ઘણું દાઝે તન;કેમ માહારે પેટે પડી,જીવી શાને કાજ, કરમ લખ્યો ગરધવ ધણી;લાગી કુળમાં લાજ.

છપ્પો—બાળ તાહારૂ રૂપ,બાળ ડાહાપણ સુખ તાહારૂ, બાળ તાહારૂ બળ, બાળ જણતર એ માહરૂ બાળ સહીયરો તમ ત્રણ.બાળ સદગુરૂની શેવા; બાળ બુદ્ધ સ-બુદ્ધ, માગ્યા વર ગરધવ જેવા. બાળ રંગને રાગણી, બાળ અકલ આવડી; કયારે કરે બે પુટીયા, માહા દુખ પામી માવડી.

દોહરા—વચન માતાનું સાંભળી,બોલી પુત્રી વાણ;શાને કાજે દુખ ધરો,મુજને છે કલ્યાણ. માહારો વર છે દેવતા, જેઓ હોય ઇંદ્ર, વરૂણ વાયુ કુબેર કરત ગ્રહ ગુણ તારા રવી ચંદર. ભલુ થજો એ તાતનું, પરણાવ્યો એ કંથ, પુરયા મનોરથ મનતણા, આનંદ અદકો ચંત માડી માહારે સુખ એ ઘણું, નિત નિત હરખું આપ, આનંદે દીન નીરગમું, તે માત તાત પરતાપ ફરી વાત પુછીશમાં.જો મન રૂડુ ચાહાઓ દુખ નવ ધરશો માહારૂં,ઘેર તમારે જાઓ. માતા કહે સુણ કામની. ચેતીશું હું ચંત, કુળ બોળ્યું તમો માહારૂં, કરયો છે બીજો કંથ. મરમ વચન સુણી માતનું, પ્રીછે પ્રેમદા પેર, માત રાખુ મંદિર વિશે ચાલે હેતથી ઘેર. સ્રીની બુધતો પાનીયે. કરી વનીતાને વાત, છાની રાખી માતને, તરત પડી ત્યાંહાં રાત.

છપ્પો—સ્ત્રીના પેટમાં વાત છેક રહે નહીં છાની, કરે ઉકવત બધુ જાણ, મનની હોય બે માની, સ્ત્રીને છાની વાત, કહે તે મુરખ માનો, સ્ત્રીને છાની વાત, કહે તે શાનો શાણો. સ્ત્રી આગળ વાત છાની કરે, તે જુગ આખે જાહેર થશે. શામળ કહે સ્ત્રીના સંગથી, અધીક ઉતપાત અનરથ થશે.

દોહરો—ખોળ ઉતારી ગરધવે, તજ્યું રૂપ કરૂપ,રઢીયાળો થયો રાજવી, ભોગી ભારે ભુપ, તે નારીએ નરખીયો, શરદ તણો જેમ ચંદ્ર, જેવો દિનકર દીપતો આનંદ કેરો કંદ. જેવા પાર જળહળે,જેવી દીપક જોત,શોહ તો દીઠો સાસુએ,ઉદેકાર ઉદ્દોત;ખાય ખાએ ખુબી કરે, પ્રીતે ચાવે પાન નરનારી ત્રણને હસુ, માણે મન મહા માન, માતે મન વીચારીયું, હાહાડે ગરધવ થાય. બાળુ ખોળીયું એહનું,તો ભવની ભાવટ જાય;ખરા અંગારા ખેરના પ્રગટાવી છે ઝાળ,તેમાં નાંખ્યું બાળીયું ખાંતે ગરધવ ખાય. અગ્નિ લાગી અંગમાં ચીતમાં ચેત્યો તરત ઉઠો ઉઠો નાસો તમો, માથે આવ્યું મરત બાળયું ગરધવ ખોળીયું, કુડુ કીધું કામ, ડટંતર થાશે પ્રથવી વિષે ત્રાંબાવટી ગુણ ગામ. ચાર ગઉ ફરતું ભણે. ગામ ડટંતર હોય પશુ પંખી કે માનવી જીવ નહી જન કોય,નીશા સમે નાસો તમો.જવાય એટલે જાઓ. કુહેરામાં કોઈ આગળે, થવાય એવાં થાઓ. આવ્યું વીમાન અંતરીક્ષથી.ગરધવ બેઠા માંહ અવતાર તા પુરો કરયો. થયો આસીંગન તાંહ.

ચોપાઈ—ઈંદ્ર પુત્ર ઈંદ્રાસન ગયો, શ્રાપ બાપનો પુરો થયો,શામા ત્રણને લાગી શીખ, મન માંહે પ્રગટી બહુ બીક. કોઈને કહેવા તે નવ રહી, વનીતા ત્રણે મારગ વહી, નાઠાં વાત સુણી તે કરણ. ગરભવંતી તરૂણીયો ત્રણ. અવરણ ઉદયની વેળા થઈ ચાર જોજન ત્રણે ગઈ, પ્રાતકાળ થયો જેટલે, ગામ ડટંતર થયું તેટલે પશુ પક્ષીકિ માનવ જાત. ઘણાક જીવ તણી થઈ ઘાત, ત્રાંબાવટી થઈ ગયું અલોપ. કીરતાર તણો જણાયો કોપ; ત્રાંબાનો કોટ રૂપાનો રાછ, કળીનયુગ માંતે કયમ રહે તાછ, અલચત ને અલોપજ થયું, નગ ઉજડ થઈ રહ્યું તે ગામે થયો ઉતપાત, ત્યાર પછી વશીયું ખંભાત, તેની પાસે એક ગામ, નગ તણું છે તેનું નામ. ગરધવની તો એ ગત થઈ, નાઠી નારીઓ ત્યાં ને ગઈ રહી અસ્તે તે બીજે દન, વનીતા ત્રણ વાડ એહવન. વરધરૂશી રહે તપ કરે રૂડ ધ્યાન ઈશ્વરનું ધરે રૂશી ચરણે નારી જઈ નમી, દીધાં માન ગુણવંતી ગમી શુભ વેશે દીસો છો સતી તમારી કયમ ભુંડીગતી બુધવંત બાળપણ વેશ, પ્રમદા કીયમ આવ્યાં પ્રદેશ કયમ એવું પડ્યું વન સાચુ બોલો આણે દન. હેતે નારીએ જોડ્યા હાથ, સાચી વાત બોલ્યા તે સાથ, મન થકી મેહેલીને ગરવ નીતી વાત માંડી કહી સરવ. ઉપજની પજ પરણ્યા તણી, કહી કથા માંડીને ઘણી, ત્રાંબુ નગર અવનીમાં ગયું પ્રમાણ જાણુતો અમને થયું, અમે નાઠાં આવ્યાં આરણે એહ તારને વરત્યાં ગાયુ. સૌ જુ

ફીકત છે મ્હારી, આવી બાંહ વળગી તાહરી અમો રૂપંતી જાતે બાળ,પગલે પગલે બેશે આળ. બેસો બાઇઓ માન્યું મેં વાત, તમો પુત્રીઓ હું તમ તાત બહુ પ્રીતથી રહો મુજ ઘેર, અરસ પરસ પ્રીતિથી પેર; નહી લોપે દેવકે દાનવી, કુરકીન નશકે માનવી;પશુ પંખી પીડા નહી કરે,સુગલ ચાર હાસ્ય નહી હરે,ખાઓપીઓર નથી અહી ખોટ, મ્હારા રૂદ્ર તણી છે ઓટ, ગણે તરૂણી ઠરી તાહા રહ્યાં,સીધનેઆ શ્રમ સુખીઆં થયાં નીત પ્રતે દહાડા એમ જાય,ઉદરે ગરભ મોટેરો થાય;માનનીને મોટીકે આશ પુરા થયા દીવસને માસ; પ્રથમ વજીરની કુંવરી જેહ, સુરજ મુખી છે તેની દેહ પુરણ પ્રગટયે,પ્રાક્રમી પુત્ર;શોભાવ્યું બધુ ઘર સુત્ર;જેમ મયંક શુદ બીજ તણો તેજે પુંજ તરણીએ ઘણો; ધન લક્ષ્મારાશી ધીર, નવગ્રહ પ્રસન નઉત્તમ નીર; ભરથરી ભુમીપત થશે, પાંચશે પરીયા તારશે જોગ ભોગ રાજસગુણ રાજ, અસત્ય અન્યાય કરશે તાજ. અતીશે આયુષ ભોગવે જોગ મારગ જુગતે જોગવે; જન્મપતરી કે રાજ રૂખી સુખ પામી તે તરણી સખી; ત્યારે પછી મહીના ચાર, પ્રસવ્યો રાજકુવારીયે કુમાર, રોહણી નક્ષત્ર પંચમીનું પ્રસ્ન, ગ્રહમાં નવમી છે કેસ્ન, સકળ ગ્રહે સરખા છે સાચ;કેંદ્ર વરતીક પુરા ગ્રહ પાંચ;,મહા દશા દીનુ દશા ગુરૂ રાજ, સીદ્ધ દશા જોગની શુભ કાજ; અમ્રત ચોઘડીયું અમ્રત લગ્ન,મહીમા જો ઇ સહુ થયાં મગન; વીકો નામ વીરધનો વીર; નામનું રાખી શકશે નીર; વાસવ જેવા એહ વિવેક;અવનીમાં થાશે અધીપતી એક;ભાટણી ભાટ નીકી છે મન,તેને પેટ પ્રગટયો શુભ તન, ઇંદુ અમ્રતથી પ્રગટયો છે જેમ,તેજ પુંજ પ્રગટયો તનતેમ હસ્ત નક્ષત્ર જન્મ જેહનું;પ્રભવ નામ પાડયું તેહનું ચાર ચૌદ બોહોતેર બુજશે; આગમ નીગમ એને સુઝશે;પાંચ પંદર પચીસ પીછશે આઠ હજાર એનો પીછશે, બે બાર બત્રીશે લહે, અગીયાર એ વિશે કહે: છય સોળ છત્રીશે છત, પશુ પક્ષી બોલી ગુણ મત, જુદી જાત જુવાં છે વરણ, દેવાધીદેવ સરખા જાણ ત્રણ. આનંદ ધન અદકેરો થાય,દીન પુઠે નો દીન વહી જાય, ઉની નાવે તેને આંચ,પુત્રી પ્રકાશી વરશે પાંચ. છપ્પો—જેને જેવો સંગ, રંગ સઉ તેવો બેસે, જેને સંગ, પ્રીતપણું તેવી પેસે. જેને જેવો સંગ, તેને એવાં ફળ ફાવે; જેને જેવો સંગ, ભક્ષ ભોજન તે ભાવે, રૂડા સંગે રૂડુ રચે, અધર્મ સંગ અવગુણ લગે, રૂડે સંગ રહી ગરજવી,ભાગ્ય શાળી વિદ્યા ભણે.

ચોપાઇ—નવ નવા ઠરાવે ઠાઠ,એમ કરતાં વરસ થયાં આઠ.એક દીન પ્રભવ રમવા ગયો, જોજન એક બેઠો તે રહયો, રાત અંધારી ભુલો પડયો વણજારાની પોઠે ચઢયો, વણજારા લેઇ ગયા વિદેશ, દીઠો સુભટ સુર સુરેશ કર્મવંતો ધર્મવંતો ધીર, ધામધ સરખો દીઠો વીર. તેના ઉપર સહુને નેહ, કાગરશી ભણાવ્યો

તેહ પશુ પક્ષી બોલે જેટલું, તત્વ તોલ જાણે તેટલું, સહુનો નાયકને સરદાર, આકરમ તેનાં અપ્રમપાર.

ચોપાઇ—તે વણઝારો સુખીયો થયો, વીજોગ વાલા કેરો રહયો, પ્રશવ્યા પુત્ર ત્રણ રાજ રતન, રાજવી તે જોડે રતન. તેજ પુંજ મહા કોટીક દામ, વીકોભર થશે પ્રભવ નામ, કરી જન્મોતરી ત્રણે તણી, થશે તરણ પ્રથવિપતી ધણી, થયાં સુખીયાં આનંદ ભેર, ઉછર્યા પુત્ર રૂખીને ઘેર. અસ્ત્ર સહસ્ત્ર ધનુર માહા ધીર, માહા જોદ્ધા દીશે બે વીર. પુરાણ શાસ્ત્ર જોતિષને વેદ; બારે સંસકૃત ભારથ ભામનીના ભોગ, એક બંધવાનો થયો વીજોગ, આપ વરસ એકાદશ થયો, મહીપતીસુત તે રમવા ગયો, ચાર પોહોર તે વનમાં રમે, આવે છે સંધ્યા સમે, પ્રગયા રમવા આવે વહાલ, આરો દુત વિધાનો ખ્યાલ. એ દીવસતે કઉતક થયું; જોબન જોરે ડાહાપણ ગયું, અંધન કર્યા પ્રગયા દસ વીસ આવ્યા ઘેર આથમતે દીશ. રૂખીને ઘેર સાધુને દીન બ્રાહ્મણ આવ્યા કરવા ભોજન, એટલે બાળક આવ્યા ત્યાં હણ્યા જીવ દીઠા કર માંહ, તે વીપ્રે દીઠા દ્રષ્ટ. કાયામાં તે પામ્યા કષ્ટ. પાપી એ જીવ દહાડી હણે, એ હત્યા મનમાં નવ ગણે. દેવતાઇ પુરૂષ મળ્યા દસ વીસ, રાખી રૂદેમાં અદકી રીસ, એને ઘેર ભોજન નવ કીજએ, મહા પાપદેવતાઇ લીજીએ, રીસાઇને ચાલ્ય સહુ રૂખી પ્રદ્ધ વીપ્ર થયો મન દુખી. આળોટેને આડા થાય, બ્રાહ્મણ એ કયમ ભુખ્યા જાય, નોતર્યા બ્રાહ્મણ ભુખ્યા જાય, તે માર્યાની હત્યા થાય, જે કહો તે અમે કીજીએ, પર-ઘેર ભોજન લીજીએ.

દોહરા—બીજા વીપ્ર બહુ બોલીયા, એ કેમ આવે કાજ; તમ ઘેર ભોજન કીજીયે જો કરો બે પુત્ર તાજ. વીકે ભરથરીરે કહયું, ભોજન કરો નીચંત; આજથીઅમો એહીં રહુ નહી, પરવરીયે છે પંથ. માગી શીખ માતાની દુઃખ નવ ધરશો લેશ; નાહાના ભાઇને ખોળવા, પંથ કરૂં પ્રદેશ. થોડેક દીવશે તમ કને, વાસુછું ગુણ ગામ પ્રભવને કરૂ પાટવી, તો વીકો મારૂ નામ. આશીશ દીધી ત્રણ જણે, ચોથો પ્રદ્ધ રૂખી રાજ; શુકન જોઇને સંચર્યા. કરવા રૂડુ કાજ, ભોજન કર્યું સહુ બ્રાહ્મણે, અતી દીધી આશીશ પ્રસન હજો બે ભ્રાતને આપ ઉમીયાપતી ઇશ, પ્રણામ કરી બે પરવરયા, અંતર નહી ઉચાટ. આરાધી શીવ અંબીકા, વારૂ દીધીવાટ, રમે જમે ભુમી ભમે, દુત મરગીયાને મેલ; જુએ ચરચા ચોદેશની, ખરા હુનાળા ખેલ, અનેક દીવસ વાટે રહા, વિરાધ વીર વરેણ હરતા ફરતા આવી ચડયા, માળવ ઉજેણ ક્ષીપ્રા ત્રઠ ખુબી ઘણી, જ્યાં ગાધરજું મશાણ, હરશીધ મહાકાળેશ્વર, સકળલોક સુજાણ; તેહ ગામનો રાજીયો કાયા દેહમાં કષ્ટ, આઠ વરસ અગ્ની બળે, વીશમ દુખની પ્રષ્ટ, બીજુ દુખ વળી વાંઝીયો, પેટ નહી કાંઇ પુત્ર. અળખામણી આખી સેહની નહી

ભોગદારી ધરસુત્ર. શીવ દેહેરે તેનો ગયો. પુજ્યો ઉમયાપતિ ઇશ; મનમાં ધરીને ધારણુ હોમું શીવને શીશ; ગેબી શબ્દ ગુણનીધ થયો, હુ તો શીવને શરણ; માંકર ઘાત તું મહિપતિ. તે સાંભળીયું કરણ. એરે શણગાર એક હસ્તીને, સ્નેહ રાખ તે સાથ. કળશ. ગંગોદક ભરી, હેતે આપો હાથ. કળશ ઢોળે જ્યાં હાથણી; તેને સાંપો રાજ, રોગ શોક ને દુખ જશે. કરો. રાજાજી કાજ, મુસ્તક વચન ચઢાવીયું. ગુણવંત આવ્યા ઘેર. હુકમ થયો તેતો કર્યો; મભાત સમે તે પેર. પડો વજડાવ્યો પુરવિખે મળ્યા રાણાને રંક ઉંચ નિચને અધિપતી, નગ્રી લોક નીશંક વણીક આદ્ય વટે. મારગુ, વળી વરણ અઢાર; મળી અસંખ્યાત મેદની, ચોવટ ચોદેશ ચાર; ઘોર નીશાન ગડગડે, ઓછવ અદકો થાય;શુભ શણગારી હસ્તની; રીઝે બેઠો રાય;ફરતી ફરતી ઢુંઢડી, કળશ ધર્યોછે શીશ.જેને શીર કળશ ઢોળશે.પ્રસન ઉમીયાઇશ ભાગ્ય શાળી ઉભો હતો; ભરથરી વીકો વીર, હેત કરીને હાથણી, ઢોળ્યું નીરમળ નીર, ભરથરી ભીનો રગથી, પુરવ જનમનું પુન્ય. કળશ ઢોળ્યો શીર હાથણિ, નવ રહી એકે તુન્ય તરત બેસારીઓ,પંચ પીરાજા પત્ર,મણી માણેક મોતી જડયાં શીર સોનાનું છત્ર, ભુપતી થયો ભરથરી,ઈંદ્ર અવતાર અમીર,આણ વરતાવી નગ્રમાં,વીકો રાજ વજીર. ભરથરીએ ભુમી ભાગવી, થયો દેવાંશી દેહ; આગળ કહેવાશે વારતા નાર સંગાથે નેહ હવડા સંક્ષેપે કહુ, વીક્રમનાં વખાણ; આગળ સદેહ ભાગશે; પંચ ક્રને પ્રમાણ બીજી વાતમાં પુતળી,કહેશે સરવ કૃત.ભરથરીએ ભોગ ભોગવ્યા,વટક સાવટ નરત; જોગ ભોગ જુગતે જાણીયા અધિકારે કહેવાણો ઈંદ્ર,થોભ્યો રાય સરૂસ્તમાં. જેમ તારામાં ચંદ્ર; સાઠ સહસ્ર સોળ વરસની, પરણ્યો પદમની પેર,એંશી સહસ્ર ધરતીતણી અલખત આણ્યા ઘેર;પદર લક્ષ પરણીયા. ઘણા ઘણા મુલાઇડાય એક છત્ર અવનીપતી પ્રતાપવંત પોહોડાય;વજીર વીક્રમ કરે ભરથરી ભોગવભોગ, એક દીવસ શું નીપજ્યું, સવળો અવળો સંજોગ સાઠ સહસ્ર રાણીમાં શીરોમણી; અનગલનામ અમુલ; સોરઠ દેશની સુદરી, ત્રોલોક રંભા સમતુલ, મોહ પામ્યો તે મહીપતી વચન કરે નહી લોપ; વેચાણ થયો વનિતાતણો,કયારે નવ કરે કોપ;અનગલ સેના આજ્ઞા તે પ્રેમદા રહે પાસ રાણી રૂડયા તે ઉપરે, મુલ ખરીદી દાસ, મદારી વશ માંકડુ, વાયુ તણે વશ તરણ; ભામનીને વશકે ભરથરી,દેહ દેખી શરણ બાંધી લીધો બળ કરા, વશીકરણ વિદ્યા વાંવેક; બીજું કાંઇ સુજે નહી, નારી સાથે નેક, નરનું લક્ષણ નારમાં, અપલક્ષણ આડે આંક;ભરથરીને તે ભોગવ્યા, વનીતાને તન વાંક,વનીતાએ મન વીચારયું, વીકો જે મહાવિર કોઇક દહાડો મહારૂ નિશ્ચય ઉતારે નિર. હું સ્રી ચરીત્ર આદરૂ, પાણી પેહેલી બાંધું પાજ; વીકાને જો વધ કરૂ, રહે લાખેણી લાજ, કાહાડયો વાંક કોપે કરી. વીકા સાથે વેર, મારી નખાવું માનની, જુવતીએ રાખ્યું ઝેર. શામદાસ ભેદે કરી,કપટ કામની કીધ; પુર થકી પ્રધાનને,

દીવ્ય દેશવટા દીધ; આવરદા જો એહનો, હરી પ્રસન્ન જો હોય; છો એને લાખ શત્રુ મળે તોએન મારી શકે કોય; ભરથરિ હેત ભુલી ગયો, ધારણ નવ રહ્યું ધીર;વનીતા કેરા વચનથી, વનમાં કાહાડયો વીર.

ચોપાઇ—વનીતા વચનથી કહાડયો વીર, ધર્મવંત ધોરંધર ધીર; વીકોવન એ નાશી ગયો;અડસઠ તીરથ કામે થયો ગુણવંતી ગોતમ ગંગ ભાગીરથનો કીધો સંગ વિશ્વનાથ તણી વારાણસીએ, કરિ જાત્રા ગઇ કાશીએ, સેતબંધુ રામેશ્વર રાજ. શીવ કાંતી દીઠેશનું કાંતી ઠામ; તીરથ જાત્રા પ્રાગે ગયો, નાહ્યા નીરમળ પ્યાગરાજ થયો. આકાર માંધાતા આવિયો ભરગુક્ષેત્ર ભરૂચ ભાવિયો, ઓરસંગમાં નાહયો કુબેર સુરપાણ મોટમપદમેર શી બહુચર પાવે કાળીકા, બોહોસાગર પુત્રી બાળકા, હીંગળાજ હરસીધ ઠામ. અંબેમાત આરાસુર ગામ; ગોપનાથ ગોમતીમાં ગયો; રણછોડ દેખી સુખી થયો; આબુ માંહે આબુદા સરસ્વતી તીર્થ જે નર્મદા; શેતરંજાગી નાર ગયો, ક્ષમે રખી ખગ્ગીશ્વંભર રહયો; દવાહરાજે. તીર લીંગ નીરખાયા; હેત પણ મનમાં હરખિયાં,અડસઠ તીરથ કાવેરી કહી નગાસે નવાણુ નદને નહીં; અષ્ટકુળ પર્વત નવકુળ નાગ, જંબુદ્વિપ ભરતખંડ ભાગ; નવ નાથ ચોરાશી સીધ નીરખીયા પોહોડા અહ પરવત નરખિયા, દેશ દેશની નરને નાર, દેશ દેશની વાણી વાત;કામણ ટુમણ મોહ મંત્ર થાઉ ઉથાપે જોગી જંત્ર; પાખંડ લાંઠ પુન્યવંતા પુર, નવ રાખ્યા દાતા કાયર સુર; જયવંતા જાણીતા જતી, સતવાદી શિરોમણ સતી. પ્રથવીની પ્રદક્ષણા કરી અંતકરણ માંહે બુદ્ધ ધરી; ભમતો આવી અડયો પોઠ વણઝારાની માંહે પડયો; આજની રાત તો વનમાં રહું,વણઝારાની વાતો લહુ; એવા કારણ રહયોતે ધ્યર, વીકોવરતણો છે વિર.

દોહરા—રાજવી ચાલ્યો ચરણથી. ચીત ચતુરભુજ ચોટ; વાટ વનમાં પડી. પોહોડી વણઝારાની પોઠ વા વાજે ગાજે ગગન નિશા અંધાર ઘોર; તેડાં જઇને ઉભા રહયા, ચીત વરતે જેમ ચોર, આગળ પાછળ પોઠીયા, વચમાં ગુણ અપાર તેમાં બેઠા જગતા, કરમાં ગ્રહી હથીયાર, સઉ મધ્યે શગુની રહ્યો જેને ઝાઝુ જ્ઞાન; એટલે વનચર બોલીયાં, લાવી પેડેલે પોહોર;કહો શગુની એ શું કહે. પુછે કોરેકોર.

ચોપાઇ—શગુની કહે વારૂ કહુ વાત; એ વનચર બોલે ઉત્પાત; ચતુર પાછવાડે છે ચોર; ઢુકી રહયો છે મહા ધમઘોર, તે જાગતએ વેગે કરી, નહીતર જશે છેતરિ; જે બોલે છે પક્ષી બોલ, તેનું સઉ જાણું છું તોલ; કાગપરીક્ષાકે ગંભર્મ ધારી ધારી જાણુ તેના ધર્મ પળે ચુકે નહી વિદ્યા વેદ. ભારે ગુણ જાણું છું ભેદ, પુરવદશાએ તસ્કર રહયો વનચર બોલીયાં મેં લહયો સજ થયા વણઝારા ત્યાંહા.વાકે વીચારીયું મનમાંહ; શગુનીને સાચું ભાખશે, જંગલીજટ મારી નાંખશે;બીજીદીશા ગઇ ઝાડ અડયો, બીજે પ્રહોરેસોરજ પડયો બોલ્યાં વનચર વનમાં ઘણા, કહો

શણુવી શા ફળ એ તણું. વણઝારાને શણુત્રી કહે, સહુ વનચર સાંભળવા રહે; નદીએ પુર છે અપરંપાર; તેમાં તણાઈ આવે એક નાર; તે પાસે ઘરેણું ઘણું ઘણું, સત શહસ નવ લાખજ તણું; તે મુસ્તક પાસે દ્રવ્ય, ભરયાં આભુષણ સોના સર્વ તે વહુ વેહેવારીયા તણી. લક્ષમી લીલા તેને ઘણિ; બહુ આવે વેગળેથી પુર, નદી વચે છે હાથ હજુર; ઝળક ઝળક ઝળકેછે હાર, હીરા અમુલ અપરંપાર; પાણી તાણીને લાવશે, એક મહુરતમાં તે આવશે; આવે છે તણાઇને તુલ. રત્ન હીરા ઝળકે અમુલ; જેમ સુરજ તે ઉગ્યો હોય,દીપક જોતો જળમાં જોય,તે તેડે લાવી જાય છે. કરક ભક્ષ કરવા ચાહ છે; કાહાડો કહાડો કહે છે તેહ, અખંડ ધારા વરસે મેહ;તે કરક ભોજન છે પરૂ. મુહુરત એક આવ્યું અરૂ; તે વીકે સાંભળ્યું કાન,વાત નીરખ્યા ર કરી મન માન; અહીયાં રહુ જે આણે દીઝ, તો વણારારા છેદે શીશ, જોઉં તમાસો મરતગ તણો. લેઉં માલ લાખેણો ઘણો; બીક નથી મનમાં કો તણી; ધાયો ધીરતે સરીતા ભણી; ભુત પ્રેતના તકા થાય, નવ ગણે કો લેખા માંહ ચસકે બિંદુ-જલ વરસાત. ઘમકે ઘોર ચમકતી રાત કાયર થાય તે તરતજ મરે, સુર પુરૂષ ડાહ્યો કયમ ડરે;શરીતા તેડે ઉભો રાય નદી સમુદ્રની લેહેરે જાય. કાંઠડે ઉભો છે જેટલે સામ દ્રષ્ટે દિઠું તેટલે; વીજળી ચમકારે નીરખું, કરી પ્રેમદાનું પારખું; વાજ્યો કાછ્યો દ્રઢતા ચિર, જંપાવ્યું દ્રહમાં જ્યાં નીર; જગત અંબાનું ધરયું ધ્યાન, મનસા સીધે દીધાં બહુ માન. ભારિ વામ દાવે દસવિસ, ચતુરા ચોટઘોઝાલી શીશ, બાહુ જોરે લાવ્યો બારણે, આભુષણ કેરે કારણે; કાંઇ મુકતાફળના હાર શોભીતા શોભે શણગાર. શ્રવણે ઝાલ્યા લાખોતણી; મણી માણક જડાવે ત્રણી. માંઠે બાંધ્યા આભુષણ સાર, કરંક કાહાડી નાંખ્યું બહાર; આવ્યો પાસ વણઝારા શણવી કહો; લાખેણી બોલા જે લહો, કહે શણુવિ મેં ગેહેલું કહયું.તે જાણુ કોઇ કરમીને થયું તેણે કામ જોરાવર કર્યું; કર કનું આભુષણ હરયું; મરતગ કાહાડી નાંખ્યું બાહાર, વનચર સહુએ કીધો આખર વનચર સંતોખ્યા તે દીશ,અહકી દેછે તે આશીશ. જેણે મરતગ કાહડયું આજ નવખંડનું ભોગવજો રાજ પ્રથ્વીપતી તમો તો થજો, તાહારાં દુખ દેહવટ તે જજો જેણે અમારી ભાગી ભુની, ધને તાહારિ જમુના કુખ; મરહ મુછાળો તાહારૂ નામ, બીજા બીચારા ઠામોઠામ, સંતુષ્ટ થયું અમારૂ મન કરંક કાહાડનાર થજો રાજ; પુની રાગેવર કેરાં પત્ર છત્રપતી ધરજો શીરછત્ર પ્રસન્ન થજો ઉમીયાઇશ, વનચરનિ એછે આશીશ શણુવિ વનચર એ સાચુ ભાખ, વીકે ત્યાં બાંધી શણુ ગાંઠ. એમ વીત્યા જ્યાં પોહોરજ ચાર, બોલ્યાં વચન ઠારો ઠાર;કહો શણુવી શું બોલ્યાં એહ. સારી પેરે ભાગો સંદેહ.

દોહરા—શણુવી કહે હું સત્ય કહું, બોલ્યા વનચર જનાતે હું વાત સાચુ કહું.

નાયક શીર વીધન, માલ લુંટે કોઇ આપણો,કે દુખ પડશે ઘોર;કે કોઇ જાશે છેતરી, મારગમળશે ચોર;ગ્રહતણાં વાંકાદાહાડા,હાકીશુ કહીહોઠ;ચીરતબોલ જશેઆપણો, ખરી લગાડશે ખોડ,કેહે નાયક સઉ ઉપડો, છેઘડી ચારેક રાત,હવડા શુકન પ્રભાત. લાદું ટાડુ લખ વશા,વીકે વીચારયું મન;અમુલખ રત્ન શણવી ખરો, બીજુનહિ દો અન્ન; એને લેઉ શો વશા, પંચાણું સઉપોઠ. ઇશ્વરસંભારી ઉતારયો સુંઢયોવણઝારા સાથ; વાટ જતાં વીચારીયું ઉદ્યમ કરૂ મહા મરમ; સાચુ વચન શણવીનણું, ફળશે નીસ્ચે કરમ. ચીરી ગુણ તે ચતુર નર, તેમાં શીવી ઝાલ; બીજીમાં હાર નાંખીયો ભુલવણ કીધી ભાલ;અડધો હાર ઘાલ્યોએકમા,અડધો રાખ્યો હાય;હાય હાથ કરતો ફરે,શોભે વણઝારા સાથ ત્યાંથી એક જોજન વેગળું,ગુણસંમુખાપર ગામ;ઇંદ્ર જેવો શુભ અધિપતી, રાજ કરે તે ઠામ. રાબ કરી જઇ રાવણ,પાડી બુમ વિશેષ; ધાઓ ધાઓ ધરણીપતી, છાનો રહે નહી વેશ, મને વણઝારે લુંટીયો. લીધો માલ સમેત. ધરણી હોય તો ધાઓ તમો, નાશ તું નીશા સમેત, રોકી રાખી સરવને, પોઢયો થયો પ્રભાત. અથ ઇતિ માંડી કહી, વીકે વીગત વાત,પરવરતો હું ચોકમાં,અનગળ હતુ ધન; નાયકે સરવે નિરખીયુ, મોહુ કીધુ મન, છપ્પો—જર દેખી જશવંત ગુણને ગામ નમાવે; ધન દેખિ ધનવંત, નીચને શીશ નમાવે ;સોનું જોઇ શ્રીમંત, અસત્યનું કામ કરે છે; ગ્રંથદેખી ગુણવંત હેતથી હાથ ધરે છે;રામા રૂપવંતી, સતી નીરમળ કુળની નારીયો; શામળ કહે સત્ય છે. જર દેખી કરે જારીઓ.

ચોપાઇ—રાજા કહે વહેપારી તમો,સાચી વાત પુછુંછુ અમો;એતો માલ આપી જાઓ,નહિતર તમે દુખીયા થાઓ, નાયક કહે નવ જાણું અમો,શાને આળ ચડાવો તમો, વીકો કહે મુજને લુંટીયો, હુંતો નાશીને છુટીયો; વાત વીમાસણ ચીતમાં અડી, ઠાલી પોઠ મારગમાં પડી; વણઝારો કહે જુઠો થાઉ સરવ પોઠ આપીને જાઉ ભારે વણજ લાખોનો કરૂ. ચોરી વાત કેમ ચીતમાં ધરૂ, વિકો કહે જુઠો પડુ, શીવ સાનીધે શુળીએ ચડુ રૂડા દેશપતી રીધ રાય; દીજ પતિજથી તોળો ન્યાય;તે વાત બંધન કરી; લખ્યાં લખાવ્યાં ધીરજ ધરી વણઝારો કહે એ સમ ખાય, અમથીતો તે નહી મનાય; સાચા વણ રાચુ નહી ઠરે; જુઠો થાએ તો એ મરે. ખોલોગુણએમ વિકો કહે.મહારો માલ એ પાસે લેહે; ગુણ દસવિસ જોઇ જેટલે.હાથ ઝાલ્યોઆવી તેટલે. વિકો કહે એ વસ્ત મારી, ચોરી સાબુત થઇ તાહરી જોતાં માલ નીકળ્યો નહિ, જે બીજા માલ થકી નીકળી એતો મારી વસ્ત; લેઉ પોઠ તે વસ્ત. સમસ્ત નીકળ્યો એકજહાર; નીશ્ચે વાત થઇ નીરધાર. વણઝારો કહેએ માહરાં,મુજ પાસે ક્યાંથી તાહરાં એની જોડ જો લાવો તમો, તો સાચો તું જુઠા અમો, બીજુ નેપુર બીજીઝાલ,અડધોહાર આપ્યો તતકાળ; વિકાનેતો સાચો કહયો,તેવણઝારો જુઠો થયો.

દોહરા—જીતવંગ વીકો થયો, હઇડે વધ્યુ હેત; વણઝારો હાડે હરીયો, પોઠ ગુણ સમેત કહે વીકા છે તુજકને શણુવી જેનું નામ;દ્રષ્ટ પાડો માહરી, તો થાય તારૂં કામ.

આવ્યો શણુવી ઓળખ્યો,હરખ બેહુને થાય; પરપરપરે મન હદખીયાં,આનંદ અંગ ન માય. ચોપઇ–કરૂણ્ દ્રષ્ટ વિકો કહે. લક્ષ વણઝારો તે વહે; પછી પોડઆપુછુંને એ શણુવીજો આપો મને. ઉલટ વણઝારાને થયો;આટલા દિવસ કયાં શંણુવી રહ્યો પાયે પડયો વણઝારો નમી, વાત મહારે મન ગમી;લાખેણો શણુવી જે લીધ પોડ ગુણ સઉ પાછી દીધ; રાજા કહે ચોર માગુ હું; કયમ શણુવી લેઇ જાઇયતું નેપુર ઝાલ આભુશણ હતુ, રાજા આગળ કીધુ છતું ચોથ માંહે તે આપ્યો માલ, ગામ માંહે તે ગયો ભુપાળ; પછી વણઝારે લીધો પંથ, ચતુર પુરૂષ ચેતાવ્યા ચંત, એક એક વિતી કહી હસ્યા, માળવ ભણી ધરમવંતા ધસ્યા ભેટયા બેઉ ભીડીને ભ્રાત, સરસબાર વીતી કહી વાત, ભરથરી રાજ કરે છે ભુપ અલખત પામ્યો અધીકઅનુપ અસ્ત્રીઓ પરણ્યો હજાર; અનગલ સેન્યા સહુ સરદાર. એક દીવસ હું મેડે ચડયો થોડોક વાંક અમારો પડયો. મુજને દેશવટો દાધ, તેણે કામ થયું શીધ, તું તો મુજને મારગ મળ્યો, શોક સંતાપ તે રણનો ટળ્યો. મળી વાત ભાઇ આવીયા ઉજેણી નગરી આવંયા. નીરમળ ગંગા જેવાં નીર; ત્રીવેણી જેવાં ક્ષાપ્રા તીર. શુભ શુકન થયાછે ત્યાંહે,બોલ્યો શણુવી માહી સુખ માંહે. પુરવદશા વાયુવાયછે, વનચરના શુકન થાય છે. ભાવતાં પામીશું ભોગ, વાહાલા તણો છે કાંઈ વિજોગ સુખસાગર જેવું સુખ; વીજોગ વાહાલનો એ દુઃખ રખે ભરથરી હોયે પડયા. કહેકે દાશી દુશ્મન નડયા ઇષ્ટદેવની કીરપા ઘણી, દશે દિશા કહેવાશે ધણી આણ ભરતખંડ જંબુદ્વીપ. આવ્યા ઉજેણિ સમીપ ઇકોતેર પરીયા તારશો, મોટા દુષ્ટોને મારશો. વિકો કહે સાંભળરે વિર, હુ રાજાનો તું વજીર. લો કોલ આપુછું અમો, હું પુરપતી પ્રધાનજ તમો, રાજપાટ ચલાવજો તમો;મનમુખ મન ધિરજ ધરૂ સંકટો સરવ લોકન, હરૂ- ભરથરીની સુસાતા પડે,ત્યાર પછી મુજને સુજ પડે. પ્રમારથના છત્રજ એહ, ગાજે જેમ અશાડો મેહ; વિચાર કરીએ મોહોટા મરમ, ઇશ્વર સહુનો રાખે ધરમ.મોટું ગાંધરવનું મહા મશાણ, રાક્ષસી ભુતાવળનું રાન, મહાકાળેશ્વર છે મહાવીર, નિરમળ વેહે ક્ષીપ્રાનાં નીર, આકાશ દેખ્યો ભાવે ભંમ; બાવન વિર રાજશ ગુણ ગઇ. અષ્ટભઇરવ જાગિતા જતી, નવ કોટી શક્ત શક્ત સતી નવ નાથ ચોરાશી વીર, ગાંધરવ કોટી પંચાયણ ધીર. વનચર ખેચરને ઠગ ઠેઠ. કહેતાં સીધવડ ઉપર હેઠ છપન કરોડ ચામુંડા ચાહ હરસીત માજે રાશ્વર રાય બાવનવીર આદે વઇતાળ;વીકટ છે વિખનિ ઝાલ, સઉની સાયક હરસીત માત રાજેશ્વર રાય, બાવનવીર આદે વઇતાળ;વીકટ છે વીખની ઝાલ, સઉની સાહક હરસીધ માત, જેની વાત વિશ્વ વીશે વિખ્યાત સરજે પાળો ભાંજે ઘડે, સધુને સાયક નરતાં નડે, નોધારાની વહારે ચડે. ઘાટ દવેશી દુશમનના ધડે, નવખંડ જેની નામના. પુરે શેવકની મનકામના. વેદ પુરાણ શાસ્ત્ર જે કહી, જળ થળ માંહે વ્યાપી રહી, આદ

કરતા સહુ એથી થયા, વિજોગે શરવે લહ્યા,પંચામરત તત્વ છેજેહ,અધીક જનની કુપજ એહ. સારણુ પાલણુ પોષણ નામ. કરતા શ્રેષ્ટ તનું કામ; પુરૂષ પ્રકૃતિ કાહાવે એક. અનેક એક તે એકનિ અનેક; ત્રીગુણરૂપ તેનાં છે રૂપ, તેનાં છે રૂપ, ભેદ ન જાણે બ્રહ્માભુપ;વેદ શાસ્ત્ર સ્રષ્ટી તે શકત. પાંચ પદારથ મુકતી મુકત,ઝાંઝુમાન વશે છે જ્યાંહ,તે બે વીર પધારયો તાંહ,નીરમળ છાયા નિરમળ નિર,ભોજનકાજ નોત રયા બે વીર; મશાણુ સુઆ પ્રસતને કરે, એકરે તે નીરયે મરે. ગયા ભટારક ગામજ માંહ,હરા રહયો વીકો ભાઇ ત્યાંહ પુરણ નવગ્રહ છે પ્રસન,મહા ભયાનક છે તે વન; માનવી જાને રહે નહીકોય, જીવતો પાછો ફરે નકોય,જેનો આવરદાપુરો થાય તે નર તે ઠેકાણે જાય,હરસીધ રૂપ પોતાનું ધરી,ત્યાં આવ્યાં ત્રપુરા સુંદરી,ઉજવળ વરણ અલોકીક અંગ,શેવક સાથ નથી કોઇ સંગ;આભુષણ અંગ અપાર.આપે રૂપ તણો અવતાર ચરણાં ચોળી સુધા મુખ,કરમાં ગ્રહયું કમળનું ફુલ; રંભારૂપછે જોબનરૂપ છે જોબન વેશ. શીશ સુરંગી છુટા કેશ;રમઝમ કરતાં લીલવીલાસ, પધારયાં પોતે વકાનિ પાસ, માનવિ માહારા મોહોલા માંહ કેમ આવ્યો તું એકલો આંહ; જો આવ્યો તો ભલે તું આવ, મહારૂ દાણ માગુ તે લાવ. એવાં વચન સાંભળીયાં કરણ ચતુર નર લાગ્યો જઈ ચરણ;માતા જે માગો છો તમો,તે દાણ સઘળું આપુ અમો; હું નહી મેહેલુ મારૂં પત,સાચુ માનજો સાચી શકત; હરસીધ કહે હવડાં તો જમો; ઘડી બેચારેક કંગે રમો; કોલજ સાત પરીયાનો કીધ, હરખ ધરી ચાલ્યો હરસીધ. પછે વચન માહારૂ થાપજો, ઘટે દાણ તે તો આપજો, ગયાં પ્રેમદા પોતે ઘેર,પછે શી થઇ તેની પેર, જગત અંબા ગયાં જેટલે, તરત પરભવ આવ્યો તેટલે કરી રસોઇ જુગતે જમ્યા; ઘડી બે ચારેક રંગે રમ્યા વીર ગયો વાસાણુ આપવા, આવ્યાં હરસીધ કષ્ટ કાપવા; અલ્યા પંથી મુજ પાસે આજ, પરઠ્યું છે તે લેખે લાવ, વીકો કહે જે દાણ, માગો માતા ચતુરસુજાણ, હરસીધ કહે સાચુ કહો ધીર,કેટલું તે વાવરીયુ નીર; પાણિ પીધું કહે નહિ કોઇ, પાણી સાટે આપો લોહી તેં વાવરયું જળ જેટલું તાહારૂ રૂધીર મારૂં તેટલું આપો તો તો આશીશ દેઉ, ના આપે તો જીવજ લેઉ. ઉઠો ઉઠો સાવધાનજ થાઓ, પાણી પ્રમાણે રૂધીર પાઓ; ત્રપ્ત કરે જો મને માહારૂ, તો ધરમ ધીરજ થાએ તાહરૂ; પુરણ પેટ ભરે નહી પાપ, તેનો તુજને દેઉ શ્રાપ;કહ્યાચક્રરોધ જેહદદેયરૂભાળી ભસ્મએકક્ષણમાં કરૂ હરખ્યો વિરકાહાડી છુરી આપે જીભ્યા ઉપર ધરી. સોંસ્યું રૂધીર મળે નહી ટાંક. વિકાનો તો પડીયા વાંક, અપ પીડી માંહિ કાપવા, હરસીધને રૂધીર આપવા. લાવ લાવ ભુખ્યા છું અમો, શીદ વચન દિધું છે તમો;રૂધીર તણું બીંદુ નહી એક, થયો આકળો વીરવશેક.પછે હાથની કાપી બાંહ; રૂધીર રેખ ન આવ્યું તહાં;રૂધીર આપ કે કહે મુખ નાય, વાણુને વેવા વહિ જાય, વીક્રમસેન ભુજ જે ધરી, આપ કાળજે ઘાલી છરી;કહાડી

કાળજે ધિરજ ધર, રૂધીર ટીપુ નવ નિસરયું.પછે મનમાં આણી રીશ છેદવા માંડયું પોતે શીશ. લેજો મા ભરાની ભોગ; વચન ઓડીશાલ ટાળજા રોગ શુભ વચન બો-લ્યો તે સાથ માંમાં કર્હોલે ઝાલ્યો હાથ. માગ માગ હું પ્રસન થઇ, તારા મનની ચીંતા મહ;લેશ નવ રાખીશ તારા દે. મન ગમે તે વાણુ વદે, અમર દ્રષ્ટે વરસ્યો મેહ દેવીયે કીધો; દેવાંઈંદેહ. હરસીધે હાથ ફેરવ્યો શીશ; પ્રસન થયા ઉમીયા ઇશ માતાજી મન દેરું તુને, હેત કરી આહો મુને તું પ્રથવીપતી રાજા થજે. તાહારા ગા-જ્યો સહુકો જજે; કરજે પુન્ય પરમાથ કામ. નવખંડે તહારૂ નીજ નામ; ડોકી ક-હલ્પે નાર.જ થશે તુજથી દુખ લોકનાં જશે. ધીરવીર તું સાહસીક હોય, તુજ સાથે જીતે નહી કોય,ભીડ પડે સંભારે મુને, રક્ષણ કરૂ તે વેળા તુને. મ્હારો તાહારે શીર છે હાથ; અહરનીશ તાહરે હું સાથ; વીક્રમને આપ્યું વરદાન, આધ શક્ત થયા અંતર ધ્યાન.

છપ્પો જે શેવે શીવશક્ત, જગ વશ તેને હોયે; જે શેવે શીવશક્ત, ગાંજી શંક નહી કોયે. જે શેવે શીવ શકત, અષ્ટમાં સીધ નવનીધ પામે; જે શેવે શીવ શક્ત, વેદના સઘળી વામે,. સાચે દલ શેવે શકતને; અડળામણ તેને નહી કશી;શામળભટ કહે જુમ જીતીયો વીરવભરી જેને મન વસી.

દોહરા–એટલે શણવા આવીયો, તેહ નવ જાણે વાત; શમણાની પેરે થયુ, મ-હીમા દીઠો માત. ખાન પાન તરતિબ તર. સમરો ઇષ્ટ શીવ શામ; શુકન બાંધીને સંચરયાં, ગુણ ઉજેણી ગામ, મહાકાળેશ્વર માહા પ્રભુ, આજ્ઞા તેની લીધ; પ્રસન પ્રસન પ્રસન છું, દીવ્ય વરદાન જુગદીધ, ગયા ગામમાં ગુણનીધી, ભુમીમાં નહી ભાર ઉદવસ્ત સરખું ગામડું, વીક્રમે કર્યો વીચાર, નુર નથી એ નગ્રમાં, રઇયત-માં નહી રૂપ. લીલા લહેર જોહએ ઘણી, જ્યાં ભરથરી સરખો ભુપ. સકે ભરથરી જુમી પડયો, શકે લુટાણા લોક; શકે પાપી પેદા થયો, શાહેરમાં દીશે શોક, સત શાહ-સ્ત્ર વીશે નશા, વીધન થયું છે વસ્ત; કહે કુણ નરપતિ પડયો,મહીપતી પામ્યો મર ત, તેણે કાહાડી મુકીયો, કે ચુકયો ચીત બ્રહ્મ, વીમાસણ વીકે કરી, ધારણ નહી એ ધરમ દેશ.વટો મુજને દીધો કહાડી મુકયો બાર;માન વીના મહીપતી રહુ એતો ન-હી વેહેવાર. વનીતા એ ઘણો વશ કરયો. રાયે કીધી રીસ; માર રાખો રખે, છેદાવે મુજ શીશ.

દોહરા–ધરે નેહ જે નાર, મહી પત જાણે મીત્ર. તેને મુરખ જાણજે, રાગને જા-ણે પવીત્ર. છાનો રહે એ ગામમાં, ચરચા જોઇ હું ચત; જો રહુ તો અહીં રહુ, નહીતર જાશુ પંથ, ચોપાઇ–પોને વીચારી મનમાં પેર, ગયા પ્રજાપતિને ઘેર, વાસો રહેવા દો એક રાત, પંથ જાશુ પહોડે પ્રભાત;કરી ઠામ તે વાશો રહયા, સુવા કારણ સુખીયા થયા; પ્રજાપત શું કીધી પ્રીત, ગામ બધાની પુછી રિત; કુણ રાયને કુણ

પ્રધાન, રઈયતને કેવાં દે માન;પાન ફુલ્લમાં પ્રાક્રમ પુર; દીસંતો દેવાંસી સુર રાણા રાવ સરિખા દીસંત, દેખી મન હરખી હસંત.

દોહરા—જેને ઘેર વાસો રહયા; તેને દુખ અપાર, રૂદન કરે હઈડું હણે; કલ્પાંત કરે કુંભાર; અતિ દુખ પામે આકળાં, જાણી નવ શકે કોય; વીક્રમ બેઠો વાસમાં;તે તો દ્રષ્ટે જોય. હાથ જોડીને પુછયું, માતા તુજને શું દુખ, સંકટ ભાગે તાહરૂં શીવ જી કરશે સુખ. મારે ઘેર તો એક છે, લાડકવાયો પુત્ર, તેને તેડું રાયનું ભાગે છે ઘર સુત. દુખ મોહોટું જે દેશમાં દુષ્ટ છે વીર વઇતાળ રે રોજ મારે માણસ એક, કતાંત સરીખો કાળ,એ દુખછે ગામમાં દૈત્ય માણસને ખાય; કર કરી આવ્યો તેહને વારાફરતી જાય; આજ વારો મુજ પુત્રનો; તેની સુને દાઝ; કાલ રાતે એને હણે આપો દહાડો રાજ,વિકો કહે છે વાત સુણ, કોણ નરપતિનું નામ;કુણ પ્રધાન કુણ પાટવી, ઉદવસ્ત થયું સઉ ગામ, સુકયાં વાડી વનસ્પતી, લક્ષણા .કયાં ગયા લોક; કેમ દેશ દેહવટ થયો, સહુને પડીઓ શોક. નબળો કુળ છે નરપતિ;પાપી કુશ પ્રધાન શાહાવત નથી કે શેઠીયો, નથી દયા કે દાન, કોનું રા / કોનું ચલણ, કુણ મઈ કુણ સુર. રંજાડે રઇયત રાંકને, નરપતીમાં નહિ નુર, શુભક્ષ દુર ભક્ષ દેહમાં, દહાડી દુખ છે ઘોર ગડ હરામી દંડ દે કે ચરીયા કે ચોર, વનીતા કહે વીર સુણ, કહુ પુર કેરી પેર; દુખ સાંભળી દુખીયા થશો, આવ્યા દુખીયાને ઘેર; ભરથરી ભુપ ભુમી તણો નવખંડ નરપતી નામ જેવો દસરથનો દીકરો, રાજ્યરે શ્રીરામ. સુખ સાગર રઇયત સુખી. અધિપતી જેવો ઇંદ્ર;ભરથરી શોભ્યો ભુપમાં તારા મંડળમા ચંદ્ર; પુરપતી પરણ્યો પરેમદા,અદકી તેમાં એક; હેત ઘણું તે ચતુરાતણું નરપતી સાથે નેક નીચ નમેરી નાર તે; એકલહિણુ તે અંક, કોણ જાણે શો પડયો, વજીર તણે શાર વાંક. વજીરનું નામ વીકો હતો, ઉતરયું રાયનું હેજ, તેને વનમાં કહાડી ઓ, તે સાથે ગયું તેજ, વનીતા વચન વિવેકથી; ભરથરી જીત્યો લોગ, રાખચોળી વનમાં ગયો, જશવંતે લીધો જોગ, હસ્તી ઘોડા માલ ધન; નીગમુ ચકવેરાજ, તપ કરવા તીરથ ગયો. સાધન કરવા કાજ. ઘેર પ્રધાન એક વરડીઓ. રાજ ચલાવે રીત; નેક વાંકી નથી તહનો; પ્રજા ઉપર પ્રીત, બળવંતરાય બાહેર ગયો, ચતુરચતુર સુજાણ; રાક્ષસ એક પેદા થયો પ્રજાના લેવા પ્રાણ; આવે અચાનક. એકલો, અંતરીક્ષ ઉડી જાય; સો બસે દશાવીળને, ખાંતે દુષ્ટ ને ખાય. ઉચનીચ નરનારને કાં રાય કાં રાક; ભુંડે ભક્ષ કયા ઘણાં,વાળ્યો આડો આંક. કોઇ પ્રદેશ પરવાર્યા કોઇ નાઠા નરનાર; શાણા થયા સહુ નીકડા, મનમાં કરયો વિચાર સ્નેહ દઇત્ય સાથે કરયો; વસવા દે એ ગામ નીત્ય માણસ એક આપશું,ઠરી રહો એક ઠામ; નારી નહિ બાળક નહિ, નહિ વરધ વિવેક,વારૂ જરૂર જવાનને. નીત્યે માણસ એક પ્રાતઃકાળે પરવરે રીધ ભોગવે રાજ; રાક્ષશ આવે રાતમાં, તન કરે છે તાજ, કાલે માહરો

મોહોટો જાશે પુત્ર; એથી દુખ બીજું કીયું ભાગે છે ઘરસુત્ર. પંથી કહે સુણ પરે-મહા, ખાંતે સમ હું ખાઉં; માટે તારા પુત્રને, જરૂરપણે હું જાઉં;દુખ.તારૂં તું તાજ કર. કાળજડુ થીર રાખ; એ વાતે ઇશ્વર આણુ છે, સુરજ ચંદ્ર બે સાખ કાહાડુ બાવઠ ગામની ચીતમાં એ હું ચહું. મારૂં પાપી દુષ્ટને એને જીવતો સાઉ.પ્રજાપતને પ્રિછવ્યો પુરણકીધિ પ્રીત, મંદીરમાં મોકલે યરા ચીત ધરશો નહી ચીંત કરો. પુરોપર ણવા જેટલો હરખ ઘણેરો હોય વીકો વાટ જુવે તીહાં. તેડવા ન આવ્યું કોય;એટલે તેડું આવીયું, તેડે છે પ્રધાન, વીક્રમ સાથે ચાલીઓ, ચાવીને મુખ પાન. પરણવા કારણ પરવરે જેમ દિપે છે વદન, હસનો રમતો સંચરયો બીક નહી કાંઇ મન; ગયો રાજવી રાજમાં. ઉઠી સરવ સભાય;સીંહાસને સોનાતણું ત્યાં બેઠો જઇ રાય; અચરત પામ્યા સરવકો, દીઠો; દેવાશી દેહ; કોઇ પુરશ એ કારમો, માણસ અમરત મેહ; આજ દીવસ રાજા તમો, કોહો મન ગમતિ વાત; રાત સુધી રહીએ અમો; પોહોડુ દુખ પ્રતાપ, દુખ કહાડુ બધા દેશનું, મારૂ શતરૂ ઠામ; ઝાલુ પાપી જીવનો તો શીર શેવક નામ ચોપઈ–કહે વિકો રાજાશું અમો, કહુ તે કબુલ કરોને તમો; મધ તેના ભરાવો માટ. મુકાવિ દો વાટેવાટ. બાળ બાકળા વડાંને ખીર સાકર સરબત કેરાં નીર, દ્રાક્ષ ચારોળી મેવા પકવાન, ખાંડ ગોળ ઢગલે ઢગ ધાન, ઘેબર પેંડા સુખડી સર, અતી કીધો તેને અંબાર; કસ્તુરી કેરા કદમ કરયા ભંડાર બધા મેવાના ભરયા કસ્તુરી કેરા બેહક બરાસ, લીલા લહેર વારૂ વીલાસ; દર વાજેથી દિપક ઓળ, એક ઉઘાડી રાખી પોળ; બાંધ્યા ચંદરવા ચોપાસ, વી-વીધ શોભા કીધી વાસ; ચંદન કેશેર છાંટયાં છાંટણાં. કનકાયમ માંડયાં માંડણા, વેરયા પુષ્પપારી જાતક ઘણાં. કુમકુમરોળ કીધાં તેતણાં, મોતિયે પુરાવ્યા ચોક અજવાળાં ગુખ મેડી ગોખ. ઇંદ્રાસન સરખુ છે નામ, એમ શણગારયું બધુ ગા-મ; એક સંવતસર સુધી ખાય; ભરી મીઠાઇ તે મારગ માંય, કઢયાં દુધ સાકરી-યાં કરી, મુકયાં મારગમાં તે ભરી; પંચ સુધાના પાકાં તેલ, રાયે કીધિ રંગની રેલ. પાન ફોફળ બીડી બરાસ, લવીંગ એલચીને સુખવાસ; સુખડી શીખંડ દહિના મઠા. સાકર સરબત રૂડા રઠા. આવે પોળ દરવાજા બહાર, કીધો એર જોજન વીસ્તાર ત્યાંહાં સુધી શોભા મહા મચી ચંદન કુમકુમ દુવડે રચી. મહીપત મીઠાઇ બાંહેર બાંધીયાં, શહસ્ત્ર અજા શોભીત સાંધિયાં. વાકલક્ષી બારકળશીતણા ભક્ષ ભોજન માંહે નહી મણા. ધિરવીર પોતે વડ થયો, ઝાલી ખડગ અગોચરરહયો. રાત મધ પુરો એક પહોર, ગયા લોક ને ઠોરેઠોર. એટલે આવ્યો વીરવઇતાળ, રાજા મહીશનો ઠરતો કાળ. પીધુ મદીરા ખાધો ખીજ, રૂદયામાં આણિ બહુરીજ. જેમ જેમ પગલાં ભરતો જાય, અમરત મેવા ખાતો જાય; ચાવે પાનને ચોળે તેલ, કરે કલોલ રાજી થઇ ખેલ;બળબાકળા આહારજકરે, તેમ તેમ હઇડુ એનું ઠરે, આ

જના રાજા તુજને ધન, ત્રીત કરયુ તે મહા મન, સાકર રસ સોપારી ખાય, રંગ મોહોલમાં આપે જાય, દોહરા—હસતો રમતો ત્યાંહાં ગયો, જ્યાં રાજા દરબાર;માણુસ કોઈ દિઠો નહી. શોભા સારોકાર. આવ રાજા તું આજના, કરૂ તુજને હું નહાલ બાગ માગ વર મુજ કને વધુથી અદકો વહાલ; નિશ્ચે તુજને નહી હણુ, સત્ય વચનનો કોલ. તરતીબ જોતાં તાહારિ, બુધ વીચારી બોલ. પરીયા સાત હજારનો, બોલ કોલ ભલો ભાખ; ઘાત કરૂ જે તાહરિ શીર સુરજની સાખ.

ચોપાઈ—નરપતિ આવીયો નમ્યો, જુહાર કરયો તે મનમાં ગમ્યો; તમ પાસે જોરજ કેટલું, માગુ તમ પાશે તેટલુ- તમારૂ તે શું છે નામ, સારાં નીપજે તમથી કામ; મહારૂ નામછે વિર વઇતાળ, ક્રોધ ભરયો કૃતાંતજ કાળ. મન ચીતવ્યાં મહા કામજ કરૂ. સ્વર્ગ મ્રત્યુ પાતાળે સચરૂ, બાવનવીર તણા શીરદાર, મહારા પાક્રમ અપ્રમપાર. શકતી હરસીધનો માથે હાથ, તેથી સરવ સારશે તમ કામ; ઇંદ્રાસન બ્રહ્માસન જાઉ નાહાલ કરૂ જે પ્રસન થાઉ; કોપ કરૂ તો લઉ પ્રાણ, અદ્રષ્ટ વિદ્યા ગુણ છે જાણ; લધુલાઘવી વીધા કરૂ, પલક એકમાં પ્રથવિ ફરૂ, જુદ્ધ કરતાંમાં નવ હારીયે, જોર કરે તેને મારીયે. એવું જાણીને તું માગ, પ્રિત ધરી તું પાએ લાગ. વિક્રો કહે વચન મુજ આપ. કોઈ કષ્ટ અમારાં કાપ વચને બાંધિ લીધો વિર,સતવાદીયો તે સાહસ ધીર; વચન ભષ્ટ જે કોઇ થાય તેને માતા હરસીધ ખાય.

દોહરા—પ્રથમ તો તુજને કહુ, મન વીચારિ જોય; વરસ દિન ઘડી પળ, મુજ આયુશ કેટલુ હોય. આવરદા જે માહારો, કહો તે સાચું સત્ય; તો વીસ્વાસ આવે મને,સ્વર્ગ સુધી તુજ મન,વાયુ વેગે સંચરયો બ્રહ્માસદ જ્યાંય; કરજોડી ઉભો રહયો, મહારાજ બેઠા છે ત્યાંહ, વીક્રો નામે માનવી, હેતશુ પાડી હોડ; આયુષ તેનું કેટલું, કહોનો પોહોચે કોડ, વરસ એકસો પાંતરી, ઉપર મહીના સાત; દશ દીવસ પંદર ઘડી, જઇ કહો તેને વાત. કમળ પુજા કરશે કોડશી, શીવ શકતી પ્રસન સાર; ફરી આવરદા ભોગવે, વરસ સત અગીયાર, વદન નામ્યુ વીશ્વપતિને, મોછી સવળી પેર; એક પલકમાં આવીયા; ઘણા હેતથી ઘેર, માંડી વાત કહિતેહને વરસ માસને દન; અધીક ઓછું એમાં નથી, માનજો સાચુ મન; મહીપત કહે મેં માનીયું,દોલ ઓશીંગલ થાઓ; એક દીવસ વધારવા, પાછા ફરી ત્યાં જાઓ.આવરદા એક દીનનો, વધારી આપે મુજ;તો તે માગ્યું આપીયું, સાચુ તે જાણ્યું તુજ; વચને બાંધ્યો વીર ગયો, જ્યાં છે પુરૂષ પુરાણ; કરજોડી ઉભો રહયો, વીસ લાખ કરયાં વખાણ, મહારાજ મુજને તમે કહો, વિક્રમ જે માનવી જન; તેનુ આયુષ્ય વધારીયે, અદકો એકજ દીન, લાખ વશ મુજને કરયાં, પુરી મહારી આશ; એક દીવસ તેનો વધે, પામુ સુખ વિલાસ. ગોવિંદ કહે ઘેલો થયો, મોટા એનો મરમ;વધે ઘટે નહી કોઇથી જે લખાણું કરમ, આવ્યો વીર નીરબળ થઇ; સાંભળ રૂડા રાય.

માગ કાંઇ બીજું અવનવું; જે ઇચ્છા પુરી થાય.

ચોપાઇ—કહે વિક્રો તમે પાછા જાઓ, આપ્યું વચનઓશીંગલ થાઓ; વચન ફેરો જો થાશે લોપ, કરશે માત હરસીધી કોપ; વધે નહીતો કરજો વિવેક, ઘટાડી લાવો દહાડો એક; વિર ઓશીયાળો ઝાંખો થયો, પાછો ફરી તે સ્થાનકે ગયો, તમ પાસે મેહેનત માગીએ; તમને ઘણું પાએ લાગીએ, વધતાની પુરો નહી આશ, ઘટાડો એક દિવશ કે માસ. સાંભળી વાત બોલયો શ્રીહરી; મુરખ પુછેછે ફરી; લખ્યો જે વિધાતાએ લેખ ઘટે વધે કહી તેમાં રેખ, બીંદુ પડયું જનુની પેટ. છઠે દીવશ લખાણું ઠેઠ; સુની દુખ હાણુ વરસ જે હોય, મટાડી નવ શકે તે કોય, લક્ષ ધન કરજો અડી; અયુષ્ય ન વધે એકજ ઘડી; બ્રહ્મહત્યા નીત્ય પાપી રટે, વડી આયુશ તેનું નવ ઘટે, સારૂ કરનાર સારાં ભોગવે, ભુંડું કરનાર ભુંડુ ભોગવે લખ્યું વિધાત્રી તે સહી. ઘટયા વધ્યાની મેખજ નહીં. છપ્પો—લખ્યો ચિત્ર વિચિત્ર, ચરિત્ર ચારૂ કરૂ કર દેખો; મંત્ર જંત્ર જળતંત્ર વછ લંછન કર લેખો સંચ પ્રસન સચાન; પ્રચાન કરો પ્રદેશે; વ્યાકરણ વિધા વેદ વાણી વર દેશે, ગુફા ગરફમાં રહે કો રણ મારગ રંક; શામળ કહે રેખા કરમની, જંત્ર ભાર વધે નહી ઘટે.

દોહરા—કોટ ઉપાય કરે. પ્રપંચ બંધન લેહ, કરયું નવ થાય કો તણું; વાણી બોલે વેદ ડાહાપણ કળ વીકળ વિવેક જુગ જાણ; મુરખ જાણે જે કરૂ, પુરણ લખ્યું પ્રમાણ અન તો પાણિ વજન નેત્ર પલકારા જેહ, સ્વાસો સ્વાસ દમો દમી, સરવે લખ્યા વશ એહ. નિંદ્રાજાગ્રત સ્વપ્ન સુખ, ધરમ કરમ પરીવાર. લખ્યા વછ સહુ ભોગવે, શું કહું વારવાર. જપ તપ ને પુન્ય પ્રાક્રમી અસત્ય અન્યા જે આપ; અધર્મ અન્યા આચરે. તે તો લખ્યા પ્રતાપ.

છપ્પો—થીરરહે જો ચંદ્ર. ઇંદ્રાસન ડોલે દશ દિગપાળ, આળ સત્યવાદી બોલે ચળે અવની પુરવ મેર, ફેર શ્રીષ્ટી મંડાણી વહે ઉલટી જો ગંગ. સુતી સતિ વ્રત ખંડાણી; અનિલ મન બાંધી રહે. કોઇ કાળે વંઝા ફળે શામળ કહે રેખા કરમની તેતો ટાળી નવ ટળે.

ચોપાઇ—કરમ રેખાની હકીકત લહી, વૈતાળે વીક્રમ આગળ કહી બીજું માગ જે મુખથી મળે. લખ્યો લેખ ટાળ્યો નહીં ટળે કહે વીક્રમ તારૂં શું જોર. વચને બાંધ્યો મારો ચોર. ધરી ચોટલો ઝાલ્યો તે દીશ. કાહાડયું ખડગ છેદવાને શીશ ઘણાક લોક હણ્યા છે તમો તેનું પાપ પ્રકાશું અમો, તુજ ઉપર રૂઠયા છે ઇસ, સાંભળ તારૂ છેદુ શીશ. ઘણા દીવસનું પ્રગટયું પાપ તેતો તાહારૂં ભોગવ આપ; કાળ માણસનો તું કાહાવીયો તે દહાડો તાહારો આવીયો; તું તો મને ન મારી શકે, મુજ આવરદા ખુટયા પખે, એકશો પાંત્રિશમાં પંદર ગયાં, બાકી ભોગવાનાં રહયાં; વચન આપ્યું તેજ ગયુ, જીવનું જોખમ તાહારૂ થયું કોલ આપ્યો તેન અપાય, તેતુજથી

કેમ ઉથાપાય; સંભાળ તું હરસીધ માત, કરંછુ તાહરી દેહની વાત. કોટી ઉપાયે નહિ મુકીએ, ચોટ ચડયો તે કેમ ચુકીએ; શામ દામ કરશો બહુ ભેદ; નહી જીવતો મુકુ વેદ. વઇતાળ કહે સીધું સાંભળો, મારો ઉસ્તાદ તું મોટો મળ્યો, સીસા તું શત રૂનો શલ્લ, મલને તું તો મળ્યો પ્રતીમલ; આપ્યો કોલ દલ હેતેથી હાથ, હું વેચાણુ છું તાહરે સાથ; ઉગારે જીવ તું માહરો, ચાકર રાખ, હું તાહરો, ચીતમાં આવે તો ચાકર રાખ, સુરજ ચંદ્ર બે આપુ શાખ.

છપ્પો—ભોળો થાય શતરૂ સાથ, તે ફંદમાં રૂચે;શતરૂને જાથે શરણુ, જીવ પોતાનો ખુવે. દેખાડે દુશમનને ઠામ, ઠામ ઠેકાણું જાશે; શતરૂનો વીશ્વાસ, કરે તે ખત્તા ખાશે શતરૂને જે ગુણ કરે, દયાઆણે જેદેહમાં;શામળ કહે,દુખ પામશે,નર અજાણ્યાનેહમાં

ચોપાઇ—વીર કહે છે તું છે વીર, શોધી જોતુ આપ શરીર; મુજ સરખો માગ્ય નહી મળે, ભુપતી તાહરૂ ભાગ્યજ બળે. લાગ્યો પાય નેહશું નમી, તેનો વાત વીકાને ગમી; તામઙ્રી કાંઇ પ્રતિજ્ઞા લેઉં, ત્યારે તુને મુકી દેઉ. પાય નમીને બોલ્યો વીર; સોંપુ તુજને સર્વ શરીર, મુજ સરખો તણને નહી મળે, મહારૂ કારણકા નહીકળે; અહનીય તમ પાસે રહુ, કરૂ કામ જે મુખથી કહુ, વીક્રમ કહે શેવક શક્તિનો તુ હરસીધનો હજુરી હું; એહ માતને વચમાં આણુ, પોતાના ઉગારો પ્રાણ; માહરૂ વચન કરે નહી લોપ, કો વેળા ચડાવે કરોધ જયારે સમરૂ ત્યારે પાસ, મુજ ખરીદી લીધો દાસ હવડાં ખાર મનમાં નવ ધરે, અજીત કામ કહુ તે કરે. પરછાયાની પેરે પળે, રાત દીવસ રહે મુજ તળે કહે વૈતાળ સાંભળરે ભુપ, તું દિસે છે કારણરૂપ; હીંમત તારી ચીતમાં ચઢે, બીજો કુણ મુજ સાથે વઢે; તુજ સરખાને હું ઇચ્છતો પુન્યવંત પ્રાક્રમી પ્રિછતો. દોહરા—વીરજીત વીક્રમ હતો, પ્રાક્રમ બાધુ પુર, વાગ્યાં નગારાં જિતનાં શીર ઉગમીયો શુર મંગળ ઓછવ ઘેર; ચાલી વાત ચોપાસ;વીકે જીત્યો વીરને, પોહોચી મનની આશ. ચરણવ ઉલટયો હરખનો, ગુણ જશ ફેલ્યો ગામ; જીત્યો વીર પુન્ય પરાક્રમે, કરયુ વિકરમારક નામ;ઘેર દદામા ગડગડે, પુરણ શોભા પેર; દુધે ઉમરા ધોઇયા, તોરણ બાંધ્યા, ઘેર કુમકુમ છડા દેવરાવિયા, કોડે દીવાળી દિસ; અમરત ધન ઉજેણમાં, પ્રશન ઉમીયા ઇશ, મરણવાત સહુનેટળી એથી કેશ હરખ ઇશ્વરથી એનો અપીય કહાવોકલ્પનો વ્રક્ષ;જીત્યો કતાંતજકાળને માણુસ તણો જે કાળ એથી તે ઓછવ કીયો, વધો વીર વૈતાળ; કો પુજન કરેવી-પ્રનાં, કોઇક પુજે દેવ, વેરે પુષ્પ કો વાટમાં, કરે સતગુરૂની શેવ. કુમકુમ રોળરંગે રમે, ગાયે ગોવીંદના ગીત; કોઇક દે વધામણાં, પરબ્રહ્મ ઉપર પ્રીત કોઓછ વઅદકો કરે, ધરે આભુષણ અંગ; કો નીચ કો ઉછળે, કો કરે રાગને રંગ. વંઝ્યા પામપુત્રને નીરધન પામે ધન; તેમ સઉને ઉલટક તે મારવું પડે. તેની હત્યા માંથે ચડે; તોયે અહાર પુરો ન થાય, ચીતમાં મોહોટી ચીંતા થાય. એક દિવસ નવ ભાગે ભુખ,તેનુ

મહારા દેહમાં દુખ. તમ ઉપાશીક મુજને કરો, ભારે પેટ અમારૂ ભરોઃ કરૂ પ્રતીજ્ઞા તે લે જોઇ; તાહારૂ થુંક ને માહરૂં લોહી; વાગે તુજને ત્યાં વાંશો ધરૂ,તે વાતે નહી સંસા કરૂ. તારૂ મનમાં ગાળુ વાડ, તુજ શતરૂના ભાગુ હાડ; આપો આહાર સુખે તેડજો. ધરી ધુંસરી ખાંતે ખેડજો. ભોગ આપતાં કરશો ફોક,તે દહાડે સઉ લોકના ભોગ આપતાં ચુકી જશો, તે દહાડે દેહ દુખિયા થશો, કર ઉપર બીજો કરકરી, વચમાં આણ્યો અધીપતી ઈંદ્ર શાક્ષી રાખ્યા સુરજ ચંદ્ર, વચમાં આણ્યા શીવને શકત, દેવ શાસ્ત્રનીવાણી વત; વચમાં આણ્યા હરસીધ માવડી, સમખાધા પુજી પાવડી સુખસાગર રાજસની રીત, અરસપરસ કીધી બહુ પ્રીત; એકજોર હરસીધ હાથમાં, બીજા વીર બાંધ્યો બાથમાં મહાકાળેશ્વર પ્રસન થયા.દેવાધીએકીધી દયા. સાત મણ ખીચડીને ત્રણ મણ તેલ, થઇ સઉને રંગની રેલ;બાર મણ બાકળા ખટ ખીર, વીંકે સંતોષ્યો મહાવીર, પંદર મણ કુર દશ મણ દાળ;ઘરૂત અઢી મણ શોભીત શાક, સવામણ શોભીત સુખડી, ભાગે નીત તેની ભુખડી; મધમાંસ તજાવ્યુ તરત, જીવ હંસા મુકાવી વ્રત; કરવું પુજન નવ કરવું પાપ, તેની વેદપુરાણ છાપ. માણસનાં તે બાળત્રા પાપ, કરી પ્રતીજ્ઞા અદકી આપ પાપીને કરાવ્યું પુન્ય નીમેખ માત્ર ન રાખી નુન્ય, જીત્યો વર તે કીધું કામ વિક્રમાજીત વિકાનું નામ; ત્રીલોકનાથ તેને તરૂઠીયો, અમરતઘન વેગે ઉઠીયો.

હવો મહીપત જોવા મન, ટોળેટોળાં નરનારનાં, રાજદરબાર જાય;તલપડે તેટલી જગ્યા નહી,સુરની શોભા થાય;કાંશી ત્રાંબી નવ ફેરવી,ચોખુટે ચોવાટ, વરણઅઢાર આદે સહુ; વખાણે ચારણ ભાટ, વાજાં વાગે વીધ વીધે; મહાદલ રૂડો રંગ; કેસર કસ્તુરી કુમકુમ શોભા સુંદર સંગ, નીરખે રાજા વીરને, જય જય શબ્દ બોલાય ચંદન કેરા છાંટણાં ઓછવ મંગળ ગવાય; વીપ્ર આશ વદે ઘણી, ભલે ભલેરાભાટ. ચારણ ચાતુરી ચળવે નઉતમ શેણના ઘાટ; સ્ત્રીઓ કરે ઓવારણાં, પુજપ્રેમે પાય; ધન ધન સહુકો કરે; આનંદ અંગ ન માય;પટા બીશેક પ્રેમે કરે, શીર શોનાનું છત્ર; દેવનંદિ ડાહરા, લખીને આપ્યા પત્ર; મોતી વધાવ્યા મેહની, રત્ન અમુલખ કરોડ; કોટીક લાખ ભેટો કરે હિરા માણેકપોડતોળે નીર અરણવ તણો ગણુતા નવગણાય તે થાનક શોભા હવી, કહીયે કળી ન જાય. ગ્રંથ ખજાનો માલ ધન, લક્ષમી થઇ લક્ષ લાખ;અગણિત અલખતતાં ગમે, શાસ્ત્ર પુરે શાખ; આનંદ ફેલ્યો અતી ઘણો કીધાં સહુનાં કાજ; માળવ સુખ ઉજેણનું; વીક્રમ પામ્યો રાજ. નત્ર ભોજનભાવે કરે, સ્વપ્નામાં નહી શોક; રાત પડી રળીયાતમાં, ગેર ગયા સહુ લોક. તુરંગ તેજી વાંકડા,મદઝરતા માતંગ. ગડગડે નાદ નીશાનનાં;અધિપતી ફુલ્યો અંગ;સુખાસન શુભ મોકલી જ્યાં પોતાની માત; રૂખી સહીત સહુ તેડીયા. કહી સુખ દુખનીવાત ત્રણે માતને પુત્ર બે, ભાવંતા પામ્યા ભોગ; ખબર પામ્યા સઉકો પછી ભરથરીએ

લીધો જેમ. વિક્રમસેન મળવા જશે,જ્યાં છે ભરથરી ભ્રાત;સંદેહ આગળ ભાગશે કેહેવાશે બીજી વાત રૂડા જશ રૂખી પુરણ હરસીધ તણો પ્રતાપ રાજ પૃથ્વી તણું, ઇશ કૃપાથી આપ. પુર પ્રધાન પેહેલા હતા ધર્મ કામે કર્યા વીર. દીથક દશોદી સહુ શકી કીધો વડો વજીર; અનંગ શેન્યાને જઇ મળી; પ્રીત પ્રણમી પાય; એ પ્રતાપ સહુ તાહરો જુગતિ આપી જગ;ત્રીચાર કરી મન વિક્રમે શકિત પ્રતાપે સુખ; રાજ ચલાવુ રામનું; દુખીયાના ભાગુ દુખ ધન જોબન છે કારમાં;જેમ આવે તેમ જાય; જેના જુગમાં જશ રહ્યાં, ધન ધન તેની માય,ધન હરિશ્ચંદ્ર રાયજી, કરણ યુધીષ્ઠિર જાણ; એવાં નામ જુગમાં રહે, તો જીવતર પ્રમાણ,

ચોપાઇ—એમ વિચારયું વીક્રમ વીર; ધરમવંત ધોરંધર ધીર; રાત અરધી જયારે ગઈ; લોક સહુ સુતા સુખીયા થઇ, સુતા પાયક સુતા પ્રધાન,જાગે રૂડો વીક્રમ રાજન; આજ હરખ છે સહુને સુખ, જોઉં કોની દેહમાં છે દુખ; ચરચા જોવા ગામની તણી,ઉઠયો આપ ઉજેણી ધણી.વાળી કાયા વાટની કશી ધાયો ધરમ જોવાને ધશી; ખડગ ચોધારૂ હાથે ધરે;ગલી કુંચીઓ જોતો ફરે,નવતેરી નગરીના ઘાટ, દશે દિશાની જોઇ વાટ, પેહેલે દીવસે વાસો રહ્યા તે કુંભારને મંદિર ગયા; મા દીકરો જાગે છે નેટ, કરે રૂદનને કુટે પેટ; વીક્રમાજીત ત્યાંહાં જોવા રહયો, ત્યાંહાં તો એક તમાસો થયો; રયો પંથી આપણે ઘેર જોજો કર્મ કેરી તે પેર, સકળ ફળ્યો. તેને જુગદીશ, રાજ છત્ર ધરાવ્યું શીશ;પુત્ર કહે મા તાયરો વાંક, તેનો મુજને કીધો રાંક આહારે ઠામે એ મરવા ગયો, અધીપતી ઉજેણનો થયો; જીત્યો એ વીર વૈતાળ,અસંખ અલેખે પામ્યો માલ; જો તું મુજને જાવા દેત; લાખો માલ હું સરજે લેત, વઇતાળને પમાડત પ્રાત, અંબીખાને નાખત તરત ત્યારે ધન સહુ કહેતજ મને. પનોતી કહેતજ તને;ને સરજેની ઉઠી વાટ. મુજને જાવા ન દીધો શા માટ;જીવતર માંતો ઉઠી વેઠ. એમ કહીને કુટે પેટ. શીશ કુટેને વાઢે રોય, તેતો રાજા દ્રષ્ટે જોય; એ પંથીનું માઠુ થજો, મહારૂ ધન લીધું તે જજો. માહારૂ ધનને મહારૂ રાજ; ભોગવશે તેની મુજને દાઝ; મા દીકરે કરી મન રીસ, ભુંડી ગાળો દીધી દસવીશ શ્રાપ કરકડા બોલ્યા ઘણા, અવગુણ ગાયા અધીપત તણા. કહે પુત્ર કરજો અમ માત,નહી તો હું ત્યાં જાત, ખાવા આપત એહને; સંતોખાત દુષ્ટની દેહને,; પ્રસન માત ના ટળતા દાઝ, માલ ખજાનો પામત રાજ; ભુંડી રાંડ વણસાડસો અરથ, ગયો હાથથી ગુણ જશ ગ્રથ. માત તને મારૂને મરૂ. એ દુખ કેમ છાંડે ધરૂ,રાજા બાહાર નિસરયો;કહો ભાઇ દુખીયાશુ અમો, મારતા હોય તો મારો તમો. તાકતા હોય તો માલ વશેક, પુંજીમાં છે ધંધો એક; કામ હોય તે તો લઇ જાઓ. માટલાં વીક્રમાં સાઓ; આ અમે મરીતે છીએ આજ, તું મારે તો થાયે કાજ; કહે નરપતી મારે નહી કોય; સાચું બોલ મુજ સાચુ જોય, સાચું બોલજો વીગત વાણ; જુઠે તો

ઇશ્વરની આણ કહે કુંભાર સાંભળ તું ચાર, ઘણું દુખ છે માહારે ઘેર; પથી એક રહ્યો મારે ઘેર, પાપીની રૂડી પેર; કપટી કુડોલ પર મંડ,દુઃખ દીધું તેણે મુજ દંડ; માહરો સાટે તેતો ગયો;અધીપતી ઉજેણીનો થયો;ઘણો અલેખે પામ્યો અર્થ,માહરો ન સર્યો એકે અરથ. તે માટે તે દુશ હઇડે ધરૂ, આપઘાત કરીને મરૂ;જીવ કાહાડતાં શાનું દુખ, કહે રાજા સાંભળજો તમો, ઘેર રહયાતા તે તો અમો; સાચા શમ દીધાં એધાણ; ઓળખ્યો રાજા ચતુરસુજાણ; સમરથ પામ્યો પ્રવ રહી પુન્ય, તે સરવે ભાઇ તાહરૂ પુન્ય;તાહારા મનની ભાગુ દાઝ;આવ ભાઇ બેસારૂ રાજ. કોડવાર સાચુ કહુ કથી ઇશ્વર આણ તે જુઠું નથી; કુંભાર પ્રીતે લાગ્યો પાય, માહારાજ રાજ મુજથી કેમ થાય. ગધેડા હું ચારણ હાર, તે શું જાણે રાજ વીચાર .બેડો માટલાં મોટાં વહુ, ને હાથી ઘોડે કેમ ચડુ;રીકમ કહે સાચી કહુ વાત, રોતીતી ઘરમાં તાહરી માત. મરવા ઉપર તાહારૂ મન; સત પુછું પોતે રાજન.

દોહરો—કહે કુંભાર સાચું કહુ, નથી રાજનો અરથ; મરતો તે માટે હતો, માહારે જોઇએ અર્થ. રીઝી ખાઇએ રોટલા, દુખડુ કરીયે તાજ, ઘણું નાણું ઘેર લાવી એ; રીદ્ધસીદ્ધ પામ્યા રાજ, માટીચુંથવી નવ પડે, રહેનાતમા નાંમ;સમ દીધે સાચુ કહુ,માહારે દામનું કામ;રૂડી વાતે રીઝીયો, વીક્રમે કરયો વીચાર પ્રાતઃકાળે તેડીયો દલરડે દરબાર. સર્વ માલ સમરપીયો અગણીત કાકઈ કરોડ દુખ ફીટીને સુખ થયું. ગયા ઘેર મોડા મોડ; ધીરવીર દાતારદલ, પરદુખભંજનહાર;નથી થયો અવની વીશે. સાચ તે સંસાર ઓળખ્યો નગ્ર ઉજણમાં પહુવો એ પ્રધાન, એવા રાજ એહનું, મહીમા મોટા માન દાતારનું મન રીઝશે કુડાને મન કોપ સતવાદીને સોહામણું, લડતાણ તન લોપ. પારકાં દુખ એ ભાંગશે, ભાગંતા પામશે ભાગ; વ્યાપે શોક વ્યાપે નહીં, રખ રહે નહી રોગ. વીજોગ રહે નહી વાલા તણો, નીરમળ રહેશે મન ધીરજ ન હોય ધંધલ હવે દાતા ગણે દનદન; સર કરેસીતાપતિ, હેત હરિશું હોય ભુત પ્રેત પીડ નહી ગ્રહ ગજ નહી કોય, પુન્ય કરે પરમારથી, લક્ષ કોટીધ્વા થાય;પરીઆ ઇકોતેર સત તરે પાંચે પાતીક જાય, એવું સાંભળી આપશે અન્ન વસ્ત્ર દક્ષણાદાન; આ લોક સુખ પામશે, પરલોકે પ્રભુ માન. કહે પુતળી ભોજ સુણ કથા સાંભળો કરણ એવાં પ્રાક્રમ જો કરો, ચતુર મરજો ચરણ એમ કહીને ઉતપતાં આપે ગઈ આકાશ. એહ કથા પુરણ હવી,કેહે કવી સામળદાસ શ્રોતાવકતા સમજતા કહે કવીતા કરજોડ; શામળભટ કહે ભોજને, જયજય શ્રી રણછોડ.

वारता ११ मी कळसनी.

બાળા નામની અગીયારમી પુતળી બોલે છે તે વારતા રાજા ભોજ સાંભળે છે.

શ્રી ગણેશાયનમઃ શ્રી સારદાયનમઃ દોહરા–વાહ વાદની વરણવું પુજા ગણપત પાય; કરૂ દ્રષ્ટ અવિલોક, બુદ્ધ પ્રફુલીત થાય, શુદ્ધ બુદ્ધિ બે સ્ત્રીઓ લવાભ બે તન વેપાર કામ કરનાર છે, મોટું તેનું મન. અષ્ટ શીધ નવનિધ ધને રત્નાગીરીએ વાસ; મન વાચ્છીત ફળ દેયણો, પુરે સરવે આશ; પીતળ કે મહાદેવજી, પારવતી એની માય, મોટો એનો વિશ્વમાં સરવે પેહેલે પુજાય. નઇવેદ જેને મોદકા, સઘળી વરતમાં સાર; પ્રથમ નામતો એહનું દેવતરે દાતાર; સરવ સમરથ એને ધણી, અલખતનો નહી પાર. પ્રથમ પુજા એહની કરે; સહુકો નરને નાર; શુભ કામે લે એહનું;નીરમળ રૂડું નામ;સંકટ હરે એ સર્વના,કરે મનવાંછીત કામ, વરણવુ ત્રિક રમશેશને રાખો મારી લાજ. કરૂણા નીધી કરૂણા કરો, બટુક ભઇરવ મહારાજ. આધશક્તનું ઇશ્વરી, સનખપુરમાં વાસ બહુચરબાળા ચંદરી, તે રાખો મુજદાસ; કળયુગમાં પ્રગટ સદા, તેજ પુંજ પ્રકાશે; તે તો માતા બહુચરી, પુરે માહરી આશ; ધારા નગ્રનો રાજીયો ભોજરાજ મહા સુર, ચતુર શીરોમણી આગળો; નારાયણનું નુરશીંહાસન શુભસજ કરયું ભોજન કરાવ્યું ગામ; સુહુરત જોઇ કરી બેશણવાલીહામ પ્રણામ પ્રદક્ષણા કરી, ધરે શિંહાસન પાય; બોલી બાળા પુતળી, રેહે રેહે વેગળો રાય. સીંહાસન ઇંદ્રનું, આવ્યું ત્રિકમવિના હાય, એવાં પરાક્રમ જે કરે સ્પર્શ કરે એ સાથ. બીજો બેશી નવ શકે, ત્રિકમમવિના નહી કોય; ભોજરાજ બેશીશમાં, વિક્રમ જેવા નર હોય. :રેહે વેગળો તું રાયજી, નહી બેઠાનું કામ; પગમાં ધરીશ પ્રીતે કહુ બેઠો વિક્રમ ઠામ.

ચોપાઇ–ચેત્યો રાજા ભોજ સુજાણ. રહયો ઉભો જોડી બે પાણ વિક્રમ મહીમા સાંભળુ આજ, તોતો રહેશે મારી લાજ. પુતળી પગે લાગુછું તને, વીકરમ ચરીત્ર સંભળાવો મને, તેવો થાઉં નો પગજ ધરૂ, નહીતો એની પુજા કરૂં; બાળા કહે સાભળ નર નાથ. બેસો હેઠા જોડી હાથ; કહુ વાત તે સાંભળો અરજ જો હોય સાંભળવાની ગરજ, સનમુખ હુંકારો દીજીયે, વખાણ વિક્રમનાં કીજીયે; સભા સહુ સાંભળવા રહી બુધ વિચારી બાળાએ કહી બાળા તે છો વાતજ કરે ભોજ રાય રૂદેમાં ધરે. પેરૂ પુન્ય પ્રગટે છે ઘણું. સુણે વખાણ જે વિક્રમ તણું. માળવ મુખ ઉજેણી ગામ, વીકરમાજીત રાયનું નામ; આધ સુર નાયકનું અંશ, મરત્યુલોક માનવતો વંશ દીસે દેવતા કરી જોડ, પુરે સઉના મનના કોડ; આહા દુખીયાનાં ટાળે દુખ, પ્રજા ઘણું પામે છે સુખ; ધન ધન એહની માતા

દુખ; કંઇ ભીક્ષુકની ભાગી ભુખ, સકળ વારતા ચાલી ઘણી, ચકવો આણુરૂ એ તે તણી; ભત્રી આણુ ફરે ભરતખંડ, દેઇ ન શકે કો તેને દંડ, સુખ પામે છે સરવે લોક, કોઇને નહિ વ્યાધી કે શોક; કોઇના જીવને નહિ સંતાપ, આનંદ સઉકો મનમાં આપ; ફળે વનસ્પતી બારે માસ, વરતે પુન્ય પ્રજાને પાસ; સતવાદી સહુકોની વેહ, મનના માગ્યા વરસે મેહ; સોંઘા અનને સોંઘા ધાન, માગણ તો પામે બહુમાન; સઘળા દેશ માંહે છે સુખ, દુનિયામ નવ પામે દુખ; પશુ પક્ષીને નવ મારે માર, ઘોરી ઉપર ના ભરે ભાર; પીડા કો વિપ્રને નવ કરે, સગળે આણ ધરમનિ ફરે; મહીપત હરસીધ મન ભાવિયો, પંચદંડ જીતી લાવીયો; જેવો અવનવો હોએ ઇંદ્ર શુકલ પક્ષનો શોભે ચંદ્ર; પ્રધાન રાજ પોતાનું કરે, પોતે પરદુખ ખોતો ફરે; એક સમેપડી છે રાત, રાયે વીચારયું રૂદયા સાથ; સુતાં માનવ જાતો જાત, મહા ભયાનક દીસે રાત,; અંધકાર દીસે ઘનઘોર; કોઇનું નવ ચાલે ત્યાં જોર; ભય કોના મનમાં નવ ગણે, વાય વરૂ બોલે તે સુણે; નીશા ચરચા જોવા નીકળ્યો, પાળે પંથ આપેએકલો બીજું સાથે છે નહી કોય, ભુખ તરસ તે સરવે ખોય. ભીલ વેશ પોતાનો કરી, ચાલ્યો કરમાં આયુદ્ધ ધરી; અંગ ઘાટડી વાળી પણિ, પરવર્યો અવંતીધણી. માથા ઉપર બાંધ્યા મોળ, ફરે શેરીને પોળેપોળ; નગર થકી તે આવ્યા બાહાર ત્યાં બેઠા દિઠા જણ ચાર. તેતો જાતે છે ચોર; વીક્રમે જાણ્યો અંકોર; તે જોવાને ઉભા રહ્યા ઠેકાણું મેલી નવ ગયા, અદ્રષ્ઠ વિઘા આપે કરી, રહયો સાંભળવા ધીરજ ધરી, વાતો ચોર ઉલટમાં કરે, વિક્રમાજીતે મનમાંહે ધરે. કહો આપણ નિકળીઆ આજ, શુ આપણે કરવું કાજ; આપણે જોઇએ ઘણેરો ગરથ. ચારે જણ છઇએ સમરથઆવે ગરથતો થાએ કામ, ઝાઝા લાવીયે આપણે દામ; એક ઉપાય આપણ કીજીએ, તસ્કર વિઘાએ ધન લીજીયે. જેહમાં જેટલી વિઘા હોય, તે છાની રાખે માં કોય, પ્રકાશ કરો આ પંચજ માંય, જેથી કામ આપણુ થાય. ચારે મળીને કરયો વીચાર આપણે જોવા ભારે ભંડાર; એક નહે કેમ રહેસે લાજ, વિકટ રાજ વિક્રણગં ઓજ બીજો કેહે ચુની દેઇશું, નગ્ર માંહેથી ધન લઇશું; ત્રીજો કહે કરૂં હું કામ, લેઇના શકે કોઇ આપણું નામ; ચોથો કહે હુંતો નવ બીહું, રાખું બળ અતીશે તીહું; જેમાં જેટલી વીઘા હોય, તે છાની રાખેમાં કોય. એક કહે મારો એ હાલ, ભાળું ધરતી ઘાલ્યા માલ; રહુ વેગળો દેખાડું ઠામ, એટલું મુજથી થાંશે કામ, બીજોકહે વિઘા મુજ શેહેલ, ફાડુ વજર મોટા મેહેલ; ખાતર પાડી ઘરમાં જાઉ, એટલો ઓશીંગલ થાઉ; ત્રીજો કહે વિઘા મુજ તણી, ઘેરણ નીંદ્રા મુકુ ઘણિ. તેને નીંદ્રા મુકુ અંગ, બોલી ના શકે આપણુ સંગ; ઘર સુધાં લેઇ જઇશું જાર. તમ સામુ નવ બોલે ભાર; ચોકી રાજા કેરી જેહ; જખમારીને રહેશે તેહ; ચોથો કહે વીઘા હું કહુ, વનચર પંખી બોલી લહુ, બોલતા પહેલાં પામુ પાર, બહુ સાંભળીને વીવેક

વીચાર. વીચાર કરીને નગરમાં ગયા, નરપત તેની કેડે થયા, સજ્જને નવ દેખે કાય, અદ્રષ્ટ વીદ્યા આપે હોય. આજ તો મારે એછે કામ, પેઠ પાંચ ઉજ્જેણી ગામ, આગળ ચોરને પાછળ રાય; દડબડ ચાલ્યા જાય; ઓઢે મોવડ આંધ્યા ઘણા, નવ ઓળખ્યાં રૂપ તે તણાં; પોળે પેસતાં મંદિર ઘણા, તે તો દિસે બ્રાહ્મણ તણાં બ્રાહ્મણ ધનનિ ન કીજે સંગ, રગત પીત ગળે તે અંગ. બ્રાહ્મણ ધન ખાતરીયે ખાય;જડામુળ વંસ તેનો જાય; બ્રાહ્મણને તો અદકો લાભ. ધન માન માટે અતીક્ષોભ આખો દિવસ ભટકતો ફરે, ત્યારે પેટ પોતાનું ભરે; કેશરીયો કાકો કહેવાય. ચોરે વીચારયું હલનિ માંય, એમ કહી આઘા નીસરયા, દીઠા વણીક તે ધનના ભરયા; કેશર કરિને જોડે ગરથ. એ સારૂ વાસરે અરથ દરીયા માંહે મુકે વહાણ, કરે પારકો પોતાનો ત્રાણ. બદામ બદામ લેખુ ગણે. રંક જાત જુઠુ નવ ભણે; મુકે નીશાશો ધન જાય, તેનિ વાતે પ્રાશ્રીત થાય;હાથેથી નવ છુટે દામ. કરે મહેનત તે આઠે ગામ. પેટ ભરી ન ખાએ અન, વણિક જાત કેરૂં એ મન; એનું ધનતે કાણુજ લે છાન પુંજે ગાળો દે, એમ કહીને આઘા જાય, કોઠે નવ ગણે લાખ માંય; પ્રીતે આવ્યા પોળની પાસ, વાફ ગુણકાંના દિઠા વાસ, નાચે ગાયને જોડે ગ્રથ, એ સારૂ સરેનહી અરથ પોતાનાં દેખાડે અંગ, નાચે કુદેને કરે રંગ. અતી ચાગ્યા તે મજરો કરે, ફેર ફુંદડી ઝાઝી ફરે, કરે મચકારા આંખના જેમ, ખોસી લે પઇસા તે તેમ. એમ કહી ચાલ્યા તે વાટ. વસતા દિઠા ભારે ભાટ; માય બાપ કહી ભાટ એમ ભણે, પોળ વીખાણે શોભા શણે; અદકી તેજમાની કરે એમ કરીને પેટજ ભરે બાપો બાપો કહીને બોલે, ભાટ તણો તો છે એ તોલ. એ દ્રવ્યનો કરે છે નેહ તેની કુસ્ટ થાએ દેહ. બીજા જોયા સોની સાર,સોના ચોરે અપરમપાર,પોત પોતાનો કશળજ કરે. એણિ રીતે પેટજ ભરે. સોનીનો તો મહા વિસ્વાસ, એને બેશે નહી કો પાસ. એના વિશ્વાસમાં ભાર નવ હોય; તે તો શાણામાં નહી કોય; ચારણુવાંજોયાં છે ઘર તે માંથે એકે નહી કર. ગીત રૂપ કરે છે ઘણાં; ભણે વિદ્યામાં નહી મણા. ધન રળવાને તે ચોહવા, ઘર નહી તેનાં દોહલાં, ત્યાંથી જોયા ઘર સુતાર કાસ્ટજ વહેરે છે તે સાર; આખો હીવસ કરે છે કામ. એમ કરીને જોડે દામ, દિઠાં રાંક જન કેરાં દ્વાર, એ દ્રવ્યનો નવ પામુ પાર; વાત કરંતા ચાલ્યા શેહેર, દીઠા મહીપત કેરા મેહેલ, વીક્રમ કેરો દીઠો વાસ, આવ્યા તસ્કર તેની પાસ; નરપતીનું મોટું છે નામ સરે આપણું એથી કામ કહો એમાં હશે ક્યાં ધન, વીદ્યાવંત વીચારે મન હેકી આપો એહના માલ લીજે ચારે આણી વાહાલ; સરખા સરખી લેઇશું મોહનજન. વાણા દેઇશું; તેમાં દોશ નથી કોઇ આજ. એનું ધન લીધે શી લાજ, લુંટી લોક એકઠું કરે નીત જાઇ ભંડાર ભરે, એ તસ્કરને દેછે માર, એનું ધન લીધે ચહેવાર. તસ્કર તેનું ધન જે હરે,એનાં છેયાં દુખે નહિ મરે, એના મેહેલમાં અકહું ધન છે

હ જઇયે બીજે ભોવન,અનગળ ધન હોયે જ્યાંહાં,કોહો ને ખાતર પાડુ ત્યાંહ. મારવો તો હસ્તિ છે સાર. લુંટવો તો રાજા ભંડાર; વઢવું તો બળીયાને સાથ કરવું પુન્ય તો જમણે હાથ; મરવું તે ગંગાને તીર, નાહાવું તો નરમદા નિર,કાશી માંહે કરવો વાસ, સજ્જન સહોદર રહેવું પાસ; કરવું તો તે પુન્ય કામ, લેવું તો શ્રી રામનું નામ. ઉપાસના તો આપે ઇશ,નમવું તો શજનને શીશ, લેવું તો રાજાનુ ધન જેનું મોહોટું હોયે મન; રાંકનું ધન લેવું તે વેઠ, ઉતારો માલ જે હોયે હેઠ.

દોહરા—પ્રથમ તાકવો લાગતે, ડાબી પાસે સેજ; એણે ખાતર ખોદવું, આણી અદ્દકુ હેજ, રાજા વિકરમ જ્યાં સુવે, પલંગ પઇયા હેઠ;કળસા ચાર છે નાંગળ્યા; ત્યાં પોહોચાડું હેઠ. પલંગ તળે છે ભોંયરૂ;ઉપર વાળી છાટ;મોં રાખ્યું પઇયાતળે ઉપર મેહેલો ખાટ;પઇયા ચરાચર કરી ફરે છે દરશન; વિકરમ રાયના હેજના, થાય મન પરસન; અલેખે માલ અગણીત છે, કોઇના જાણે મરમ;તે આવે જો હાથમાં, તો ફળે આપણું કરમ; હાથ ગાંઠડી રાયનિ. જે છાતીનું જોર; પ્રધાન પુત્રી જાણે નહી, તે ચીત ધરીયું ચોર; પેહેલે સાળે થેકીયો, બીજે પાડ્યું ખાત્ર; ત્રીજે ઘોરણુ મુકીયું, ઉંઘ્યા પ્રાણી માત્ર.

ચોપાઇ—પેઠા જ્યારે તસ્કર માંય.વીક્રમરાય જુવેછે ત્યાંહ;જોઉ એમાં શુછેજોર ધન કહાડી લઈ જાશે, જોઉં એથી શું પ્રથમ થશે, મુજ આગળ કયાં લેઇ જશે; જોઉ કેટલું છે જોર, ક્યાંયે વાસ વસેછે ચોર; કયાં વાસ વસે કયાં રહે તસ્કર જાત એ કોની કહે; ચારે એ તસ્કરની જાત,ધન લીધાની કરે વાત; કઇક લોકને મગાવિ ભીખ, આજ દેઉ હું એને શીખ; સુની સેજ્યા રાજાની ખરિ,ઉપાડીને મેહેલીપરી ચારે પઇયા કીધા પરા, ત્યાં હેઠા દીઠા ભોંયરાં કળસ નાગલા દીઠા ચાર,સાલઅનગળ છે બહુ ભાર, છનું ટકાની મણિ ભરયા અલખે તેમાં મણિ; રાજદ્વારની સમરથ જેહ, કસશ ચારમાં ભરી છે તેહ;એકેક કળશે છનુકરોડ,કળસ એમાં જોડાજોડ; અંધારે અજવાળુ થાય, તે જાણે એક પોતે રાય મણી માંહે ઝાઝો મહિમાય,અકળીત ધન કોએ ન કળાય; એક રાયનું જાણે મન, બીજું કોઇ ન જાણે અન્ય;ચારે કળશે સરખું છે ધન ઘરમાં રાખ્યું છે કરી જતન; ધરતિમાં સોપ્યું તે રહે;સાક્ષાતકાર માહાલક્ષ્મી જેહ,વસે કળસ ચારેમાં તેહ ચારે કળશ લીધા શીર ચાર આવ્યા મોહોલ મધેથી બહાર, ચારે કામ કરયું માહા ધાર, લેઈ કળસને ચાલ્યા ચોર;હેત પ્રીતને ઉલટ ભેર, જવા માંડયું પોતાને ઘેર; રાજા કહે જાઉ એણે ઠામ.ચોર વસે છે કુણે ગામ. મારો ક્યાં જાએ છે દામ, રાત અરધ ગઈ છે જામ; એ તસ્કરે માહા બેરજ કરે, સત આપણુ મહારી શી ફરે. એટલે બોલ્યાં વનચર શીયાળ. તસ્કરે તો ભાળ્યો માલ;કહે ભાઇ એ બોલેછે શું,વનચર બોલી જાણેછે તું કહુ એ વનચર ની રીત, આપના ઉપર અદકી પ્રીત; કહેછે લાછો સમરથ ઘણી દેખે છે પોતાનો

ધણિ આપણને મનમાં અદકો ડર, કોઇને ન દેખાડશો ઘર; જોરાવર કેરો છે માલ કરશે ભુંડા એહ હવાલ. એ મોહોકમ જોરાવર ઘણો, એ દ્રવ્ય લેશે આપણો; એ સરવે ખુંચીને લેય, આપણને શીક્ષા દેય. એવું જાણિ જાણો તો ડરો. માલ ત્રીજે ઠેકાણે મેરો; ત્યારે તેમણે કરયો વિચાર,આવ્યા નગ્ર થકી તે બહાર પર્વતમાં ગુફા સમરથ,ઉંડા ખોદી ઘાલ્યો ગરથ ટાઢું થશે તો પેદા થશું કળશ એકેકો લેઈ જશું મંદીરમાં એ આવે માલ, તો તો થઇએ આપણે ન્હાલ;ત્યાર સુધી નહિ જાઇએ ઘેર ડાહયા થઈ વિચારો પેર. કદાચ કોઈ જન જોતો હશે,તો તે આપણિ પુંઠે આવિકરશે ઘાય; આપણિ તે કેડ નહિ થાય, ચારે વાટે જુજુઆ જાય,પાંચ દીન પુઠે પેદા થાય; કાચો પારો ખાવો અન, તેવું છે ચોરીનું ધન; એવો વિકરમ રાયનો માલ, અગ્ની કેરી જેવી ઝાળ; તેવો વિકરમ રાયનો માલ, ઝખ મારી રહેશે જ્યાહરે આપણ પેદા થઇશું ત્યાહરે, પાસે દેખ્યો નવ ટુકડો, જેવો બહુચરનો કુકડો; જીવતી માખ ગળે છે ઘણી, તેમાં લક્ષ્મી ન પચે ચોરી તણી, આપણે લેવું એનું ધન, છેતરવો રૂડો રાજન, ચારે સાથી જુજુઆ થયા, જ્યાં જેને ગમ્યું ત્યાં ગયા. વાળી મુઠી નાશી ગયા.અધિપતિ ત્યાં આંખો ચોળી રહયા,વિકરમે વિચારયું નહિ સુનો માલ તો મુકુ નહી. કદાચ એકની કેડે જાઉં, મા તને દુખીયો થાઉ,રહયોએ કલો રણમાં રાય,વિચાર કરયો છે મનની માંય.પ્રથમ ચુકયો તે ઝાલ્યો નહી, માલ સુનો હવે મુકુ નહી, હવે દ્રવ્ય મને મળશે ઇયાંહાં,હું બેશી રહું અહીંયાં નવઓળખ્યા ઝાલીયા,ઝાઝા નવ દ્રષ્ટે ઘાલીયા,મોહોટા મોહોટા બાંધ્યા એહ, નવઓળખ્યા તેની દેહ, ભલે ગયા તો જાવા દેઉ.માલ માહારો સંભાળી લેઉ એટલી વાત તે રણમાં હવિ થયુ અજવાળુ ઉકયો રવી; રાજા આવી સુતા ઘેર, શી થઇ પ્રભાતે તેની પેર. રખવાળ સહુકો જાગીયા, રણમાંહે બીવા લાગીયા, ખાતર પડયું દીઠું જેટલે, પડયો ધ્રાશકો તેને તેટલે, પડી બુમ થયો બહુ સોર,અહી આવ્યા પ્રધાનતે ખેડીઆ પુર તણા પગા તેડીયા,પગ કાહાડો જેમ સરે અરથ નહીતર ઘેરથી આપો અર્થ,અરાપરા અથડાયા ઘણું પગલું નવ જડયું તે તણું; ઉઠી રાય સભામાં ગયા સમાચાર વજીરે કહ્યા; આજ રાતે જે ખાતર થયું. જોવરાવો જે શું શું ગયું; સાંભળો હો તે ઘર માંહ ચોર આવ્યાતા આપે આંહ તસ્કર ન જડે તો ડંડજ દેઉ, માલ ચોકી પાસેથી લેઉ રાજા કહે જુઓ દરબાર; કળસ ગયા ઘરમાંથી ચાર, વજીર આગળ વાણી કહી, બીજી સમરથ ઘરમાંથી ચાર; ઘર બાર સરવ વેચે તાહરૂ,પુન ધન ન થાએ માહરૂ, વેચે હસ્તી ઘોડા સરવ તોએ એટલો ન મળે દ્રવ્ય, માલ અનગળ ગયો છે ઘણો, તે લેઈ ગયો આપણો આપણા ઘરમાં આવ્યા ચોર, નવ જાણ્યો તેનો અંકોર માટે તશ્કર કેરો ઠામ, શોધ કરાવી બધુ ગામ નવ જાણ્યો તેનો ઠોઠામ, કુટી મુઆ બધુ સહુ ગામ ન જડયું પગલું તસ્કરનું નામ

રાજા ડંડ જાણો તે કોય સમરથ સરવ લુંટી લેય; કરમ આપણામાં જો હશે, કોકજ દાડો પેદા થશે. હવડાં અમથી ન થયું કામ, જાણો તેમ મારોજી હામ, અમથી ચોર પેદા નવ થયા, લઈને કોણ જાણે કયાં ગયા, જોગમે તો મારજ દો, જો ગમે તો લુટી લો. એમ કરતાં દીન ચારજ ગયા, તસ્કર તો નવ પેદા થયા. રાજા કહે એ સરવે ફોક, પુછી જોયા સરવે લોક, કોઇથી કામ એકે નવ થયું, ડહાપણ સહુનુ વહેતું ગયું, દીવસ પાચમે પડી રાત, સુતા માનવી જાણે જાત. જોડી વહેલ પોતે પરવર્યો, ગુફા છે ત્યાંતો સંચરયો, તે વેળા એકલો છે જાત, મહા ભયાનક અંધારી રાત; લેઈ આવતા રસ્તા માંહ, વાટે કઉતક બીજું થાય, આવતા દીઠા જણ ચાર, બે નરને તેમાં બે નાર. નયણાં તેના ટીપે ચુવે, માઝમ રાતે અદકુ રૂવે; દુઃખ વના રૂવે નહી કોય, તેતો રાજા નજરે જોય, બે વરધ બે જોબન વેશ, ઘર મુકી જાએ પ્રદેશ, નગ્ર થકી આવ્યાં બારણે, મહા દુખ સંકટને કારણે દ્રવ્ય લઇ રાજાજી વળે, એટલે પેલાં સામાં મળે; નીકટ સમીપ આવ્યાં છે જ્યાંહ તવ રાજાએ ઝાલી બાંહ. મધરાત નીશા છે ઘોર, કયમ ચારે આવ્યા કો ચોર. લંપટ જાર કે છો કુણ ભુત, કોના મોકલ્યા આવ્યા દુત, વ્યંતર ખેચર કે ડાકણ જક્ષ, શીકોતર કે સાકણ, શું ધારોછો મનમાં કાજ. વિકટરાય વીક્રમનું રાજ, સાચાનો ગુનો સાંખશે; સીધ સાચુ કહોને આંહ, નાશી રાતે જાઓ કયાંહ, તે સાચું બોલો આ દીશ, નહિતર સઉના છેદુ શીશ. નાશીને નહી જાવા દેઉ, ડંડ તમો ચારેને દેઉ, સાચું બોલે અરથ થશે, જુઠું બોલે જીવજ જશે, જુઠું બોલે થાશે હાણ, જુઠુ બોલે જાશે પ્રાણ, જુઠુ બોલે થાશે જાન. જુઠુ બોલે થાસે અપમાન; સત્યવાત જો ન કહો આપ, બ્રહ્મહત્યાદીક ચારેને પાપ.

દોહરા—રાજા પ્રતે બોલીયા, મન મુકીને વાણ, તુજને પગે લાગીયે, જો લેતો હોય પ્રાણ. ધન દહાડો વેળા ઘડી, જો તું મારે આજ, ઘરમેહેવી અમને જતાં, અધિક આવે છે લાજ. દળીદ્રથકી મરવું ભલું જાણે એનું સુખ, મનુશસુકત નીરધન થયો, જીવ્યાનું મહા દુખ.

ચોપાઇ—રાજા કહે એવડુ શું દુઃખ, ઇશ્વર તાહરી ભાગે ભુખ, મન મહેલીવાતો કીજીયે, અસો પાર તેનો લીજીયે તમારા દુખનિ કરોને વાત, તેથી તાહરૂ સરશે કાજ, મુજથી થાય તો શેવા કરૂ, નહીતો તમ સાથે સંચરૂ દુખીયા કહે માહરૂ દુખ ઘોર. ન [illegible] દુખ સાભળ્યાનો શો લાઓ, જે કામે આવ્યા ત્યાં જાઓ વિક્રમ રાયાને ચોકોફેરે, તસ્કર લાંઠ હરામી મરે. છાનો છપનો આવે આપ, મારે ઠાર એવો છે તાપ, રાતે [illegible]

મહા વનમાં હોય. દુખીયા વિના ના આવે કોય, દુખ સાંભળીશું નહાલજ થસો, સુખ મરડી નાશી જસો. જે કામે આવ્યા ત્યાં જાઓ. જેવું કર્મ લખ્યું તે ખાઓ, અમને તું જવાદે પંથ, શી અમારે તમને ચંત; નહી કહું તુજ આગળ વાત, જો જાણો તો કરજો રાત, મોત ભાગી નવ બીજીયે, સહજ માંહે જાવા દીજીયે, પ્રભુ પાસ મોત માગીએ, તારે પગે લાગીયે, બીક નથી અમારે મન રોતો રોતો આવ્યો છું વન દોહરો—રાજા રથથી ઉતર્યા, લાગ્યા નમીને પાય,હું નરપત આ દેશનો મન ગમે તે માગ. હુ સેવક હરસીદ્ધનો વીક્રમ મારૂ નામ, ચર્ચા જેવા નિસર્યો આવ્યો છું આ ઠામ. માજમ રાતે નિસર્યો, આવ્યો છું હું આંય, કર્મ તમારે હું આવ્યો, કહો જાઓછો ક્યાંય. સોરઠો—સરજી સંકટ કષ્ટ, સત વચન માહારૂ સહિ, ભાગે સંકટ ઇષ્ટ એવો બીજો કો નહિ, મનાવુ તાહરૂં મન; દુખ તમારૂં દેહવટ કરૂ, જો સાચુ બોલીશ, દુખ તારૂ આજે કરૂં. ચોપાઇ—હરખ ધરીને બોલ્યો તેહ, મારે દુધે ઉઠયા મેહ, સાંભળજો મહારાજા મન, જુઠુ તો નહી બોલુ અન, પૂછોછો તો સુણજો કરણ, જાતે તો છુ બ્રાહ્મણ વરણ. અજાચીક રાખું અહંકાર, કરમહીણો છું અપરમપાર, કરમ વિના નિરભાગી રહયો, દામ તણા સંચો નવ થયો,વસુ વાસ તમારે દેશ, હવે જાઉછું પરદેશ. નાનો બાંધવ કુંવારો હોય,ગમે ન ઘરમાં તેને કોય, તેને વરસ થયાં છે ત્રીશ તેને જઇ ઉપાષ્યા ઇશ, તેને આપ સદાશીવ ફળ્યા.રૂડે ઠામે વિવા મળ્યા, હિમત રાખી વાતો કહી મળીસહોદર પ્રીછો સહી, લગ્ન આગે મસવાડા ચાર. ત્યાં સુધી ધરયો છે ભાર, લીધું લગ્ન તે વરસ વશેક, નહી નિશાની ઘરમાં એક, માહારે કામ પીવાની ગરજ,ન કહયું કોનું કહાડુ કરજ, ઉધારે કો આપે ગ્રથ. ત્યારે સરે કેમ આપણો અરથ, નાખ્યું સગુ સહોદર કામ અમો અથડાયા બાધુ ગામ હળવાં થયાં જેમ પીંપર પાન,માનવી કોઇ નવદે માન,નવ જડયું ઉછીતુ ઉધાર ખોયો અમે અમારો ભાર, જોતે ન જડયો તો જજમાન,માગ્યાંન આપ્યાં કોએ દાન, છાની વાતો કરે છે લોક, વીવા થાવા માંડયો ફોક,નાત જાતમાં નામજ ગયું, લોક કહે બોલ્યું નવ થયું, એના ઘરમાં ન મળે માલ, શા થાશે એના હેવાલ. લગન આડે રહયા દન ચાર, આપ ઘરમાં કર્યો વિચાર, સહુ મળીને વાતો કરે, એનો વિવા પાછો ફરે. તમો ત્રણ જણા રહોને ઘેર, હું કરૂં પરણ્યાની પેર, મહેણું લોકનાં નવ ખવાય, નાત જાતમાં નવ રહેવાય, એ દુખ અહકુ સો- [illegible] સાથે આવ પંથ. ઘેર એકલી રહી શું કરૂં, સાથે નવ તેડો તો મરૂ, જ્યાં જઇયે ત્યાં આપણે ઘર, કોનો નવ રાખીએ ડર, નાનો બંધવ કહે સુણ ભારત, તમ આગળ કહું સાચી વાત, સગા સંબંધી નાવે સાથ, કરગરી કહે બેજોડી હાથ,માહારૂં તો છે જો- [illegible] પ્રદેશ.મેં નવ રેહેવાય ગામમાં.ખોટાકા કરૂ નહી ગામમાં

ભાઈ બ ધવમાં હળવો થશો, કરમહીણ કુંવારો રહયો, બીજેકો પરણે કન્યાય, તે દ્રષ્ટે જોયું કયમ જાય. આહાર દુખ એ સાગરતણું. થોડામાં કહુછું ઘણું, માટે હું આવુ તમ સાથ. અમારે બીજી શી આશ. સત વજા એ સાચું કહયું લક્ષણ વાતે સાચું લહયું, વળતિ બોલી ઘરડી માત, હું તો ઠર દેહનો વાત, પાણી વીના વાહાલું કોણ આજ, રેહેતાં એકલાં આવે લાજ, માટે સાથ તેડો તમો, નિકર હત્યાઆપિશું અમો. વિચાર કરી ચારે નીસરયાં, સગાં સહોદર સહુ વીસરયાં, દેહમાંથી જેમ જાએ પ્રાણ, તેથી અદકી અમને હાણ માટે અમો નીકળીયા રાત, જાણે નહી કો માનવ જાત, દાણો પાણિ હશે ત્યાંહાં જશું, સુખીયાં કે પછે દુભીયાં થશું. કુટુંબ સહુભુડું બોલશે, ને દુખે ડુંગર ડોલશે. કેહેશે જેવાંહતાંતેવાં થયાં, ઘરબાર મુકીને ગયાં, કો કહે શેર ખાવા ન મળ્યું અન, દેશ મુકીને ચાલ્યાં વન, ભુંડાયા માથે મેહેલશે ઘણાં સહોદર તે આપણાં, દેખી દુશમન બોલે મન ગમે, તે દુખ માહરીદેહને દમે, દ્રવ્ય વિના દુખીયાં થાઉંછુ, ઘરબાર મુકી જાઉંછુ શીવ આજ્ઞા બોલ્યાં અમો, અક્કલ બુજે તે કરજો તમો.

દોહરા—વિક્રમ વાણિ બોલીયા. જેમ સરે તમારો અરથ; કળશ ઉઘાડીદાખવું તેમાંથી આપું ગ્રથ, જેટલુ ધન જોઇએ તમારેદે, તેટલુ લોને આજ, ઉધમ કાંઇ ન રાખશો, શરે તમારૂં કાજ. જેટલે ધનકન્યા વરો, થાશે નાત જાતમાં નામ, દેન આપુ હું તેટલું જેટલું તમારે કામ; કોસર રખે કરો તમો, ન કરશો જાનો લોભ; જોઇએ તેટલું માગજો, ક્ષણન રાખશો ખોળ, કળશ ઉઘાડી મુકીયા, મોહોઆગળ તઇઆર, વીચાર કરિ વાણી કહો, જેવો ગોળે વહેવાર, ઉત્તમ રાખો વહેવારમાં તો બ્રહ્મહત્યાદીક પાપ, ઓછુ અદકું બોલશો, ગુનો તમારો માફ જોપએ તેટલું માગજો, મન ના ધરશો લાજ; આપું મારે હાથે કરી, જેટલું હોયે કાજ. ઉઠો સહુ વિવાહ કરો; પોચે મનની આશ, તેટલું માગી લીજીએ, ચિતે મારી પાસ. ચોપાઇ—ચારે જાણ એકઠા તે મળ્યા, દ્રવ્ય દેખે મન ચીતેથી ચળ્યા; પેહલું વિત્યું તે નવ લહ્યું, મન તો આધુ આધુ ગયું બમણું લાજે જો આજ જાયવધારે લાખેણીલાજ; કસબી વાઘા કોડે કરી, શણગાર રૂડી સુંદરી; પહોચે કોડ વીવા કીજીએ, દાન તો ઝાઝા દીજીએ, ધન આપી કરીએ વિવા કાજ. શમરથ હોય તો કરીએ રાજ, થોડે ક ધન વીવા કીજીએ, ધન આપણ દેખી રીઝીએ નવા કરાવીએ આપણાં ઘર; ઘણા ખરચીએ આપણે જર; જો ધન અદકોરો હરૂં, તો ઘરમાં બેઠો અલખત કરૂં; વધતું લેઇ તો કરશું વેહેપાર, સંગરૂ તો થાએશણગાર લેખાવટી અદકુ લેઉં, નાત જાતમાં લાહાણુ દેઉં, દાનદક્ષણા આપુ ઘણી, નાતો જમાડું બ્રાહ્મણ તણિ, પકવાન કરાવીએ અપરમપાર ઘેબરજલેબી અતિસાર; સાત વાનાની કરાવં સખડિ. ભાગ ભીક્ષકનિ ભખડિ ઘણ લેઉ તો ઘોરે ચડ. વધતો

દેહેરીની સાથે વડુ, ઘરમાં હોયે ઝાઝો ગરથ,મ્હાહાર સોવરાવુ રૂડા રથ. તોલુ માત રૂપીયા સાથ. કનક કડાં ઘાલુ હુ હાથ, બાંધુ ધજા સદાવ્રત કારણે, મોતી તોરણ બાંધુ બારણે, મનવિ લહેર ચાલે છે ઘણી, થઇ બેઠો ચારનો ધાણુ, ત્રષાપુરી કેમે નવ થાય. મા આને તો નવ જીતાય,લેતાં નહી મન તરપત ઠેઠ ના કહેતા ન ભરાયે પેટ, એવો વીચાર કરે મન વીષે, વીકરમ આગળ કહી ન શકે, રાજા કહે ખોટી થાઉછું,હું મારે મંદિર જાઉછું,સાચું બોલે મારી સાથ,કેટલું ધન આપુ તમ હાથ, મહીપત વચન સાંભળી બ્રાહ્મણ વળતો બોલ્યો ફરી, કૃપા સમ દીવા છે તમો; તે માટે સાચુ બોલો અમો, કળશ ચારના જેટલું ગરથ, બધાનો માહારે છે અરથ લોભ સમુદ્રમાં હુંતો પડયો.તે માટે તમસુ હું આવી અડયો, પેટ ભરીને આપો આ વાર, નજર કળશ લીધાની ચાર.થોડુક આહો હવડેચડ, ઉજેણિ જે વાટેથી જડું, નડ્યું જડયું પરખાવે આભ, જે જડયું તે માહારે લાભ,જે આપો તે ભાગ્ય ભજ્યું માહારા કરમમાં હતું તે મળ્યું, નાસતા ભુતનો કેસજ ભલો, સત કહુ હું છું એકલો પેટ ભરો તો ચારે આશ, નીકર ભંડારમાં જઇને ઘાલ. આપોતો આશીગલ થાઓ, નહીતો ઘરમાં લેઇ જાઓ. આના ધન અમારે નથી, શું કહીયે તમ આગળ કદી, મારવોતો હસ્તિ મહાસાગર,લુટાવોતો રાયનો ભંડાર.જાચીક જનને દુખ જ ઘણાં, દુખ થાયે મરવા તણા, મોહોત રૂડુ મનમાં આણજે. માગ્યુ તો મીઠું જાણજે કરપણનો કહેવો કરણ, ભીખવાથી ભલેરૂ મરણ. સોમને તો કહેવો દાતાર, ભુંડાનો તો રાખજે ભાર, રાંક જનને કહેવા રાય, અકરમીના તો ગુણ જ ગાય. અમે તો માગવું હઇડે ધરૂં, શા માટે કેશરજ કરૂં, તમ સરખો દાતાર જ મળ્યો. મહારા મનનો સંદેહ ટળ્યો, બીજાને જાચવા કેમ જાઉ, સો પરીયાં સુધી તે ખાઉ માગતા કશર કરૂ તે માહારૂ જાય, ત્યારે કશર કરે માહારિ બલાય. પારખું દાતાનું કીજીએ,જેથી દાતા તેવું લીજીએ, કમોહ મળી સારગ જે હવે કુશકા શીદપોંખે દેહને, પદમણિ પરણેજે ઠામ, ત્યાં શંખણીનુ શુ છે કામ, જ્યાં મલ્યાં ગંગા નરબદા તિર, કુપ તળાવના શા નીર, જ્યાં મળી કામધેનું ગાય, બકરીને તે કોણ ચાહાય, શાકર ખાંડના શીરા જમે. મઠ બાજરી તેને કેમ ગમે, દક્ષણાવ ત જે ચીતમાં ધરે, અઇરાવત જેને ઘેર અડે, તે નર ખરવાહન શાને ચડે, જેને ખાણ કંચન ઘેરમણી, છીપો શંખલા શીદ ઘણી, મળ્યો મહિપત મોહોટો મર્મ, એકવાર રાખો સાધુનો ધર્મ, કરૂ આજ અમારૂ કરમ, પરમેશ્વરે રાખી છે શરમ કશર અમો શાને કીજીયે. મનુશ તેવુ માગી લીજીયે કુબેર સમ ભંડારી તમો, શાને ઓછુ માગું અમો, કામ ઘેનુ મળી જ્યાહરે, પછે નુન્ય શી છે માહરે. ગંગોદક વત મળીયા શ્રાપ, દળીદ્ર દુખ રહે કેમ પાપ, ઘરમાં ખાવાને મુખ્યો રહે, મહા પાપી તે તો તેને કહે. જેના વ-

રબાં ગંગા નીર; તેણે શુદ્ધ ન કર્યાં શરીર, કોઢી થાશે જેની દેહ, સુખે ઠરી ન બેસે તેહ; રસયુમતેશ્વર મુજને મળો. સાત જનમના રણથી ટળો. દાતાર મોહોટા છો મહારાજ, તેવું મેં નથી માગ્યું આજ; માગનારનિ છે દુરબલ દેહ, આપનાર તમે મહિપત મેહ;મહારે મન સાગરનું પુર, એકાબુદ તારે મન નુર, દોહરા–હરખ્યોરાય હડડા વીખે, બોલ્યા બ્રાહ્મણ સાથ; ક્રષ્નાર્પણ કરી આપીયા, કુંશ ધરીને હાથ. વિક્રમ રાય આણંદીયો, કઇના પુર્યા કોડ;દુઃખ ભાગ્યું બ્રાહ્મણ તણું. હરખ ઘણેથી હોડ. ઉલટ આપ રૂદે થકી, કળસ આપ્યા તે ચાર; બ્રાહ્મણ સુખ પમાડીયો. ક્ષણનવ લાગી વાર ગાડી હાંકી લાવીયો, બ્રાહ્મણ કેરે ઘેર, કળસ ચાર ઉતારીયા, કોઇ નવ જાણે પેર. મંદિર આવ્યો મહિપતી; કોઇ ના જાણે વાત; બીજે દીવસ શું નીપજ્યું પહોટયો પ્રભાત. ચારે બ્રાહ્મણ તે સમે, હરખ્યા છે ઘણું મન; મન નિરખી રીઝ્યા ઘણુ, જોઇને ઝાઝુ મન. આનંદ તેને ઉપન્યો મઃ ઘણેરો હોય; અનગળ ધન ત્યાં આપીયું. ત્રપ્ત થયા સઉ કોય. સગાં સહોદર નોતરયાં, સહુને હિધિ આશ; નિત્યે ભોજન તમો કરો; ખરા પુરા ખટ માસ. અચરત પામ્યા સરવ કો, ધન આજનો દિશ; ચીંતા ભાગી અમ તણુ, પ્રસન થયા છે ઇશ.

ચોપાઇ–કરી જાત્રાં આવ્યાં ઘેર, પોતે સન વીચારી પેર, આજછે વતીપાતનો દન, કળશ થકી નહિ કહાડુ ધન. વહાણે થાશે પ્રાસુતકાળ, કાઢીશું તે અનગળ માલ, ધન ચારે દીશા વેર શું, સગા સહોદર સહુને તેડશું. દિશાના બ્રાહ્મણ જેહ, તેવડ કરી તેડાવો તેહ; અરે દિશ બ્રાહ્મણ નોતરો,સીધાના તો ટીંબા કરો. મંગાવો ગોળ ઘી ને ઘહુ, શાક પાક સામગ્રી સહુ, ધન વટાવી લેશું ધાન, મળશે સજન દેશું માન. આદર ભાવ પુરણ કરો, માલેચા સુંદર પાથરો; આજ મંગળછેઆપણે ઘેર, રાખો રાજરાતીની પેર. રાખોજ પાણીની રીત, પુરણ રાખો સહુથી પ્રીત; એમ કરતાં તે રાતજ પડી, વાતો કરતાં વીતી ઘડી. બ્રાહ્મણ સુતાની ચીંતા થઈ હરખ ઉલટમાં રાત ગઇ; સુખ સાગર માંહે જે વહિ, રૂડી રીત કાઢે છે તહિ. થઇ નીશા અંધારી ઘોર, મળ્યા એકઠા ચારે ચોર, મળ્યા ચોર જોયું તે ચીત; લોસઉ ઉતમ રૂડી રીત. આપણું ધન કહો કયાં ગયું કળશ ચાર ડાટયા શું થયું; ભોમ ખાવી દીઠી તે તણિ, તેની ચીંતા થાએ ઘણી, જોયું તોલા તે ઠામ નહિ કળશ એકેનું નામ; કહો ભાઇઓ તે શું થયું, આપણું ધન કહો કયાં ગયું. ખોઇએજીવ પણ લેજો એ ગ્રથ; બાંધો હીમત સરશે અરથ;કરો પ્રાક્રમ અપરંપાર; ત્યારે જડશે કળશજ ચાર. આપણી વિઘા તો કીજીએ. મેલ્યા હોય ત્યાંથી લીજીએ; તાહારી વિઘા તો બતાવે તું, તેતો ખાતર પાડું હું ત્રીજો કહે હું માથે લેઇ, સાધી વિઘા રૂડી પેર; કળશ ગયા બ્રાહ્મણને વર; બ્રહ્મ કરારે સુતા જ્યાંહ; તસ્કર ચારે આવ્યા ત્યાંહ ચારી ધિરજ ને તે આવિયા, શ્રવણ વિઘાનું લાવિયા; ઘરમાં બ્રાહ્મણ ઉંઘે ઘોર ત્યાં

આવ્યા છે ચારે ચોર. દીધું ખાતર નવ લાગીવાર, કહાડયા કળસ ઘરમાંથી ચાર; આહાડ પડ્યું તે ધારણ ઘણું, ધન હરયું તે બ્રાહ્મણ તણું. બ્રાહ્મણ ભાઇ કરે શું કથી હવે બહાર બુમ એની નથી; તસ્કર ચાર કળશ લેઇ ગયા, બ્રાહ્મણ ભાઇ એમને એમ રહ્યા. નચિંતપણે શું પહોડ્યા તેહ, શીતળ કરી પોતાની દેહ; પ્રાતઃકાળ થયો જ્યારહરે; સઉ સુતા ઉઠયા તારહરે. હરખે સુતા ઉઠયા સરવ. કહાડો કળશ ઘરમાંથી દ્રવ્ય; ધન ઘરમાંથી આણો બહુ, તેડો સગાં સહોદર સહુ. નાત સહુકોને નોતરો બ્રાહ્મણને કહી ભોજન કરો; ગામ સારણી કીજે ઘણી. એમ વિચારે ઘરનો ધણી. એમ ઉઠયા તે ઉલટ ભેર, ખાતર પાડ્યું દીઠું ઘેર; થયા નીરાશ પડી છે ફાળ, ગયો સરવ ઘરમાંથી માલ. અરૂપરૂ ને આસુ જોય, ગયો ગ્રથ જાણે નહી કોય; ઘરમાંથી ઉઠયા જણ ચાર, વિપરે મનમાં કર્યો વિચાર, આપણે રાજા જાચો જઇ. ઘરમાં ના કહેવાણી નહી; દાન આપીને દાતા થયો, ખાતર પડાવી તેણે તે ગયો ફજેત આપણે કીધા ઘણા દીધાં નોત્રાં નાનો તણાં; મોટા થવાને કારણે. દાનજ આપે તે બારણે. રાજા સાથે માંડયો રાડ, કળશ લેઇ ગયો તે કાહાડ; રાજની રાઢે હારીએ, આપ પંડ પાળી મારીયા આપણું કાંઇ ન ચાલે જોર, આપણે તો શીદ કરીએ તોર. આપણ બીજું શું કીજીએ, પાપીને હત્યા દીજીએ. ઝાલી પાળીયો ચાલ્યા ચાર. જ્યાંહાં છે રાજાનો દરબાર; રાજા બેઠો દાતણ કરે, અહકી હોંશ મનમાં ધરે. દાતણ દેવાને કારણે, હરતી ઝુલે છે બારણે; ઘોડા બાંધ્યા છે પોર, ત્યાં શોભે છે અપરમપાર. કચ્છી સુલતાની ટેકાણ જોય, કુતલ ઘણા અહદેરા હોય; પલાણે જડ્યાં છે નંગ, સારી શોભા સુંદર રંગ. ચોચડે મોતી ઝવેર જડાવ, હીરા રતન નો શુભ બનાવ; પ્રચંડ શીર છત્રજ ફરે; કલ્યાણ વરત પ્રભાવતી કરે. રાગાંગી કરે રાગ, વસંતના કંઇ બોલે ફાગ; અવિ બળ જોદ્ધા છે અતિ, સામા ઉભા સેનાપતિ પ્રધાન પાસે બેઠા ઘણા; ખાશા વજીર તો પોતા તણા, બાચીક ચાલી આવે વાટ, વખાણ કરે ચારણ ને ભાટ, બ્રાહ્મણ ઉભા છે આંગણ. બારણે આવે બીજા માગણ; ગુણ ગાંધરવ કવીજન ગાય, પંચ પારગ પ્રસ્તાતી થાય. બીજા ગુણીજન ગાયે ગીત, તે ઉપર છે બહુ પ્રીત; વાજે ચંગ ઉપંગ મરદંગ, થઇ રહી છે નાટારંગ. ઝણકાર વાજે જે સાર, થઇ રહ્યો ઝાંઝર ઝમકાર; બેઠા જોતિક શુભ સ્થાનમાં, કનકલેખ ટીપણું હાથમાં; લક્ષધાત્યાંહાં આવે છે કવિ, નઉતમ વાતો લાવો નવી, સહસ સાત પાસે વેહીયા, ભારે વાતોના ભેદીયા; કંઇ પંડીત વાંચે પુરાણ. કઇ જણ પામે એકાદ લાહણ; પંડીત પાસે છે શેઠ પાંચ; સાચી વાતો થાએ સાંજકો સાથે નવ બોધે જુઠ. રંક પર રહે નહી રૂડ; સાચી વાત રાજાને ગમે, દેખી દુશમનને અહકુ દમે, સહસ્રા સવછી શોભે ગાય. ધાન પ્રીતિ પ્રભાતે થાય; બેઠા પુન્ય કરે છે પુર તજે ઝાંખો છે સુર; ઉજેશ જેવા શોભે ઇંદ્ર, તારામાં શોભે છે ચંદ્ર; દીપક જોત છે ઝાક ઝમાળ.

એને નવ દે જુઠી આળ, દીશે કરણુ થકી અવનનો ચંદ્ર ઇદા હાશી હવો ,સેનમાંહે શોભે જેમ ગજ; જેને શીર ફરૂકે ધજ, સભા મધ્યે શોભે છે રાય, ધર્શી વીપ્રને પાશે જાય એવા મહીપત બેઠા જ્યાંહ. બ્રાહ્મણુ ચારે આવ્યા તાંહ, રંટ ફુટરે પાપી ચંડાળ ધણિક દીધી મુખથી ગાળ; જીવ ઉપર જે આદર કરે, તે રાજાથી શાને ડરે. લઇ લઇ ચારે કર થઇા, હાંકાં કરી રારે સદ્યપા. પગે લાગીને પુછી વાત શા માટે દુખ પામ્યા માત. અલ્યા વિચારી જોને મન સાથે કાલે આપ્યું ધન; કીધાં અમને દાનજ પાત્ર, પોતે રાતે પડાવ્યું ખાત્ર; કળસ લેવરાવી ઘેરજ ગયો; અમ આગળ મહાદાતા થયો. અમો જાઇ વિદેશો જાત, ફજેત આવડો હું નવ થાત; દીધા નોત્રા નાતે રહયા જુઠા જુઠા લોકે કહયા; માટે દેઉં તને શ્રાપ; અમચારે હત્યાનું પાપ, સંધ્યાએ તે થોડું લેત, તો તુજને આશીશજ દેત. આ ફોગટ વીખાણે લોક, પરદુખભંજન તેનો ફોક. નહીતો ફોજ અમારી પાસ, તો તે શાને દીધી આશ. વચન કહી ચોનાં તેડક, પાળી મારવા માંડી પેટ, સભા સાહુકો દ્રષ્ટે જોય, તેતે કારણ મિછે નહી કોય. જોઇ રહયો છે સઘળો સાથ રાએ હશીને ઝાલ્યો હાથ, પ્રણામ કરી પાયે લાગિયો, માન મેહેનત માગીયો. હું શેવક તમારો રાંક; ક્ષમા કરો માહરો છે વાંક. શું વિઘન થયું છે રાત, દુખ પામ્યા આવ્યા પ્રભાત. શાથી કુદતા આવ્યા કેમ, સાચું ના કહોતો માહરા સમ. વીપ્ર કહે જાણો છો તમો, ભરી સભામાં શું કહું અમો, પેહેલે દહાડે દાતા ઘોર, બીજે દીવસે થયા ચોર; પોહોડયા ઘરમાં સાંકળ દેઇ, કળસ ચાર ગયા છે, લેઇ જાણ્યાં એ મેં તાહરાં કામ, બીજો કોઇ નવ જાણે ઠામ, માટે હતા ત્યાં મુકી જાય, દોષ તુજ મધ્યેથી જાય. રાજાજીને નકકી થયું નીસ્ચે નીરબળનું ગયું,જાય તેનું ઇમાન જ જાય. એને ભરૂશો માહરો થાય. લેઇ ગયો આડે આંક, શો ગરિબ બ્રાહ્મણનો વાંક. મહારાજ ધન બીજુ લીજીએ. વારૂ કામ વિધા કીજીએ. ભંડાર ઉઘાડીઆપુ અમો. ખપ હોય તેટલું ખરચો તમો. મહરાજ દ્રવ્ય લેઇને વળો, ઘેર વીવાનેકામે ભળો; કોલે કાળજ રૂડું કરો, ધન આપું તે ઘરમાં ભરો કેહે બ્રાહ્મણ શું બોલે આળ, બીજુ ધન આપે તે બાળ. એક વાર તો કીધી હાણુ,બીજી વારે તો લેતું પ્રાણુ, હવે જીવ અમારો જાય, કાયાની ઘાતજ થાય; તે કળશ આપો તો જાઉં, નહીતર ચારે હત્યા દેઉં; મુકયાં કળશ જઇ ઘરમાં જેમ, બીજુ ધન તું તો લે તેમ; લાવો કળસ સભા છે જયાંહ તસ્કર કહેતું મારે મોહે; જો કળસ તે લીધા હોય; તો,તો દાતા જાણું ઘણો ભાગે સંદેહ મારા મન તણો; તેના તે જે કળસજ ચાર, લાવ સભામાં [illegible] નો છે તમ વહેવાર. સરવ સભામાં રાખો બાર; સહુ દેખતાં સાચો થઇ લેઉં, નહીતો ચારે હત્યા દેઉં; બેમાં સાચું જાણો જેહ, કરો સીગ્ર રાજાજી તેહ તેહ; જો ગમે તો કળસજ દે, નહીતર મારી હત્યા લે દોહરો—મહીપત મન વીચારયું એને છે હાણ; વાંક કાહાડું જો વિપ્રનો, નીશ્ચે છંડે પ્રાણ; દુખે થયો આકળો. સંકટ

એને ઘેર; કળસ ચારે ચોરી ગયા, પેલા ચારે ચોર. ટાઢા મીઠા ઠીજીએ, ધારણધિર રાખી ખોળા પાથરી કરગરે, પોતે વિક્રમવિર; મહારાજ તમારો ચોર હું, લીધા કળશ ચાર; તે ગુનો બક્ષો મુને, આપુ આણે ઠાર. કાહાડયા હેમ ભંડારથી, લક્ષ ટેકાં તારાં રોક; ખાઓ પીઓને વાપરો શાંત પમાડો શોક; વિલા કામ વેગે કરો નવ લગાડો વાર; કળશ ચાર આપુ અમો, વાટ જુઓ દન બાર પેદા કરૂ દન બારમાં, મનાવું હું તમ મન; ત્યાર પછી મુખમાં ધરૂં, આપે જળને અન; લક્ષ મોહોર લઈ વળ્યા, બ્રાહ્મણ આવ્યા ઘેર: વિના કામે રાજ થયા, પ્રિત ધરી બહુ પેર. બાર આર દીવસ પુરા થયા, માલ અમારો લેશ તાહારે કરશો વાયદો હું આવિતમદેશ.

ચોપાઇ—ગયો વિપ્ર પોતાને ઘેર, પુછે સહુ રાજાનિ પેર; અદ્રષ્ટ વિદ્યા આપે કરી, ચરચા જોઇ ગામમાં ફરિ; બહુ મુખે બોલે છે લોક, સાંભળી વાત સમાવ્યા શોક, ટોળે ટોળાં મળ્યાં છે ઘણા વખાણ કરે છે વિક્રમ તણાં, એક કહે સતવાદિ ભુપ, ધન ધિરજ ધન એનુ રૂપ, અમુલખ કળશજ ચાર. તે આપતા નવ લાગી વાર. ચોરી ગયા કો ભુંડા ચોર, ઉપર આપી લક્ષ મહોર. કળસ તણો કરયો વાયદો, બ્રાહ્મણને થયો ફાયદો; બિજો કહે તું નથી જાગતો, હૃદયે જ્ઞાન નથી આણતો. બ્રાહ્મણે દિઠો ભંડાર, લોભે માગ્યા કળસજ ચાર, ના કહી શકયો નહી રાય. કંઈ કરોડ કેમ આપ્યા જાય. રાજદ્વારનિ સમસ્ય એહ, કેમ આપે બ્રાહ્મણને તેહ, કહેતાં શું કહેવાઇ ગયું, આપ્યા કળસ મહા જાનજ થયું; મોહોટાનિ વાતો છે ઘણિ, રીતે પેર કરી તે તણિ. રાજાએ વીચારયું અસ્યુ, કીડા મુખમાં કોળું કશુ, એક દુઃખને બિજુ હશુ, ના મળે બ્રાહ્મણ પાસે કશું. બ્રાહ્મણ ચોહોડયા રૂડી પેર, કળસ ગયા પોતાને ઘેર, બિજે દિવસ દેવરાવિ. શાખ, આપી મોહોર ગણિને લાખ. એક કહે એ દાતા થયો, બીજો કહે ધન લેઇ ગયો, પુત્રિજો કહે એ નિસ્ચે એમ, નહીતર કળસ જાએ કેમ, વિતિ જશેહાહાડા દસવિસ, બ્રાહ્મણ કુટી રહેશે શિશ, ચોથો કહે નિરમળ છે મન, પાંચમો કહે તજ્યું છે અન; છઠો કહે કોશાર શિદ કરે, ભંડાર કઇના અભરે ભરે. સાતમો કહે છે સર્વ ફોક. બહુમુખી એમ બોલે લોક, રાજા તે સાંભળે છે કાન, જેટલાં પીંપળ હોએ પાન; લોકાપવાદ મોટા છે શિશ, હવે શું કહેવું જગદિશ; હીમત મેલેતો નહી સુરે, મુજ વિનાચાર કોણ પેદા કરે; ઉતારવા મુજ શિરનિ ગાળ, સોંપુ બ્રાહ્મણને એ માલ, તો દુખભંજન માહારૂ નામ, કાહાડુ ચોર દેખે જેમ ગામ; ગંગોદક શુભ કાયા કરિ; કનક થાળમાં પુજા ભરિ શીત્ર પુજન શુભ રીતે કરયું, રૂદે ધ્યાન ભવાનિનુ ધરયું; આહા કાળેશ્વર કરયું ભજન કરયું આપ વિક્રમ રાજન પંચામત ઉપર પયધાર પુષ્પ વળી તાંહ ભાર અઢાર, તલ તાંદુલને બીલિ પત્ર. રત્ન જડિત સમગ્રપાત્ર.

પર દુઃખભંજન હું કહેવાઉં;એવી સ્તુતિ શીવની કરી,આવ્યો મહીપત પાછો ફરી, બીજે દિવસ થયો જ્યાહરે, સભા ભરી બેઠા ત્યાહરે; પ્રથમ પુછી જોયું પર મંધાન, પાસે બેસારી દીધાં માન, આદરભાવ અદકેરો કરી, હઇડા માંહે હેતજ ધરી; કહો ભાઇ વિચાર કરો, બુધ પોતાની મનમાં ધરો; પેદા કરો મારો માલ, તેનો શો કરવો હેવાલ નહિ મુકુ હું કોઇનો ખ્યાલ, પેદા કરો નહિ તો ખુટશે કાળ; હેને પ્રધાને જોડયા હાથ, ડાહ્યા છો પૃથ્વીપત નાથ; દાતા સત્યવાદી દીસો જેહ, તમ ડાહ્યા કે ઘેલો તેહ; કહોતો દંડ ચોરીને દઉં. કહોતો લોકનું લુંટી લઉં. કહોતો કોટવાળને દેઇ વીખ, કંઇક જાગુને દેખાડું બીક; કહોતો કઇને દેશું માર, કોડ કેરો કરૂ પ્રહાર; કોહો તો પગ કડાવું ઘણુ, મારતો કોશીલમાં લત્તણુ; કોહો તો કઇને પ્રાજે કરૂં, કોહો તો કઇકની લક્ષ્મી હરૂ, પ્રાક્રમ અતીશે કીજીયે, દેશવટો કોને દીજીયે. બીજે દીન બેઠા મહારાજ. તેડયા પોતાની નજર બાજ; દહાડી બેઠા મહીના હરો; તસ્કર મારા પેદા કરો. મનુશનો પારખુ જાણુ તુને; જો તસ્કાર દેખાડો મુને; તેમાં પ્રાક્રમ છે જેટલું. ફુટી મુવા કીધું તેટલું; ચોથે દિવસે તેડયા ચોર, કોકીલ જાત હરામી ખોર. તેને તેની શોધજ કરી, ગરજ સાથે બોલ્યાં ફરી; અમારી જાતમાં નથી એ ધન નીસ્ચે મહીપત માનો મન, મુજમાં નીસરે તમારો ખેલ. તો પીતીને કહારો તેલ, પેર પેરના પુછયા સાથ, તેની કળસ ના આવ્યા હાથ, તેડયો પાંચમે દીવસે તેહ, મદીરા પાન પીનારાજેહ. તમ સઉકોમાં પાણી મરે, પુછો માલ જેપેદા કરે; તેણે ખેપ કીધો છે ઘણો પુછયો તાયફો પોતા તણો; રાજા તમને કહીએ કથી, અમમાં પાણી મરતું નથી. જાણે દંડ અમને આલજો, મદીરા ભઠીમાં ઘાલજો. પુછી લીધો તેનો પાર, નવ આવ્યો ત્યાંતી ભંડાર; રૂટા શાણા તેડાયા, હલકારા પંથે ખેડીયા; બીજા તાયફા પુછયા સહુ વેસ્યા વ્યસની ભંગી બહુ; કોહોડા થાય કુડા નવ થાય, વિચાર કરો આપે મનમાંય રાજા લે ભંગીનું નામ, એ તો નહી અમારા કામ; તમ પ્રતાપે આનંદ કીજીયે, બેઠા કે પાણી પીજીયે, અમને ભલાઇ છે તમતણી વાત ન જાણું ચોરયાંતણી, પુછી પાર લીધો તે દન, ના આવ્યું હાથમાં તે ધન કેટલા એકને દીધી આંચ. કેટલા એક મોરખાઇયા કરયા, કેટલા વન બોલ્યા બોલ, કેટલા એકને દીધા દોલ કેટલા એક મોરખાઇયા કરયા, કેટલા વન સંચરયા; નીસ ચરચા જોઇએ બહુ રાત. મધ્યાન સાંજ સવાર મધરાત પુછી જોયુ બધુ ગામ, લવલેશ જડયો નહી ઠામ; વિપ્ર આધ અઢારે વરણ પુછી વાત સુણી સઉ કરણ; વાત કરાવી વાતે ઘણી ચોરી ન જણાઇ માલજ તણી; જેટલી બુધ્ધ પોતાની હતી. તેટલી સહુમાં કીધી છતી. અગીયાર થયા એમ કરતા દન, અંબીકાલીએ તજ્યું છે અન; રાજ તેની શોચના કરે, હઇડે હરખ પોતે નવ ધરે. એનો ચોર કેમ પેદા થાય; વીચાર મનમાં કરેછે રાય, રહયો આજનો એકજ દિશ,સુણે

અરજ અમારી છશ. તો તો કામ અમારા થશે, નીકર બ્રહ્મહત્યા બેસશે; કહેશે લોક મુને જુઠો તરત. પરદુઃખભંજન નાશે વૃત. પ્રભાતે રાજા આવ્યા ત્યાંહ, ભરી સભા બેઠી તે યાંહ. કરી સભાને બેઠા રાય, સકળ લોક સહીત સભાય; સરવ તાયફા મુજરા કરે, આપ આપણે સ્થાનક ઠરે, એટલે જુવારી તે આવીયા, તે મહીપતને મન ભાવિયા. તેને પણ તેડયા એકાંત, મન તણી ભાગવાને ભરાંત,કોહો ભાઇઓ મુજ માલજ ગયો, તે કોઇથી નવ પેદા થયો; તમારે માથે આવીયું, કલંક મોહોત આરૂં લાવિયું; માટે સાચુ બોલો તમો. હેત કરી કહુંછું અમો એમાં, ચોર છે પેલા ચાર, જુવારખાના તણા સરદાર; નીત સભામાં આવે તેહ. શીતળ છે પોતાનો દેહ; ભય કોનો નથી લાવતો તેને નથી તસ્કર જાણુંતો પછીથી જોયા સઘળા લોક, તમે અમને પુછો તે ફોક. મનમાં આપ વિચારોરાય,તાહારો માલ કહીંયે નહી જાય;ખરેપેટ હોડ હુકડો,જેવો બહુચરાનો કુકડો, વળી ગોળી નેપાળા તણિ, જીવતિ માખ ગળેકો વળી;તરવારની આંસુજે સેહે, અગ્નિમાંહે ધરેછે દેહ;વાઘ સામો ધસેજે ઘણું,જાયજ્યાં-હાં અઘોરછે અણું તરી નીસરેસમુદ્રતીર,સોસરા વાવસહેશરીર. ખોલીજોવું પોતાનું મન,ઘરમાંનુઘરમાં છે ધન;જાણો સહુને મારોઠાર, ઉતારવા માંથેથી ભાર. કોહોડચાય ક્રોધના થવાય, વીચાર કરો આપે મનમાંય, રાજાએ દીધા પ્રતિબોધ, કહાડી નાંખ્યો મનનો ક્રોધ. ધીરજ રાખી પોતાને મન, કદાપિ પુછે રાજન; ઝાઝી વાતે સાચ ન થાય. માનો નહી તો મશકરી થાય; એમાં પ્રાક્રમ દીસે ઘોર, જુવારી માંહે છે ચોર. તે સમે પાવઢાનાં રૂપ, ઓળખી ન શકયો ભારે ભુપ, મારે મન તારૂ નહિ અરથ,નીજ મયે તો આપે ચથ. જુવારી મળ્યા છે ઘણા, ચાર ચોર કાઢયા મુજ તણા.પાસ બેસારી ચવરાવ્યાં પાન, ભરી સભામાં આપાવ્યાં માન; મનોરથ તેની કીધી ઘણી, આગત સાગત કીધી તે તણી, રાજાએ પુછયાની રીત, હું સાથે કરી બહુ પ્રીત;તમ સાથે મારે છે નેહ,તે વાતમાં નહી સંદેહ; હારજીત તે મહારે હાથ, નીત રમવું તમારી સાથ હુત જુવારીમાં નહી કર્મ, એ આ ક્ષત્રીનો છે ધરમ;નીત તમારૂ મહારે કામ,લેઇ ન શકે તમારૂ નામ. ઘણા દીવસની મારે ભુખ,કહો વાત તો પામું સુખ; કહો વાત ચતુરાઇ તણિ,ઇચ્છા સાંભળવા તે ઘણી. અમો શી વારતા કીજીએ, કહો તો હુકારો દીજીયે;વાત રાજા વિક્રમ ત્યાં કહે.હુકારો જુવારીદે;તારા દમણપુર પાટણ ગામ; નાહારસંગ રાજાનું નામ; રાજા ચાલે રૂડે કરમ,કોઇનો ના લોપે ધરમ, વચન ભ્રષ્ટ કોઇ નવ થાય; સતવાદી સકોમળ રાય, સુંદર બ્રાહ્મણ વીદ્યાવંત, સાહ શરોમણ અહકો સંત. નગ્ર મધે માંડે નીશાળ,ભણે વરણ અઢારે બાળ,કામ સાર જે વિદ્યા ભણે, લેખાં લાખ કરોડો ગણે; વાણીક વેપારી તન,તે તો પરમ મહોટા ધન, ડાહયો શાણો,દીઠો ઘણો, નાહાનપણમાં વિદ્યા ભણ્યો; ભણે પુત્રી એક વાણીઆ જ વળી, તેણે પ્રીત રમીશુ વળી; કરે એકાંતે હસતી વાત ભણતાં, વરસ થયાં શુભ સા

ત; ખાણું ભેળામાં લઇ જાય, મળી એકઠા બેઉએ ખાય; જીવ એકને જુદી દેહ, પ્રીત જેમ બપઈયા મેહ. એમ કરતાં બેઉ વિદ્યા ભણ્યા, પોહચ્યા કોડ તેના મન તણા; રહેછે જુજુવી શેરી છેક, રાય રંક પણ ન્યાતે એક. ત્યારે બોલી ન્હાની બાળ, હવે નહી આવું નીશાળ; ત્યારે તે મીરમ બોલીયો, પડદો મન તણો ખોલીયો, આટલા દીવસ ભણાવી તને, શું આશીશ ઘટશે મને; મન માગ્યું હું લેઉ આજ, ત્યારે સાધ મહારૂં કાજ. કહે નારી જે માગે તું, સત વચન તે આપું હું; ત્યારે તેનું બેસું મન, માગ્યું કપરૂ તેને દન; માગું બોલે દીજે તન, કન્યાએ સાંભળ્યું વચન; સાંભળતાં આવે છે લાજ મને, પરણે તો થાયે કાજ; આપી ધન કરૂં તાહરૂં, સફળ જન્મ થાયે માહરૂં, એટલું માગું તારી પાસ, તું પુરને અમારી આશ, અહર્યો પ્રીતી આપણી હોય, તે વાત ના જાણે કોય; કુંવરી કહે ચેતાવું વાત, પછે કહુ તુજ આગળ વાત; માહારૂ મન તો તાહરે સાથ; બાકી તો પીતાને હાથ; એમ કહી નારી ગઈ ઘેર, પીતા આગળ માંડી કહિ પેર. પીતાવર દેખાડુ અમો, તે વરને પરણાવો તમો; તે વાત ગમે તે તુને, દીન થકી ચેતાવું તુને; નાત આપણિ આપણું ગામ; લીધું વડ મીરમનું નામ; ત્યારે ખીજ્યો તેનો બાપ, શું બોલી અજાણુ આપ; હત્યારિ આપ, અતીશ, એ વાતથી છેદુ શીશ. તું દીસે છે કરમ ચંડાળ, અતીશે એવી દીધી ગાળ; બીજીવાર ભુંડું ભાખશે, મરડી ઝટ કુપમાં નાંખશે; હવે જો લેઇશ એનું નામ, તો તુને મારૂ આ ઠામ; એ રંક જાત મજુરી કરે, તે મહારિ કન્યા કેમ વરે. કરી પીતાએ અદકી રીશ, ગાળો તાંહાં દીધી દશવીશ, તે કુંવરીએ મુકી આશ, આવી મીરમ કેરે પાસ, માહારિ વાત; તમ પોહોતી નહી આશ, તમ પાસ આવી છું દાસ; મીર સાંભળ તું મહારી વાત તમ કારણ પુછ્યું મેં તાત; સાંભળતામાં રીસજ હુવે, ફરી કહે તો નાખુ કુવે, સાંભળતા મુને મારી ઘણી, અવગણના કીધી તુજ તણી; એવું કામ મેં તે નવ થાય, વચન ભ્રષ્ટ મહારૂ કેમ જાય. મીરમ કહે મારૂ શું ગયું, વચન ભ્રષ્ટ તારૂં તો થયું; કહ્યું કરે તે સાચી પ્રીત, નીકર લોકાચારજ રિત હવડાં તો કુંવારી છું, મન વિચારી જો તે તું; પરણિને પતી પાસે જાઉ. એ વચન ઓશીકલ થાઉ; તેના પહેલી આવું તારી પાસ, તમે રાખજો દ્રઢ વિશ્વાસ; હું વાચા સત વાચા લેઉં, કોલ સાત પરીયાંનો દેઉ. પ્રથમ તમને મનાવુ સુખ, પછે સ્વામીનું ભાળું મુખ; દીધો કોલ તે સુખી થયાં, આપ આપણે મંદીર ગયા; વાત કરી મનમાં તે ગઈ; વળતી વાત વીસારે પડી. દોહરા—વણીક તણો વીવાહ કર્યો, વરસ થયાં છે બાર; પંદર વરશે [illegible] મુઓ, તેને શીર પડ્યો ઘર ભાર. બે ત્રણેક વરસ થયાં, કરે પોતાનું કામ; કરી કોથળો તે ફરે, ભટકે બધું ગામ, વેહેવારીયાની બેટડી, વરસ થયાં અગીયારદ વીવા કીધો નગરમાં વાણીયાની વેપાર. પુરૂષ પરણિને પરવર્યો, પરસુદ્ધ પ્રદેશ પીયેરમાં રહિ પદમણી, જો મન ભાવે વેશ, રમેસડુ જમે સાસરામાં, જમે પોતાનો [illegible]; અવિદ્યા એક છે નહી,

સાંભળે નીત ધરમ. ચોપાઇ—વર પરણી પરદેશ ગયો. વહાણવટી વહેપારી થયો; પછી શાહુકારીમાં શાખ, જોડયા દ્રવ્ય હજારો લાખ. પ્રસન થયા છે બોલો ઇશ, એમ વરસ થયાં છે ચોવીશ; કાશદ ઉતાવળો આવ્યો ત્યાંહ, વહેપારીઓના મહોલામાંહ વધામણી લોબી લાવીઓ, વહેપારીને મંદીર આવીયો; સામા ચાલ્યા સહોદર સહુ, આલી અનંગળ લાવ્યો બહુ મળ્યો ભેટી સહોદર તેહ, અદકો મન ધરીને સ્નેહ; વહાલાને અદકુ હેત, માસી આવ્યાં ભાણેજ તેડી સ્ત્રી નવ લાગી વાર, પહેરાવ્યા શોળે શણગાર; આભુશણ શુભ મોતી તણાં, પહેરાવ્યાં વસ્ત્ર અમુલક ઘણાં; જથાજોઘ જમ્યો સહુ સાથ, એમ કરતાં ગઇ મધરાત સ્ત્રી ભરથારને અદકુ હેજ, એકાંતે પથરાવી શેજ; દીપક રાખ્યા ઝાક ઝમાલ બે જણાંને અદકુ વાહાલ. ચંપા દેવડાં સુકય માંહ, પેંડા પતાસાં આંણ્યાં તાંહ; કોટ માંહે મુક્તાફળ હાર, ટીલાં ટપકાં કીધાં સાર. કસુંબલ સાળુ કસબી કોર, ઝાઝો તાન કરે છે શોર; જળપાત્ર ઝારી દિવડો, આપ ઉલટમાં જીવડો. મધરાતમાં ઓછી છે એક ઘડી, તે વેળા સ્ત્રી મોહોલે ચડી; બેઠો વર મહા ઉલટ ભેર વણિક દીવસે આવ્યો ઘેર, શેજે પગ ધર્યો જયાહરે, પેલી વાત સાંભરી તાહરે; બાળપણાની વાતજ જેહ, વેશી દીલમાં અ વી તેહ. બોલીછુ હું મરમની સાથ, કોલ વચન અપ્યું છે હાથ; તે કોલમાહરો જો જશે, તો તો કાયાકાડી થશે, પગ ખેંચીને રહી, જોતામાંતો ઝાંખી થઇ. ચતુર ઘણો પુરૂષ તે તણો, સ્ત્રી ચરીત્ર ભણ્યો છે ઘણો. વરત્યું આપ નારીનું મન, બોલ્યો નારી શું જુક્તિ જન, જોતામાં કયમ ઝાંખાં થયાં, પગ ખેંચી કેમ ઉભાં રહ્યાં, સાચું બોલો અતરે આપ. તેનો ગુન્હો તમારો માફ, તેની શાક્ષી છે જુગદિશ, જોઇ કાંઇ આળ ચડાવું શીશ, તું જુઠું બોલે મુજ સંગ, તો કુણી થાજો તુજ અંગ.

દોહરો—સ્ત્રીએ મન વીમાશીયું, સીધી સાચે હોય; સુરજ શાખે હું કહું, અન્યાય બોલુ નહી કોય, જુઠી વાત બોલુ નહિ, જુઠી વાતે દેહ દુખ; સાચે સીધિ પામીયે, સાચી વાતે સુખ, સાચુ પુછો તો સાંભળો, થઇ છે વિપ્રીત વાત; નિશાળે હું બેસતી, વરસ થયા તાં સાત. મુજને એક ભણાવતો વણિક તણો એક બાળ; તે શું પ્રીત ઘણી મુને, જીવથી અદકુ વહાલ. જેવારે ભણી ઉતરી, જવા માંડયું ઘેર તે દહાડે તે બોલીયો, કહી અણઘટતી પેર, તુજ સાથે સંગે રમુ, તુજશું મેળું સંજોગ આલીંગન અપાવીએ, તુજ સાથે કરૂં ભોગ; મન મુકી મુજશું કહયું, મેં ધરયુ તે ચીત આજ થકી મળશું કયાંહી, સંસાર તણી એ રીત.

ચોપાઇ—તાહાં વચન આપ્યું તું અમો, મીરમ ધીરજ રાખો તમો; વસીએ છીએ તો એકજ દેશ; હવડાં છુ કુંવારે વેશ; પરણિ પતીના પાસે જશું, ત્યાર પહેલાં આ વિમલ થશું; પરણિ રાજ ગયા પરદેશ, ઘેર રહિ હું જોબન વેશ, એ વાત તો ગઇ વિસરી, ઘર મુકી હું નથી નિસરી; મુખ તમારૂ જોયું નહિ, તે વારતા સાંભળે નહી.

મારા ભાગ્યે આવ્યા મહારાજ;તે દહાડો હવડાં છે આજ,તે વાતની સુરતા થઇ,પ્રેમ ખેંચીને ઉભી રહી. તે મન માંને તો સાંખ. જો ગમેતો મારી નાખ; સાચી વાત ઇશ્વરને ગમે, સાચે શોક સજનનો સમે; એમાં જુઠું જે ઉચરે પુરવ જનમનું સુકરીતહરે; ઇશ્વર આંણુ એ સાચુ અમા, મુને આજ્ઞા દીજેજી તમો.

દોહરો—નાવ કહે નારી સુણો,વેગે તમે સજ થાઓ; વચન જે આપીયુ તાંહાં આ વેળા જાઓ; આતો પલકજ એકમાં, ના ધરશો કાંઇલાજ;જુઠ સંગે નવ રહુ, સાચાનું છે કાજ, ચાચું બોલો તમો, તેમ સાચો હું આપ;તેમાં ખેદ કરૂં અમો, તો બ્રહ્મહત્યાદીક પાપ, રીસ નહી એ વાવમાં, સાચુ કહુ આ દીશ; ચાર હત્યાશીર માહરે, તો કોપે ઉમીયા ઇશ.

ચોપાઇ—એવું સુણતાં નારી વળી, પાછી પગલે પાછી ફરી તાંહાથકી નારી નીસરી, પેહેલી વાત હઇડામાં ધરી,મુકયો મેહેલ શેરીને ગામ,આવી ચઉટામાં તે ઠામ, નીશા અંધારી માઝમ ઘોર;મળયા નારને તે વેળા ચોર, તેણે મનમાં કરયો વિચાર, લુટવાને માંડી તે વાર, આવ્યું ઘરેણું દળદર ગયું, ભલા કામ તે આપણું થયું; એની પાસે અદકો માલ, આપણે ચોર થઇશું નાહાલ, એ પાસછે અદકુ ધન. ચારે ચોરનું રીજયું મન;ઉતાવળા લઇ જઇએ ઘેર, પછે કરીએ બીજીપેર; છોકરાંમે સુખ પમાડીયે; રૂડી રિતે રમાડીએ. ત્યારે તે બોલી કામની નીશા અંધારી દીશે જામની પગે લાગીને નારી કહે, ત્યારે ચોર સાંભળવા રહે, ભાઇ મારે કામે જાઉછુ, લાગે વાર ખોટી થાઉંછું, એવું તે બોલી કામની કરે પ્રતીજ્ઞા તે ભામની, ઘડીએક બેસો આ ઠાર; ઉતારી આપુ સણગાર; જાવાદોને મુને આજ, તો થાઓ અમારૂં કાજ, વચન અમારૂં પાળો તમો, સુખેજ જાવાદોને અમો; કરવા જાઉછું માહારૂં કામ, પાછી ફરી આવું આ ઠામ, ત્યાં ગયે સરેછે કાજ; ત્યથી ઉતાવળી આવું આજ; જોકાંઇ આવે તમને હેત, તો જાવું શણગાર સમેત;તુજ આગળ ખાવા કમા સમ; તો આ વેળા ન આવું કયમ; ખરા સમ નારીએ કહયા. ત્યારે ચોરે સાચા લહયા;તેમાં તસ્કર બોલ્યો એક, મેલુ કયમ આવ્યું વશેક; બીજો કહે જાવા કયમ દઉ. શણગાર સરવે લુટીલેઉ, ત્રીજો કહે કેમજ મુકીએ, આવ્યું હોય તે કેમ ચુકીએ, ચોથો કહે મારૂં એ નામ, લુંટી લેઇશ આણે ઠામ, તારે નારી બોલી ત્યાંહ, હુંતો પાછીઆવું આંહ. નારી કહે રહો ઘડી, શાને વાત કરોછો વડી. હવણાં આવું નલાગે વાર. આપુ વસ્ત્ર સરવે શણગાર, લેજો સરવે અમારી પાસ, તમ ચારેની પોંચશે આશ, ચારે ચોર દયાવંત થયા, એવા બોલ તો નારીને કહયા, ત્યારે બોલ્યા ચારે ચોર, સાચી વાત એક તેણે ઠોર; હવડાં જઇ વેહેલા આવજો, પાછાં આભુષણ લાવજો, ચારે કહે જોઇએ પારખું, સતવચનએનું સારખું; મુકી દીધી ગઇ એ નાર, તસ્કરે મળી કરયો વીચાર. એની ભાનની ભોગી હોય, આપવા આવે બીજુ કોય;તાડે ચડા કો-

ખુન પડે,તાવને કહેશે કોણ એચડે;કોણ જઇને ફુડે એ નીર, કોણ બાળે આગનીમાં શરીર.ઘાવ કરે પોતાની કાય. કોણ ગાળદે પોતાની આય, મરવાને તે કોણજ જાય, હાંશે વીખતે કોણજ ખાય. ખાતરપાડાં આણે કામ; કરો આપઆપણું કુળકામ, તે વીધા છે તેને શેલ; ફાડયા સરકાર કેરા મેહેલ, કહાડયા માલ તે લાખ કરોડ, લીધે માલ હજારાં જોડ નીકળ્યો માલ નવ રહી મણા, હીરા ઝવેરને મોતી ઘણાં,લેઇ માલ ચારે નાંસર્યા;ગયા ગામમાં બાપાપરા; ઘડી એક બેઠા ચકિટામાંહી, તે નારીની શી ગત થઇ, ઉતાવળી શેરીમાં ગઇ; પિત હઇડામાં રૂડી પેર, ગઇ પેલા મીરમને ઘેર; કોણ આ વેળા અહીં આવીયું. રાત સમે તે શું લાવીયું કોણ છેરે બારણે તું, રાત સમે ન ઉઘાડું હું. તાહરૂં મુજને કહેરે નામ, આ વેળા મુજથી શું કામ, હું હરજીશા-ની દીકરી; પ્રેમે પુરૂશોતરને વરી, વહુ બેઠી છું વાણીકજ તણી, તુજને મળવા ઇચ્છા ઘણી.ઉઘાડી બાર ઉઠયો તે ધાઇ ભલે આવ્યારે માહારી બાઇ,ઘણે દહાડે તો મળયાં,નંણાને હાંકે દુખજ ટળયાં, તું બહેન તું માહારી માન, કેહેજે કહેવા આવ્યાં રાન, પુછો તેવું સાચું કહું, જે હું માહારા મનમાં લહુ જુવતીએ જોડયા બે હાથ, બોલી તે વણિકની સાથ, નહાનપણે ભણતાં જે દન, તે વાત વિચારો મન; પીયુ ગયો પરણી પ્રદેશ હું રહી ઘેર જોબન વેશ. આજ આવ્યો ઘેર માહરો પતી, ઇશ્વરે રાખ્યું છે સતી; સાંભળી વાત બાળપણ તણી, તુજને મળવા ઇચ્છા ઘણી. તેથી આવી હું તમ પાસ, તમને સંતોષી જાવું વાસ. ભરથાર જુવે છે માહારી વાટ, હું આવીછું કોલજ માટ,કોલ વાળુ તો સઘળું પળ્યું, નહીતર તેનું જીવતર બળ્યું શીક્ર બહેન તમો પાછાં વળો, ભરથાર તણી ભક્તિ સાંભળો.જાઓ જ્યો લાગે છે વાર, સંતોષો ભાન ભરથાર; પસલી આપી તેને ઠોર. દશાણુંણી આપી તે મેહેદાર. અમો શું આપુ બાપડા. લો રૂડાં કોરાં કાપડાં. આપી પસલી વળાવી તેહ, શીતળ થયો નારનો દેહ. નારી ચાલી આવી વાટ, બેઠા તસ્કર જોવા માટ; ત્યાંહાં આવિ તે જાહેર થઇ, ચોર આગળ તે વાતો ગઇ; કહો ભાઇ આવી હું આજ, તમો કરો તમારૂં કાજ. જ-વાદો મુજને લાગે વાર, ઉતારી આપુ શણગાર. સરવે વસ્તુ તમે લો લેહ, મુને માર-ગ જવાદો, બોલ્યા ચોર નારી સાથ, ધન આવ્યું અનમળ હાથ. પ્રથમ શુકન અમોને મળ્યાં, અમારી મનની પોહોચી રળી. મોતી જડીત પહેરી કંચળી, આપી પસલી માં તે વળી. હીર ઝવેરને કનક જડી, આપી વીંટી માંહે મઢી; સતિને આવી મનમ હયા,પ્રણામ કરીને તસ્કર ગયા. ચાર ચોરને કહી ગઇ, નારી આપ ઠેકાણે થઇ; વાટ જુવે બેઠો ભરથાર; આવી નારી ન લાગી વાર જોવા મુકે પોતાનો ધર્મ; ઇશ્વર રાખે તેનો મરમ. જેટલી વાતો થઇ, સ્વામી આગળ માંડી કહી, સાચું માન્યું તેણે સહી. એ વાત ઇહાંથી રહી, નીકય બેઠા વાતો કરે, બુધ્ધી હૃદેમાં ધરે. એક જોરમાં દૃષ્ટ જોઇ, ચાર આગળ માંડી કહો તેહ, તમને ચતુર આણું આમે, મહાસ્તો સનેહ

ભાગો તમો; શાહુ બેઠા કરો કલોલ, સભા માંહેથી ઉઠો શોળ, જુદા ખસો જ્યારે ચાર એકાંતે બેશી કરો વિચાર; રૂડી નાર કે રૂડો નાવ. એટલી વાત સુણ્યાનો લાવ; રૂડા ચોર કે રૂડો મીત્ર, એ ચારેમાં કોણ પવીત્ર; શંદેહ ભાગે મ્હારા દેહને, હું શીરપાવ આપુ તેહને. જેના મનશું જેવું લહો, મહારે મોહોડે તેવું કહો, ઉલાસે બેઠા એકાંત રાજાના મનની ભાગવા ભરાંત; ચારની કાધિ થોક, બેઠા છે બહાર બહુ લોક; એકાંતે તેડી કહીતી ગુજ, જેને જેવ ઉપજી સુજ. પ્રથમ ચોર પોતે આવીયા, તે વાતો એવી લાવિયા. ચારેમાં ભલો છે કંથ, બીજે નાહિ જવાદે પંથ; સ્રીઓ તે ઘણાં દે આશ, કેમ જવાદે બીજા પાસ સ્રીનાં વાઢો નાકને કાન, એવાનું ઉતારે માન; એવું વચન તાહરૂ તો બાળ એવે વચન ખુટે કાળ સ્રી બોળે બાપનું નામ, કંથ ન કરવા દે એ કામ; કંથ ભલો જાણુછું અમો, પછે મન વીચારો તમો; બીજા ચાર વળી હાજર થયા. તેણે બોલ રાજાને કહ્યા. મ્હારા મનમાં રૂડી કામનિ, નહીતો કેમ આવે જામની; બોલ્યુ હતુ બાળપણુ તણુ, પાળ્યુ એટલુ અચરત ઘણુ; બોલનાર તે સહુકો હોય; પાળે એક લાખામાં કોય; મારે મનતો એ વીચાર, એહ ચારમાં રૂડી નાર; પેહેલી વાતતો સંભારી કહી, મીત્ર પાસે જાવું જે સહી; ત્યાંહા ન જવાય તો શું થાય, બોલ ગીરત એનો કેમ જાય; ત્રીજો કહે બોલું ધરમ, સહુ પેહેલુ મીરમનુ કરમ. જેયાં તે જુવંતીના ચેહેન. ઓરત માણસ મુકી એન; તેતો ભલો છે મારે મન; રૂડો વણીકનો તન; ચારે જણે તો દીઠા તેહ, જેને લીધાં ઉપર નેહ; અમારે મનતો રૂડા ચોર, નીશા અંધારિ હુતી ઘોર નોહોતુ પાસે તેને કોય; શણગાર હજારજ કેરા હોય, સમતો ગરજે ખાએ ઘણી, કેમ તસ્કર માને ને તણિ; આવ્યું હાથ જાવા ગાંહ દેત, નારી પાસે સુખેથી લેત, નારી પાસે કોનું જેર, રાત અંધારી માજમઘોર બોલાવિને પંથે પળ્યા, ચારેમાં ચોરજ ભલા; રૂડા ચોર એ મનમાં હરે. પછે વિચારો દીલ તાહરે.

દોહરો—વિક્રમસેન વીચારયું, ચતુર ઓળખાય ચાર, કળસ ચાર ચોરે ખરા, લુંટયો છે ભંડાર. એકાંતે તેડી તેહને; ભાઇ તમારે શું કામ, આપો કળસ બ્રાહ્મણ તણા નહીતર મારૂ આ ઠામ, નામુકર ગયા માનુ નહી; છુજને દ્રઢ વીશ્વાસ, લક્ષ કોટી વાશે વશા દ્રવ્ય તમારે પાસ કળશ લીધા તેતો તમો, બીજા નહી સમરથ; હીમત કોઇની ચાલે નહી. ન લેવાય કોઇથી મથ. ત્યારે તસ્કર બોલીયો શું બોલો એ આળ; ઘડ ગળી કોણ પારખસે. ઉતરે શીરની ગાળ. ચોર તમો અમને કરો. અમારે શાહુકારી વાત; જેવું દેખું તેવું કહું, તેહ અમારી જાત, એતો કામ નહિ રાવળાં, એ જુઠનાં કામ, જે આવે દ્રષ્ટ આગળે, લોકો તેનું નામ. જાણોતો મારો ચોરને, જાણુતો હુટો વાસ; જાણો તો કરી જુવો, પણ દ્રવ્ય નહી અમ પાસ. અનેક પ્રકાર રાજા કરે, પુછી લીધો પાર; શામ દામ કોટીક કરયા; પણ ચોર થયા નહી ચાર. રાજા કહે

દીજીયે શુળીયે ચાર ચોવટે એ ચાર; પણ જીભ કઢાવો તાળવે, પંચ મુઠાળી માર. મુછે ન આવ્યા હાથમાં; ત્યારે આવ્યો કાળ; મેતલ રૂજનિ આજની; પીછશે પ્રાતસ કાળ, રકમ ગમે તેને હશે, તે તસ્કર મહાવીર; નીશ ચરચા રાજા ગયો તે રાજાને રે- હેવા થિર. ઘેર રાખ્યા ચારે જણા, તસ્કર જેનાં નામ; માલ પેહા કરીદોમુને, હવડાં આણે ઠામ.

ચોપાઈ—જોનો જોતો રાજા જાય, ઉજેણિમાં શું બોલી થાય; બહુ સુખી બોલે સહુ લોક, તસ્કર ઝાલ્યા તેનો શોક. છાનિવાતો કરેછે સહુ; સજ્જન દુરીજનબોલેબહુ નગર વારતા તે શી થાય, ગામમાં બોલી કેવી બોલાય. એક કહે તસ્કર ઝાલીયા; બીજો કહે અદ્રષ્ટ વાલીયા; ત્રીજો કહે ચતુર એ રાય; એ આગળ કયાં નાશી જાય; ચોથો કહે બનાવી વાત, અન્યાયથી આ ઝાલ્યા હાથ; ત્યારે બીજે મરડ્યું મુખ, વાત સાંભળી લાગ્યું દુખ; ઝાલ્યા તે જાણુ છું હું. હાહા થઈ શું કહે છે તું; માથાની ઉતારી ગાળ, પચાસ બ્રાહ્મણનો માલ. ગરીબને શુળીએ ઘાલશે થોડુક બ્રાહ્મણને આલશે; માલ પચાવાના એ કામ, રાજા લે તસ્કરનું નામ; જીભ્યાછે લાંબી માહરી. મુજને પરગત છે તાહરી; વાતો મોટાની કોણજ કરે. આવરદા વણ ખુટે મરે; માંહો માંહે એમ બોલે લોક; તેમ તેમ રાજા પામે શોક, લોકો વાત નગરમાં કરે, તેનો રાજા રૂહયે ધરે; પ્રાતુકાળે થાય દરબાર. તેડ્યા સભામાં તસ્કર ચાર; વગુ વાંક શા માટે મરો, કળશચાર તે હાજર કરો. તમ ચારેને શુળીયે દેઇશ; કળસ ચાર પાસેથી લેઇશ, તસ્કર કહે અમશું મેલ, આ તલ માંહે નથી તેલ; અમ પાસેતો દ્રવ્યજ નથી કોટી વરાં શું કહિયે કથી; બધુ ગામ જાણેછે તુને, સાચા થવા મારોછો મુને કળસ ચાર પોતાને ઘેર ધરો, ચોરી ઉતારવા હત્યા કરો; ઉતારવા માથાની ગાળ; તસ્કરને મારો તતકાળ; એ પ્રદુખભંજન કામ; થાશે નવખંડમાં નામ. એટલે આવ્યો પેલો બ્રહ્મ, રાજા શીદ કરે એ કર્મ; કરે હત્યાએ ચારે તણી, હુંતો લક્ષ્મી પામ્યો ઘણી; જાવાદો એને એનીવાત, શીદ મારો ફક્ત મુજ માટ; સમજ્યા રાય તમારો ઠાઠ, કળશ ચારના પામ્યા આઠ; તમને કહયું તે હા કીજીએ, નીમેશ હતી રહી લીજીએ; સહુકો આપ હઇડામાં લહે, રાજા મોહોડે તે કોણ કહે. સાચા તમોને જુઠા સર્વ, પેટ ભરી પામ્યો હું દ્રવ્ય; રાજાજીને ચેનન પડે, બોલે લોક તો અચરત અડે. કહયું અમારૂં કીજીયે, તસ્કરને મુકી દીજીએ; ભારી સભામાં પાણિ ગયું. કામ બ્રાહ્મણનું નવ થયું; તસ્કર મારે નવ આવે માલ, ન ઉતરેમાથેથીગાળ, તસ્કરને તેડ્યા એકાંત, મન તણી મુકીને ભરાંત ચાર તસ્કરને પોતે પાચ; સતવચન દેઈ બોલ્યા સાચ, જે તમો કહો તે કીજીએ, કળશ ચારમુજને દિજીએ, ત્યારે તે તસ્કર બોલીયા મન તણો પડદો ખોલાયા; સાક્ષાત કળશ લીધા છે અમો. શું જોર કરશોજી તમો ઘણું કરો તે મારો આજ, તેથી તો સરે નહી કાજ. એકાંત પુછે તો સાચું કહું, સભા વ-

યે નાસુકરરર જાઉ; અમને મારે બેસે ગાળ, હાથ ન આવે કોડી માલ;કળશ ડાટયા તેમાં રહ્યા, રઇયતે સહુ અન્યાઇયા કહ્યા; બાર દીવસ આજ પુરા થશે, વચન કહ્યું તે મીથ્યા જશે; જો કરશો મુજ સાથે પ્રિત, તે તો રાજા રહેશે રીત તમ સાનીધેતો સાચા થાઉ;સભામાં સમ કરોડો ખાઉ; કુળશ આપુ તો કોપો રાય, મારી નાખો પ-લકમાંય;અમો અમારે ઘડીયે ઘાટ,બેવાના ખોઇયે શામાટ. કદાચ જીવતો મુકો તમો થા રોજગારે જીવુ અમો; ચોરે ચકલે ચડાયુ નામ, ચોર કહેવાણા બધે ગામ, નવ ધીરે નવ પાસે રહે; ચોર ખરા એ અમને કહે; માટે આપ વિચારો મન, તેમાટે નવ આપું ધન; અમો ખોશું અમારૂ શીશ, જે ખાશે તે દેશે આશીશ.

દોહરા—સુપત કહે ભલે કહુ શરે હમારૂ કામ;ત્રાંબાને પત્રે લખી,આપુ વિશજ ગામ, મન મનાવું તાહરૂં, પોચાડું તમ આશ, વડા વજીર થાપુ અમો કાંઇ ન રાખુ પાસ; પુત્ર થકી વાહલા ઘણા, સભામાં બોલ્યું બોલ. તે વાને સુરજ સાખિયા પરીયા સાતનો કોલ; આગળ કોડ અંગ ગળે,જે નહી પાળે બોલ રીજુ પણ ખીજુ નહી, ખરો દેખાડુ ખેલ; મનમાની મોજે કરો, કરો રૂડી રંગાં રેલ, વચમાં હરસીધ માવડી. મહાકાળેશ્વરમેળ;મન માન્યું તસ્કાર તણુ, ચીતમાં રીજયા ચોર; કળસ આણીને આપીયા ક્ષણુનલાગી વાર, દેખે વધી મેહની,નરનારી સઉ કોય; આણ્યા કળશ સભા વાશે, જગત બધું ત્યાં જોય;તેમા ગણીને નાણા ભરયા, ટકા છનુ કરો-ડ; મહાલક્ષમી આપે તહાં, જોતાં પોચે કોડ. મહાલક્ષમીજી કળશમાં, વેદ પુરાણે વાસ,ને અગણિત આણી તહાં,પ્રિતે મહીપત પાશ સમરથ તેમાં અતી ઘણી, કોઇ-એ ન જાણ્યો મરમ; એક વીક્રમ જાણે.વડો ઇશ્વરે રાખ્યો ધરમ; સભાસદુકો દેખ-તાં, આપ્યા બ્રાહ્મણે હાથ; પ્રણામ કરયો પગે નમી.સ્તુતિ કીધિ તે સાથ; હું અપ-રાધી અતી ઘણો, હું છું બ્રાહ્મણનો રાંક આપ મંદીરે પોચાડુ હું, ક્ષમા કરો મુજ વાંક, એમ કહી પગે નમ્યો. રાજાએ નમાવ્યું શીશ; હરખ્યો બ્રાહ્મણ હઇડે ઘણું, અતી દીધી આશીશ, કોટી કલ્યાણ તરૂ થજો, નીત કરજો એવાં કામ, શાક વારતા ઘણી ચાલજો, થાજો જુગમાં નામ. કળશ ચાર લેઇ ગયો, બ્રાહ્મણ પોતાનેઘેર; રાય પ્રજા પામે ઘણું, નીતનીત નવલી પેર બોલ્યુ તે પળીયુ, વચન પોતાનુંસાર, તસ્કરે તે આપીયુંક્ષણુ ન લાગી વાર, તસ્કરને વળાવીયા, કરીને મન પ્રસન, ઓછવથયો સરવને, રીઝ્યો મન રાજન.

ચોપાઇ—કહે પુતળાં સાંભળ રાય;પરદુઃખભંજન તે કહેવાય; એવું સાભળી કરશે દાન; આ લોકે પરલોકે માન. દોહરા—શ્રીગોડ માળવી વીપ્ર શુભ, વિરેશ્વર સુત નામ; શ્રી નગ્ર રેવા તણું, વેમનપુર ગુણ ગામ; એમ કહીને પુતળી આપે ગઇ આ-કાશ, એહ કથા પુરણ થઇ; કહે કવિ શામળદાસ, શ્રોતાવક્તા સમજતા, કહે કવિતા કરજોડ, સામળભટ સાચુ કહે, બોલો શ્રી રણછોડ.

વારતા ૧૨ મી વિક્રમચરિત્રની.

સિંહકા નામની બારમી પુતળી બોલે છે તે વારતા રાજા ભોજ સાંભળે છે.

દોહરો—કલમ ભુતનયા વરણવું. આપો ઉતમ બુદ્ધ;વાસ કરો રસના વિસે. તો અક્ષર બોલું શુદ્ધ. વરણવું વીક્રમસેનને, બુદ્ધિ પ્રફુલીત થાશ, ધરમ બુદ્ધિબહુ ઉપજે, પાપ સમુળાં જાય. એક અક્ષર એ પદ તણો. જે જન ધરશે કાન પુન્ય ચંદ્રાયણુ વરતનું પ્રતિ અક્ષરે ગોદાન; શીંહાસન કંચન તણું લાવ્યો ભોજમહારાય; ગંગોદ કશું શુદ્ધ કરયું; ભરિ સભાની માંહ;ઓદ પંડીત પ્રતાપથી મુહુરત લીધું રાજન, જગ જાગ મંગળ કર્યા નગ્ર બધું ભોજન. ઘેરઘેર મરદંગ વાજીયા, ચિત્ર મોહોલ અવાસ; જળહળ રથર શણગારીયાં, કરી સભા ચોપાસ; દુધે ઉમર ધોવરાવીયા, મોતીયે પુરાવ્યા ચોક. કુમકુમ છડા દેવરાવીયા, અજવાલ્યાં મેડી ગોખ; રાજપુત્રી છત્રીય શુભ. મળ્યા રાણાને રાય, આજ્ઞા માગી ઇષ્ટની, ધરવા માંડયો પાય; હાંહાં રહેરે વેગળો, ભોજમાં ધર તું ચરણ. બોલી શીંહિકા પુતળી સુણો રાયજી કરણ. આસન ઇંદ્રજ પુત્રનું. પરદુઃખ ભંજન નામ: આસન જે નર બેશશે, કરે પ્રમારથ કામ. ભોજ કહે સીંહીકા સુણો; કોણ તે વિક્રમ ચરીત્ર; કોમળ મન થાય પવિત્ર, કેઇપેરે એ શાંભળું, કેઇ પેરે દેઉ દાન; કોણે એ વાતજ સાંભળી.જે આવ્યું ભોજ સુણે છે કાન.

ચોપાઇ—એક સમે એક બ્રહ્મની ગાય, જેમ હાંકે તેમ વાંકી જાય. ચઢી ગોવાળ ક્રોધીલનેરીશ, મારીગેડીકા તેને શીશ. નહીજ્ઞાન દયાનું વરત,સધ ધેનુ ત્યાં પામી મરણ;ઉભો ઉભો જુવે ગોવાળ; ત્યાં આવ્યો બ્રાહ્મણનો બાળ અલ્યા દુષ્ટ ધેનું મારી તેં, તેતો દ્રષ્ટ દિઠીમેં; નગરમાં અમો કહીશું જઇ, એની ગતી તે તાહરી થઇ ગોપ કોપ્યો તેહ અજાણ,લીધા બ્રાહ્મણ કેરા પ્રાણ. નવ લહી તેની કોણે પેર. આવ્યાં દુષ્ટ પોતાને ઘેર ગઇ રાત્રી અરધી જાહરે. ઉદર ધેનુ બોલી તાહરે ગરમાં ધરૂણી પોઢનાર; તેણે મનમાં કરયા વીચાર, નથી માહરા ઘરમાં ગાય. ગેબી શબ્દ તે કયાંથી થાય; દીવો લઇ પેઠી ઘર માંય, જોયુ પાડી પોડયો છે ત્યાંહ મુખમાં દીઠા કરોડ, ઉદર ધેનુ બોલે ગોડ;દુરગંધ ગંધ તેનો ગંધાય-પાશે ઉભા નવ રહેવાય નારી તે દેખીને વળી, હત્યા બેઠી તેતો કળી. કીધું પાપ પાપીએ પુર, વિતી રાત ઉગ્યો છે સુર; અરે પાપી તે કરમ ચંડાળ, સ્રીએ શીખ દીધી ગોવાળ; દુષ્ટ કરમ તેં એશું કરયું, તાહરૂં ઉદર કીડે ભરયુ, શીર હત્યા બેસારી કયાંહાં, ગાય બોલેછે પેટજ માંહ; મીલે જઇને ગંગા તીર, પાડ પંડને ધોઈ શરીર ભઠ પડયો તાહારિ દેહને, ત્યારે જ્ઞાન આવ્યું તેહને, શું કામ ઇચ્છે તું આજ,તે કહેતાં ન માનીશ લાજ. ગઉહત્યા બ્રહ્મહત્યા જેહ, ઉતારવા પાડુશું દેહ. અલ્યા કામ તાહરૂં નહી થાય, મુકીશ હત્યા ગંગામાંય હાંકી કાડયો દીધો માર, નાહાવા ન પામ્યો તે ઠાર; વીચાર કરયો પાપી મન; નીશા

પડે ગયો એક વન; મોહોટી કાષ્ટની ચીતા કરી, ઝંપાવા બુદ્ધિ મન ધરી, જવો પડે અગ્નિમાંહે, ચવનરૂષી તવ બોલ્યો ત્યાંહ; મુજ દેખતાં બળમાતુ આજ, કેહે તાહેરા મન કેરૂ કાજ, બેહત્યા માહારે શીર પડી, માટે દેહ બાળુ આ ઘડી.

દોહરો–વચન સુણી ચીતામાં ધસે, વાકચસાંભળ કરણ;હવડાં હત્યા બેયછે,વળતિ યારો ત્રણ લક્ષવરા અગ્નિ જપે. બ્રહ્મહત્યા નહી જાય; ચરણે લાગ ગઉતમ તણે, તો કામ કદાચિત થાય, મહારાજ જાણુ નહી, ગઉતમ કેરો ઠામ;હુ પાપીજઇ કેમ વસુ કયાંહાં ગઉતમધામ; જા પાપી તું ધામરો; દક્ષણ ગંગા વાટ; શ્રી નરમદા તીર છે, રામકુંડને, ઘાટ. શુલપાણી શાનીધછે, સીતાવાડી જ્યાંહ.નીત કરવા સંચાસમેં, ઉતમ આવે તાંહ; ઉતમ ઉપાય બતાવસે, જો લાગે જઇ પાગ;બાપ્રી જે હત્યા થકી, નથા રહયાનો જોગ.

ચોપાઇ–મહારાજ રૂષી પરકામ, દેખાડો ગઉતમનો ઠામ,માત તાતને ભરાતજ તમો, તમ શરણ આવ્યાછું અમો, આણીક દીનતા નાખી મુખ, પ્રસન થયા તાંહાં પોતે રૂખ; તે પાપીને ઝાલ્યો બાંહ, આવ્યા રૂદ્રદેવ છેતાંહ. નાહયો નરમદાથઇપ્રસન ગઉતમનું કીધું દરશન; વચન રૂષીએ જોડ્યા હાથ. બોલ્યા ગઉતમજી સાથ. તુજ સ્તુતી મનમાં આણજે; મુજતી અધીક એને જાણજે; ગઉહત્યા બ્રહ્મહત્યા જેહ; માથે લઇ બેઠાછે તેહ, તે માટે આવ્યા તમ શરણ, માહરી અરજ સાંભળજે કરણ; હત્યા ઉતરે નીરમળ થાય, મહારાજ કરોને તે ઉપાય.

દોહરા–કહે ગઉતમ રૂષીજી શુણો, પાપી થાય પવીત્ર;નરમદા સાનીધછે સાંભળ વિક્રમ ચરીત્ર, કીયા પુરાણ કોણ ગ્રંથમાં, કઇ પુરીમાં, કોણ નામ;કોઇરીધે તે સાંભળ, તે રહેતો કોણઠામ. ચોપાઇ–કળિયુગમાં તે વિક્રમ થયો, મનુષ્યદેવરૂશીએ લહયો; પુત્ર તેનો ઇદ્રજ તણો; સ્કંદ પુરાણે મહીમા ઘણો, દાત નહી કે રાજા પખે, રાજ કરયું ઉજેણ વિખે;તેના પુન્યની મહીમા ઘણી, થોડ કથા કહુ છુ તે તણી. બ્રાહ્મણની પુજા કીજીએ,ચરણામરત તેનું લીજીએ હુંકાર એનો છાંડીયે, રાજ્યાસન વળતુ માંડીએ; સુખડ કેશર કુમ કુમ ઘણા, પુજીએ તેની પોથી તણાં;કોટે પુષ્પનો પેમલ હાર. સભા કરીએ ઉતમ સાર, પોતાની કાયા શુધ કરી, બેશીએ સ્થાનક સાંભળવા ઠરી. કથા બત્રિશ સાંભળીએ કાન. મોહોટે તેવું દીજે દાન. દાન સુણું તે લક્ષજ થાય; બ્રહ્મહત્યાદિક પાતીક જાય; સત વચન બોલુ નહિ આલ, સાંભળ રાજા આણી વાહાલ. મન તણો સંદેહ ભાંગીયો, ભોજરાય પગે લાગીયો; વિક્રમના પ્રાકરમ હોય જેહ, અમ આગળ સંભળાવો તેહ. કોણ દુખીયાનાં ભાગ્યાં દુખ, કેમ પ્રજા પમાડી સુખ; કેમ દીન પુન્ય આચરયાં, પરદુખ ભંજન કેમ કર્યાં; શકરવતી ચાલે છે ઘણી. કથા કહો મુજને તે તણી;જ કુમારી પાવન થાઉં,ઘરમાં બેઠે ગંગા નાઉં; સાંભળ રાજા ચતુરસુજાણ, વીક્રમ કેરાં કરૂં વખાણ, એક સમે પોતે તાંહાં

રાય, બેઠા સીંહાસન સભાય, એટલે કાવડિયા આવ્યા જાત્ર, પુજવા જોગ એ પાંચે પાત્ર, ગંગાજળ ભરયાં તે માંહ, વઇજનાથ ચડાવા જાય. બાવો પાટ ખંડિ જ્યાં વસે, કાવડિયા તે શરણે ધસે, તિરથવાસી તેના નામ, ફરતા આવ્યા ઉજેણિગામ, નથ લોક લાગે છે પાગ સુંદર રહેવા આપી જાગ; કાવડિયા કહે છે કરજોડ, વિક્રમસેન જોવાના કોડ, વા ભાઇ મોહોટો પુન્યવંત શેન્યા ચશીત બેઠા છે સંત, જુઓ સભામાં શોભા હોય. આડિ છડિન કરે કોય, જાત્રાળુ જોવા આવ્યા જ્યાંહ, મહીપત આપ બીરાજે તહી. પ્રણમી ભુપને દીધા માન મેવા પુલ ફોફળપાન, કીયા, દેશવશો છો કયા, શા કામે આવ્યાછો અહી. સુખીયા કે દુખિયા છો મન, દાન પાત્ર કે જાચીક જન.

દોહરા—કાવડિયા કહે છે સુણો,નહી જાચિક નહિ દુખ,તિરથ સધળે જળ પીવુ સદા અમારે સુખ. દેશ નિરખું નિત નવા, ઉતમ તીરથ હોય, રાજ સુખ તમોલ્હો એ સુખ નવ લહે કોય, દેશ દેશની બોલીયો દેશ દેશનો દાર, દેશ દેશના વરણુવ બહુ સોભા અપરમપાર. કોનકો એક કઇ તણે;. માહગમાં થયો સાથ, હરદ્વારકાશી થઇ, જાવુ શ્રી વઇજનાથ. શોભા તમપુર દેશની, જોઇશું દિનને રાત. સ્નાન કરી ક્ષીપ્રા તણા પંથ જાશુ પ્રભાત.

ચોપાઇ—વીક્રમસેનનું હરખ્યું મન, અન્ન આહાર જમાડયા અન,વાટ ખરચી બંધાવ્યો દ્રવ્ય, નવિ ઠાવેડો કરાવિ સરવ તીરથવાસી બોલ્યા તેહ,વિચાર કરયો પોતાને દેહ, હું પણ પૃથ્વીબાવા ફરૂં, અડસઠ તિર્થ જાત્રા કરૂં, મુલકની ચરચા જોઉ, માહારા મનનો સંદેહ ખોઉ,પાતાને મન ઘડીઓ ઘાટ, પ્રધાનને સુંપ્યો છે પાટ. મહારૂ રાજ ચલાવો ધરમ; નવ ચાલીશ કાંઇ કુડાં કરમ, જાત્રાળુનો વેશજ ધરિ, આપ ખભે એક કાવડ ધરી,ચાલ્યો આપ વીચારી મન, તે કોઇ વાત નજાણે અન્ય જ્યાં તીરથ આવે ત્યાં નહાય, અનેક તીરથ એમ કનો જાય. નાયો રેવા ગંગાવાડી, વઇજનાથને કાવડ ચઠી,ઘણા દીવસ રાજા રડવડયો,કરણાટકમાં આવી ચડયો મધ્ય ચઉટા વચે ચોય, એક વણીક અદિભનું હાટ;થોડિ પુંજી થોડો વેપાર, દુરબળ જનનો ચાલે કાર રાજા બેઠા હાટે જઇ, ત્યારે કાવડ ભારે થઇ. મેલિ કાવડ રાખી ધિર. મુખ પખાળિ પીધુ નિર. ઘણાક ઘરાક હાટે ગયાં.જ્યારે રાજાનાં પગલા થયા, એક આવેને બીજો જાય, લાભ સવાયો તેને થાય, પોહોર એક એમ કરતા ગયો શેઠ સરવ વિર્ચાર રહયો, એક માસમાં વેચાયું જેહ, એક પોહોરમાં વેચ્યું તેહ.

દોહરા—એટલે ત્યા નિશાપડિ,વણિક લાગ્યો પાગ, મુજ મંદિર પાવન કરો તો આપુ રહેવા જાગ, રાજા કહે તમે સાંભળો માહારૂ રહેવાનું મન. નવ રાત્રિ છે માહારે. માટે રહેવું છે દશદીન, ત્યારે હરખ્યો. મનમા ઉપન્યોરંગ, મનવાંછીત

માહારે થયું, આળસુને ઘેર ગંગ. ચોપાઈ—પાછળ વરતે આગળ હાટ તેનો આરંભ વચમાં ઘાટ;એકાંતે જોતર્યા હેતે કરી.ભલી પેર મન હેતજ ધરી, પુત્ર વહુ પોતાની નાર, કહયો માંડીને સરવે વિચાર દેવાંશી દીસે પુતળુ, આપણું ભાગ્ય એ આવી મળ્યું;કર્મવંત પુરૂશ કો હોય, તે માટે રખે દુભે કોય, તે દહાડે રાજાને અપવાસ, કરી રહયો વનીકને વાસ; વિતી રાત્રી આવ્યો, વણિક સોદો લાવીયો, આણતાં પહેલાં વહીરે લોક, ઘેરે દોકડા કોરા રોક, અમલ થયો ત્રીજા દીન તણો, શોદો લાવ્યો દશજ ગણો;થાકે આપડા લેનાર વેચાતાં નવ લાગી વાર, ચોથ સત ગણો આણીયો.વેચીને હરખ્યો વાણીયો; વહેવાર તણો તો કહીએ ઠાઠ, થયા એમ કરતાં દીન આઠ;દ્રવ્ય કમાયો પુંજી થઈ, તેના મનની ચીંતા ગઇ. કંથ કામની સુતને વહુ, મળી વિચાર કરે છે સહુ;કુંવરી કન્યા વરસ તેર તણી, તેની તો ચીંતા છે ઘણી, આપ્યો લાભ ઇશ્વરે આજ.તો વીવાહનો કરીએ કાજ,વળ ખોળી જોયા દશ-વીશ, તેમ તેમ ચઢે કન્યાને રીસ, એકે વર તેને નવ ગમે,માબાપને તો અદકુ દમે; બોલી ભોજાઈ તે કન્યા તણી, સુખ મરડીને રીસજ ઘણી, એનો વાણીયો કેમ કહેવાય એતો વરશે વિક્રમરાય, રાણી થઈને ચાવે પાન. તે સાંભળ્યું કુંવરીએ કાન;ભાભી તું જે બોલી વાણ,તે તો નીસ્ચે સાચું જાણ, નિસ્ચે વર વિક્રમને વરૂ, નીકર હું કુંવારિ મરૂ. વિકરમ વિના પુરૂષ જે જાત,તે મારે માડી જાયો ભ્રાત.બ્રહ્મ હત્યાદીક પાતીક ધરૂ, વિક્રમરાય વીના જો વરૂ. એવી પ્રતિજ્ઞા કન્યાયે કરી,બાહાર બેઠે રાયે સાંભળી; મહા કવરધા ખાધા સમ, વીકરમને વરે છે કેમ. દિવસ એક બે વધતો રહ્યું, એ કન્યાનો પારજ લેઉં, સહુ સાહુકોને લાગ્યું કામ, રાજા પોઢયા પોતાને ઠામ.અરધ રાત ગઈ જ્યાહરે,એ કન્યા ઉઠી તાહરે ઘર ઉઘાડી બાહેર ગઇ, માહુપતને મન ચીંતા થઇ. ઉઠયો ચરચા જોવા કાજ, સુખ સેજ્યા કરીને તાજ. નીશ ચરચા તો નરપત જુવે, કન્યા ગઈ પાણીને કુવે.નીશચય મન નારીયે કરયું, ઝંપાવા માંહે મન ધરયું.

દોહરા—વીક્રમરાય પ્રગટ થયો, ઝાલ્યો તેનો હાથ;શા માટે એમાં પડે,મુજને કહે તે વાત. આપે હત્યા કોણને, તજે છે સઘળુ સુખ, બાળપણે કુવે પડે, શું પ્રગટયું છે દુઃખ સત્ય વાત જો કહે નહી, તો બ્રહ્મહત્યાદિક પાપ. આપ નીરંજનને ગમે, સમાવે તારો તાપ. ચોપાઇ—મધરાતે ઉઠી છું હું ક્યાંથી કરમે આવ્યો તું, સંક્ષેપે કહું તે સાંભળો.લાગે વાર નગ્રમાં વળો,મળ્યા સહુ સહોદર સાથ,માહારા વીવા-નિ કરવા વાત, સરવ જાતનાં જોયાં વર, ગણાવી દેખાડયા સર. ન ગમ્યો મુજને એકે સીધ, મુજને ભોજાઇએ મેણું દીધ. તેને તો કેમ ગમે વરરાય, વીકરમ સાથે વીવા થાય. મેહેણું દીધું રાજાતણું, મુજને તો દુખ લાગ્યું ઘણું, હું રાંક જાત તે દયણાં દળુ,વીકરમ રાજાને કેમ મળુ,માટે કુવે પડીને મરૂ અંતકાળે બોલ્યુ છું ખરૂ.

બાળપણે કરૂં છું આપ, તે વિકરમ રાજાને પાપ. કાને સાંભળ્યું છે મેં નામ, કોણ જાણે રહે છે કુણ ગામ. દોહરા—રાજા કહે રામા સુણો, અસત્ય બોલે આપ; તાહરે દુઃખે તુ મરે, રાજાને શેનું પાપ;મરણ તજો હરીને ભજો, પાછાં આવો ઘેર; વીકરમરાય તુજને મળે કરૂં હું તેની પેર. માનનીએ માન્યું નહી કરે ઝંપાપાત; હાંહાં કહી વિકરમે, ઝાલ્યો તેનો હાથ,અલ્યા શ્રાપ દેઉ તુજને કેમ ઝાલ્યો મારો હાથ, વરત મારૂ ભગાવીયું. કુંવારાનું મન સાથ;પરનારીનો કરગ્રહયો, થયું કન્યા વરત ભંગ, હવે જો બીજો વરૂ તો કોઢી થાયે અંગ, આપ પ્રાણ વેગે તજું; હત્યા તાહારે શીશ, ખાંપણ લાગે લાજમાં એમ લખ્યું જુગદીશ,

ચોપાઈ—રાજા કહે શામા સુણ તું, વિકરમસેન કહે છે તે હું; ઉજ્જેણીનું મુકયું રાજ, અડસઠ તીરથ કરવા કાજ, જાતો તો હું માહારી વાટ, થાકયો બેઠો તાહરે હાટ;દશ દીવશ રહયો તમ ઘેર, સઘળી નીરખી તાહારી પેર માહારી જાત્રા પુરણ કરૂં, ઉજેણ જઇ તુજને હું વરૂ; સુણી વાત હરખી કામની,પાછલી પોહોર રહી જામની,દુઃખ દહી રહયુ માહારે, હું તો પગે લાગુ તાહરે;વ્રત કુંવારૂ સાબુત રહયું;વીકરમ પામી કારજ થયું, અબળાની અરજ સાંભળો કરણ, ગાંધર્વ વીવા કરીને પરણ;કામાતુર આલીંગન આલ;કહે વેદના મહારી ટાળ,રાયને ચઢી છે રીસ, ગાળો દીધી છે દસવીસ; એક તો લંપટ કહે સહુ લોક, બીજુ એ તીરથ વરત ફોક, નારી વીના જોડુ નેહ, તો કુષ્ટી થાયે મારી દેહ; વળી વિચારે વિકરમરાય, આશા ભંગ એની કેમ થાય;અસી હત્યાદીક પાપ થાય, કુંભી પાપની પાણે જાય,દોહરા—રાજા કહે એનું કરયું, એ ભોગવશે પાપ;હવડાં જે કહે તે ખરૂ, પછે કરૂની આપ; સ્ત્રીની બુદ્ધિ પાનિયે, કરે ઉતાવળું આજ;કામ વશ થઈ છે ઘણી,એનિ ભાગુ દાઝ.ચોપાઇ—રાયે ગાંધરવ વીવા કરિ,તે વેળા તે નારી વરી;રૂતુ દાન આપ્યું, ત્યાં સ્ત્રીનુ મનાવ્યુ મન. આગળ પાછળ આવ્યાં ઘેર,બીજું કોઈ નવ જાણે પેર; પ્રાતુશકાળ થયો જેટલે, સહુ સુતા ઉઠયાં તેટલે, રાજા ઉઠયો કાવડ ગ્રહી, પંથ જવાની વેળા થઈ; છાની ચીઠી રાખી સાથમાં, આપી તે સ્ત્રીના હાથમાં;રાખે જઇ તે અગોચર ઠામ, આગળ એનું પડશે કામ. સહસ્ત્ર મોહોર શોવરણજ તણી ખરચિ તેને આપી ઘણિ, તે કોઈ નવ જાણે વાત સુતા ઉઠયાં જનુની તાત, ચિઠી ખરચિ તેને દીધ, શિખ માગી કર યો પંથ શિધ. અડશઠ તીરથ પુરાં થયાં, રાય વિકરમ ઉજ્જેણી ગયા; વિકરમ બેઠો સીંહાસને જઈ; પ્રજા સહુ રળીયાતજ થઈ; દીન પુઠે દીન તો વહિ જાય, આનંદ સહુને અદકો થાય, દીન પ્રતે દે ઉત્તમ દાન, જાચક જન પામે છે માન; દુઃખીયાનું ભાગે છે દુઃખ, પ્રજા શહુ પામે છે સુખ; એહ વાતતો અહીંથી રહી, પેલી સ્ત્રીની શી ગત થઇ.દોહરા—ઉદયે ગર્ભજ વાધીયો, જેમ જેમ જાએ દીસ; ખાંપણ લાગી દેહને, ચડયું આળ એ શિશ. જગ્યા ન આપી ગામમાં, મહીયરને મુસાળ;;વરણ

અઢારે સાંભળ્યું, ચઢયું કુંવારા આળ. ચોપાઇ–માત પીતાએ તે પરહરી, ફટ ફટ સહુ કોયે તે કરી કુળ લજવ્યું છે અમ તણું, જાણ્યું તારૂં મોટમપણું, ભોજાઇ કહે એ પ્રાક્રમી ખરી, નણંદ વીકરમ વરને વરી; એવાં અનેક સહુ મહેણાં દીધ, તે સૌ સ્રીયે માંથે લીધ;મોહોટી નાત હાકમનો ડર,માબાપે તજાવ્યું ઘર.સોનું અરશે આવે વાન, જે પહેર્યાથી તુટે કાન; કહો પગ કાઢેથી સુખ થાય,ઉત્તમ સંગે ઉત્તમ જાય;ઉદર ગરભ તેણે કારણે, તે કાઢી મુકી બારણે. દોહરા–માનની મન વીચારીયું, ન સરયું એકે કામ; હવડાં કો માને નહીં, જો લઉં વીકરમ નામ; ઇસારત એકલી કરૂં તેતો સરવે ફોક; કહુ કંવારી રાયે વરી, તો હસશે સરવે લોક; કામ જોડીએ ઘ્રાડથી મોહોની વિદ્યા હોય; ભુરકી નાંખી વાતમાં,તે અન્ય ન જાણે કોય;વિકરમ રાય પોતે થયો જુઠું દીધું નામ;હું એને કહી વરી, કરયું અણઘટતું કામ, સ્રી બુદ્ધ તો પાનીયે, થઇ હું તો અજાણ; ખાંપણ લાગનારૂં લાગીયું, સઘ તજુ હું પ્રાણ; સાચાનો સુરજ સાખીયો,પ્રતક્ષ દેવ કહેવાય;જોઉં ગરભ શો પ્રસવે,જે લખ્યું તે થાય.

ચોપાઇ–તે નારી આવી ગામજ બહાર,શીવ પ્રસાદ કરે તે ઠાર; પાસે પોતાને છે ગરથ. તેથી સરશે સઘળો અરથ, ગાંમરવ એક છે અવાસ. રાખી ઘરમાં કરી તે દાસ; મેહણાં દેઇને થાકયા લોક, પોતે છાંડયો રૂદેમાં શોક; આપે માંડી બેઠી ઘર સુત્ર; પુરે માસે પ્રસવ્યો પુત્ર, રવિ આકારે તેનું તેજ, જે દેખે તે અદકુ હેત, આવે નિરખવા બધુ ગામ, રાજરતન પાડયું છે નામ, દેખે સામુદ્રિકનાં છે ચેન અરજુન સરખો બાજે એન દીરઘ બાહુ ને ભરૂકટી કપોળ, ઉર વિશાળ સરખું છે લોળ, રાંક ઘેર આવ્યું રતન, તેનાં સહુ કરે જતન જનમ અક્ષર માંડયા તે તણા નવગ્રહ ઉતમ નહિ મણા,અંતર ગુરૂ ચંદ્ર માહ દશા, કેંદ્રસ્થાન કે ભગુજી વસ્યા.ધન સાતમે છે શની, પ્રાકરમ ભુવન બલબની,દશમ મંગળ આણંદે જાય, તેમ તેમ બાળક મોહોટો થાય,શુકલ ચંદ્ર વાધે છે જેમ, લક્ષણ રૂપ વાધે છે તેમ, વરસ સાત થયા જ્યાહરે નિશાળે મુકયો તાહરે, વણ શીખવે વિદ્યા તે ભણે, લેખું તો લાખેણું ગણે, મહોટો તેને સઉએ કહ્યો; વડો નિશાળીઓ તેનો થયો, પુછે જે નિશાળીયા રહે, તેને સહુ નબાપા કહે; મારયો કોરડો એકજ બાળ. તેને મોહોડે દીધી ગાળ; ન બાપો કેમ મારે મને, મેહેતા કને હું લઇ જાઉં તને; કાન સાંભળ્યું તેણે રીશ, પગની જ્વાળા લાગી શીશ;તે સમે વરસ થયાં છે બાર, જાણે સઘળા રાજ વિચાર; મ-ધ્યાને આવ્યો તે ઘેર, જનુનિને પુછી સહુ પેર;પેટ પાળી મારૂ આપ, દેખાડને તું માહરો બાપ; હાથ ચુડો માથે કેશ,જોબનવંતી બાળે વેશ.શીવ આજ્ઞા બોલોને સત્ય,જાણે અજાણે થઇ જે ગત;કલંક તે માનવીને ચઢે,માહા દુખ મનુષને પડે;માટે સાચું બોલજો, મન તણો પડદો ખોલજો. તું જેવિ તેવી માય, તુજને દીઠે તિરથ થાય; સાચું બોલો તો દીલમાં ધરૂં. નહીં કહેતો મારીને મરૂં; સત કહોને કયાં

મુજ બાપ,તુજને હત્યાદીક પાપ એવિ વાત માએ સાંભળી, બ્રહ્મહત્યાથી આપ મન ડરી. લખી મેહેલ્યું છે ઘરમાં પત્ર. આપ્યું પત્ર હાથે તત્ર, તાહારો પીતા નવ જાણું હું, આ વાંચી ઓળખને તું. ઘટે તે શીક્ષા આલજો,માંહે લખ્યું તે પાળજો, ઉકેલ્યો કાગળ હેતે કરી, માંડયો વાંચવા દ્રષ્ટે ભરી.

દોહરો—સ્વામિ શ્રી ઉજેણિ ધણિ, ધીરવિર જેરાય; પ્રદુઃખભંજન સુખકરણ, વિક્રમજીત કહેવાય, સહોદર પરનારનો, સુખકારી જે આપ;ઇંદ્રથકી ઉત્પન હવો, વહ તમારો બાપ.નથી કાંઇ ખાંપણ નારીમાં,ઉજ્જવળ કરમી અંક,પરણિનેમહેલે પરહરી, મન નથી જાણી કઇ વંક,દ્રવ્ય આપ્યો છે ઘણો, પછે લીધિ છે વાટ,બેઠા ખાજો બે જણાં,પુત્રને માતા માટ,આવે પુત્ર જો રાજવિ, મુજ વિર્યથી હોય; તો મુજને જગાડજે, મન નવ જાણે કોય, બત્રીશ લક્ષણ આગળો, સંગીત શાસ્ત્ર સુજાણ મુજને આવી છેતરે, એ લખીયું એંધાણ.

ચોપાઇ—એવું પત્ર પોતે વાંચીયું, ખાંતે દલમાંહે સાચીયું. હરખ મનમાં જાગીયો,માતાને પગે લાગીયો, મારી માતા અવતારજ ધન, કોઈ જન્મનું પ્રગટયું પુન્ય. અશ્વ એક અનોપમ લીધ,દો આજ્ઞા મા કરીયે—શીધ જઇ વેગે જગાડુ રાય, તમને હું તેડાવું માય,લોક અપવાદ ટાળુ મન સૂત્ર,તો જાણજો જાયો તમ પુત્ર.મા-રિ ચીંતા નવ કરશો તમો, કોઇનો ગાંજ્યો ન જાઉ અમો; પ્રદક્ષણા દેઇ પગે લાગીયો,આશીર વચન માગીયો. ઉત્તમ શુકન મારગમાં થાય;પુત્ર પીતાને મળવા જાય; વનમાં શુકન પંખીતણા, પામે રાજ તેમાં નહીં મણા, ઉજેણ તુરં ખેડયો તે રાય, પુત્ર પીતાને મળવા જાય. એક માસ ઉપર દીન ચાર, ગયો આવંતી રાજકુમાર ચાંડવ નરત્ય સભામાં થાય, તે એક જોજનથી સંભળાય.નગ્ર માંહે અઢારે વરણ, હરીકથા સુણે નીત કરણ, પગલે પગલે શિવ પ્રસાદ,સઉ તણે મન ઉલાદ. રચ્યા રચાન વિશ જોજન વાટ. ઘણા કુવા પાણીના ઘાટ. ક્ષિપ્રા ત્રટ બીજી ગંગ, સ્નાને થાય પાવન અંગ.સહુ માનવિ જાણે વેદ;ઇંદ્રિ જોવ અધિપતની ટેવ,વિષ્ણુ સરખા સઘળા બ્રહ્મ, અગ્નિ હોત્ર પાળે ખટ કર્મ, જાણે પદમની સરવે સખી, ઇંદ્રપુરી આકારે લખી,ધર્મવંત અઢારે લોક,નહિ કોઇને વ્યાધિકે શોક કામદુરગા જેવિ સઘળે ગાય.ધર્મમાર્ગ તે સહુકો ધાય. રાજરામ શ્રી વિક્રમતણું, શું વખાણ કરિયે મુખ ઘણું; ઇંદ્રિઆકારે ફરકે ધ્વજ, અઇરાવન સરખા માંહે ગજ.ઘેર ગંગાજળ ઘોડલા ઘડ જાણે લંકા ટોડલા. એવી નગ્રિ ઉજેણિ વડી,શકે વિશ્વકર્માએ ઘડી સીના ચી-ત્રામણ ઘેર ઘેર, પતીવ્રતા પાળે બહુ પેર; સહુને મન પરમેશ્વર બ્રહ્મ, કો કોનો નવ ચુકે ધરમ. વઇશ કરે વેપારિ હાટ,લાભ લે બ્રાહ્મણને ભાટ. ક્ષત્રિ ક્ષત્ર વટારણમાં ચઢે, સાધુ પંડિતોશું વઢે રાજાનો સત્ય બાંધ્યો પંડ; કરે અપરાધ તેવો દે દંડ,વિસ્મ અજાચિક સહુના મન, રાજા પુરે બેઠા અન. પવિત્ર કાયા નિર્મળ દેહ,મનવાંછીત

વરસે છે મેહ;બેઊ જનને અદકો લાભ, રાજા લે દસમો ભાગ; જ્યાંહાં આણુ ધરમની ફરે, ત્યાંહાં વીવન કોઈ નવ કરે. રામ રિધ એવું છે નામ;રાજકુંવર આવ્યો તે ઠામ, અજાણ્યો રાજ સભાએ જાઉ, તે તારણથી હળવો થાઊ.

દોહરા–ટોડે ગામને પેસતાં, સુંદર વાડી વન, તે જોવાને આવિયો; તે દહાડે રાજન. દળ પરાઠી ઉપડયું, જાણે સાગર પુર;તે સાથે શોભી રહયું આભા મંડળ માં સુર. દુદંભીવાજે ગડગડે, જેમ ગાજતો તેહ; તારા મધ્યે જેમ ચંદ્રમા,તેમ રાજાનો દેહ. ઘટા ઘડી ઘન તણી. તેના શોભે ગજ; તે મધે જેમ વિજળી, તેમ ફરકે ધ્વજ. ધરૂજે કાયર દેખતાં, ગળે દુશમનનિ જાત; સહોદર ખીલી રહયો.જે અંબુજે પ્રભાત. ખલક જોવા ઊલટી, મહેલીને ઘરસૂત્ર, માંહો માંહે નિરખીયો,મહીપત પોતે પુત્ર.

ચોપાઇ–નરપતી નીરખી ઉલટ થયો. રાજ સાભામાં રાજા ગયો;સહુ સહુકોને વળગ્યું કામ, રાજકુંવર ઉભો તે ઠામ. બુધ વિચારી તાંહાંકારણી નરી માંહી ચતુર માલણિ; નારિ એક બેઠી તાંહ, પેઠો પોતે નાડિમાંહ,બાંધ્યો તુરિઆણીને ધીર, મુખ પખાળી પીધું નીરઃ આડી દ્રષ્ટે જોયું ચેહેન,હારજ લેજો માહારી બેહેન,પ્રદેશી પરૂણો આવીયો પસલી એકકાપડુ લાવિયો, એમ કહી ગયો તે પાસ.મુકીમોહોર હેમની પચાસ; ભલે આવ્યો માડિનો વીર, લીધાં ઓવરણાં દીધી ધીર. જીવી જીવજો ડુંગર તણિ, વાધોલાજ વિક્રમથી ઘણિ; અનેક એવિ આશીશકરિ મેહેલી છાબ લાવિ પુષ્પતણિ, પરેમ હેતને ઉલટભેર, તેડિ ગઇ પોતાને ઘેર; ખાનપાનને અમરતપપાક,રસોઇ સુંદર અત્રિશશાક, લવીંગસોપારી ઉજવળ પાન.સંતુષ્ટકરયો દઇને માન;ઢાળ્યો ઢોલીયો સકોમળ સેજ,પોઢાડયો બાંધવ આણિ હેત,રતનકમળ મુકયો દિવડો, તું માડિજાયો વિરડો; સુખ પામ્યો શોહોદર જાત, પછે પુછી વિગતની વાત. કુણ દેશને કયાંહાં ઘરસૂત્ર, કુરાજવંશીના પુત્ર, કુણ પનોતી કુખે ધરયા રૂડા કરમની કુને વર્યા, શું જાણું સેજે છે કષ્ટ ઘણે. પંથે પળ્યા છો જોબન પણે સત્ય વાત ગમે તે કહો, મુજ આશ્રમે સુખે રહો, મુજથી થાય તે દીજે કામ, હું બેન બાંધવને નામ. રખે રાખો મનમાં ખરેખરો, મન મેહેલીને વાતો કરો.

દોહરા—રાજકુંવર કહે બેનડિ, હવડાં નરપતી કામ; તારે ઘેર રહયા થકી,જણાશે બાપનું નામ, પ્રગટ થાશુ એક માસમાં, ભાગશે મનસંદેહ;ત્યારે પસલીઆપશું, મન ચીંતવશો તેહ. જો અમને રાખી શકો, તો રાખો આ ઠોર. આગળથી તમનેકહું, હું છું રાજાનો ચોર,અમને રાખે કોપશે,તારો વિક્રમરાય, પેહેલી દુભવ્યુ તે રૂડિ, હવડાં કેશોનાય. બેનકહે શુણબાંધવા,ધન આજનો દીશ, રાજાવિક્રમ કોપશે, તો તાંહાં દેઉ શિશ, જેનેઘેર પરૂણલો, તેને મનતો દેવ, માટે મારો ઇષ્ટતું કરૂ તમારિ શેવ માહારિ જાત માહારો ધણિ, મારો જાયો પુત્ર, તે સર્વે છે તાહરૂ,

શમરથ સહિત ઘરસુત્ર; ઘરમાં બેઠા રહોતમો, મુજને સોંપો કામ; ઇચ્છા ભોજન નીત્ય જમો, ખરચો દહાડી દામ જાઉં નીત રાજદ્વારમાં લાવું ઘણેરો ગ્રથ; ચરચા નીત્ય તેની કહુ. જે કાંઈ હાએ અર્થ. ચોપાઈ—વારૂ બેનડી દુઃખ જશે, ભારેકામતો તેથિ થશે; એમ કહીને હામજ ધરિ, પોહોડયા સહુકો નિદ્રા કરિ. પ્રાતુકાળ ઉગીચો રવિ, દાતા ભક્તિને વેળા હવી; સ્નાન દાન કીધાં ભોજન, પંચામ્રત આરોગ્યાં અંન; બીજા દીવસનિ રૈહેણી થઇ. ફુલ આપવા માલણ ગઇ. બેહેન તુજને આપુ પત્ર, રાજસભામાં નાંખો તત્ર, આપી ફુલ વળી તે નાર. નાંખ્યો પત્ર સભા મોજાર; બીજે દીનસે બેઠા સહુ સાથ, કાગળ ગયો રાજાને હાથ; બીડા દેખી વાંચ્યુ હેત, વાચ્યો સાંભળતાં સભાસમેત, સ્વતશ્રી વિક્રમ રાજન, પવીત્રછોજી નિરમળ મનલખીતંગ છે માહારૂ નામ, અમો રહ્યા તાહારે ગામ, ગરાશીઓ ઉજેણિતણો, માગુ દ્રવ્ય અનગળ ગણો; માટે આવ્યો છું તમપાસ, બાર વરસનો લેઈ ગ્રાસ. આજન આપો તો બમણો લેઉં, દંડ રાજા પ્રજાને દેઉં; માહારો માલ ભોગવશો તમો, બારવટીએ રહીશું અમો; જાગ્ય જાગ્યરે હવેતું, મારા માલને ભોગદારિ હું, સંક્ષેપ લખું છું આજ, નહી ચેતે તો લેઇશ લાજ; એવું વાંચ્યું પોતે રાજન, લાગી ઝાળ પોતાને મન. સાંભળતામાં સહુકો હસ્યા, મર્મ બોલ આ મનમાં વસ્યા; ચિતરામણ લખ્યા હોય જેમ, સભા રહી સાંભળવા તેમ. કહો ભાઇ આ લખનારો કોણ, થયો ગરાશીયો પેદા ઓણ; લખી વાત જેણે આવડિ, ધન કુખ એનિ માવડિ, લખ્યું પાળે તો સાચો હોય, નહિતો લબાડ લખ્યું છે કોય; છાના કાગળ નાખે મેહેલ, કરવું કઠણ ને લખવું સેહેલ. એમ કહીને બીડું કરયું, ભરિ સભા મધે તે ધરયું; આ લખનારને લાવે અહીં, રાજાનું બીડું ચાવે સહી; મોટી વાત મોટાના કામ, કોઇ ઘાલી શકેનહી હામ; શેહદેવ મુળદેવ બાંધવા જેહ. માહા અશકરા પંડિત તેહ, તેણે ઉઠીચાવ્યાં પાન, મહિપતે દીધાં બહુ માન; આજતો આ કારજ કીજીએ, શરપાવ શવારે તો લિજીએ.

દોહરો—પડો વજડાવ્યો પુર વિષે, રાતે નિકળે કો બહાર; તેને તસ્કર જાણવો, મારિ લાવું આ ઠાર. ચોપાઇ—આજ રાતે નિકળશે ઘોર, તેરાજા વિક્રમને ચોર, પંડીત લાવ્યા પોતાને ઘેર, મનમાંહે વિચારિ પેર; ચતુરાઇએ તસ્કર ઝાલવો, પંડિત જસ રૂડો આલવો; મુકાવ્યા દરવાજા ઓળ, બે ઉઘાડિ મુકી પોળ. જો લખનારો પ્રાક્રમી હશે, તો માજમ રાતે પેદા થશે, હેડ સાંકળીને બંધે કરી ચાલુ ચરણ તેને છેતરિ. શેહદેવ ઉગમણો ગયો, મુળદેવ આથમણો રહયો; તે માલણે લીધોપાર. કહયો કુંવરને સરવ વિચાર. કોઇક ઠગ નગ્રે આવિયો, રાજાશું આડિ લાવિયો; તેને આજ પંડિત ઝાલશે, બાંધિ બંધ હેડે ઘાલશે. વારૂ કહીને પોઢયો વિર; હવે કરૂં હું પ્રાક્રમ ધિર; સહુ ધારણ પડયું જ્યારે, મધરાતે ઉઠયો તાહરે. સ્ત્રિ શણગાર તે સારા ઘણા,

શત સહસ્ર અલેખે તણા; છુટી વેણુ સવાગજ કેશ, થઇ રંભા કોઇ બાળેવેશ;નખ શીખ સજ્યા સોળ શણગાર, પારીજાતક મુક્તાફળ હાર; હેમ ઝુમણુ મોતિલેહેક, પરેમલ બરાસ કસ્તુરી બેહેક.જેવી પદમની બ્રહ્માએ ઘડી. તે થકી દીસે કોયકવડી ચરણાચોળી કંઠી રંગ, લીધા થાળ મોતીના સંગ.કુમકુમ ચંદન પુજા ભરી,દીપક જોત માંહે ધરી;શેહદેવ બેઠા છે જ્યાંહ,રમઝમ કરી આવી તાંહ,નાંખી ભુરકી મોહનીતણી; લાગી ખંત જોવાની ઘણિ;ઉઠી આવ્યો જોડી હાથ,બોલ્યો તે જુવંતીની સાથ, માઝમ રાતે આપે જાણ;કેમ લોપો રાજાની આણ; શાની થાળભરી લાવિયાં કેમ મારગ આપે આવીયાં.

દોહરો—રાતે શીવપુજન કરૂ, માહારે બાધા આજ; ભરી થાળ પુજા તણાં, આવી છું તે કાજ; પ્રધાન એ મારો ઘરધણી, નારી કહુ કેમ હોય; પડો વાગ્યો છે રાયનો,સાથે ન લીધું કોય ચોપાઈ—એમ કહીતે ચાલી જાય,વિપ્રતણું મનવિહ્વળ થાય; ખોળીયું તે ઠેકાણે રહ્યું, જીવને મન તે કેડે ગયું; કરી પુજાને પાછી વળી, પંડીતને મન પોતી રળી,બેઠા વાટ જોઉ છું અમો.કાંઇક પ્રસાદ આપોને તમો, લટ પટ કરી રાખી કામની,નહિ કોઇ પાસે જામની, જાતે નારીને ઠામ એકાંત.તેનેમન કેમ આવે ભ્રાત,કામની કહે કેમ બેઠા આંહ,શો વિચાર કરો મન માંહ; એક ઠગછે તેને ઝાલશું, તેનો ચરણ હેડ ઘાલશું; કહે સ્ત્રી મુજને દેખાડ, મુજ સાથે નકરશો રાડ; માહરૂં કહ્યું કરજો ઘણું,અમો કહ્યું કરૂ તમ તણું, એવી વાત કરે જેટલે, મુળદેવ આવ્યા તેટલે;ડાહયા ચતુર વીધા સંધઅકલવંત પણ કામેઅંધ.મોહમાયા જીતી જાય,કામવશ સહુકો કહેવાય,સ્ત્રીનાવાયક ધરીયાં કરણ.ઘાલ્યો હેડેપંડિતનો ચરણ; મુઠી ખીલી તેણે ઠાર, ઉપર મારયો સ્ત્રિએ માર.બેઠી ખીલી આકરી સાથ. પાછળ સાંકળે બાંધ્યા હાથ;હસુ ન કરે નારી તું,વણ મોતે મરૂં છું હું,નારી શું કહો મુરખ તમો, રાજાના ઠગ તેતો અમો,નારી નહીં હું નરનિ જાત તુજને જીવતા ઝાલ્યા રાત;મુખે કાજળ ખરડ્યું દીશ;ચુનો ચોપડ્યો તેને શીશ. રાજા આગળકેહુંજે જઇ, પંડિતનિ તો આ ગત થઇ;કાળાગ્રહે કીધા બેઉ જણા, ચતુર પંડિતને ડાહયા ઘણા; રહી નિશા પાછલી પોર, આવ્યા માલણ કેરે ઠોર; સહુકો છે નિદ્રાવશ કામ, શણગાર ઉતાર્યાં તેણે ઠામ; પહોડ્યાં સેહેજે નિશ્ચળ મન,કોઇ વાત ન જાણે અન્ય, પ્રાતુસકાળ થયો જ્યારે, નગ્રલોક ઉઠ્યા તાહરે.ગયા દરવાન મન ઉલટ ધરી,જઇ રાવળે જાણજ કરી; રાય અમે દ્રષ્ટે ઘાલીયા, પંડીતે બેચોર ઝાલીયા; હુકમ હોય એવું જાણિયે, કહેતો બાંધી આણિયે, રાજા હરખ્યો રૂદીયા સાથ,બોલ્યા પોતાના સેવક સંગાથ. જાઓ તેને ખરવાહન;કરી નગર બહાર બધે ફેરવો;વદન કરાવોતેનુ શામ, ફેરવો તેને દેખે ગામ; ફેરવી ઠેકાણે આવજો, પછે હજુર મહારે લાવજો કહેતામાં ધાયા તેજોધ, અંતઃકરણમાં આણિ કરોધ.મોહોટુ પરોઢીયું જ્યારે થયું,સૈન્ય

સહુ તે ઠગ પાસ ગયુ;બાંધીને ખરવાહન દીધ, બધા ગામમાં ફેરવિ દીધ.પંડીત કહે છે ઠગ નહી અમો,શામાટે મારા છો તમો;તેનું કહ્યું તે કોણ સાંભળે, બાર બાપની વેળા મળે.

દોહરા—રાય વીક્રમ સભા ભરી, બેઠાતા તે ઠાર;તે વેળા ઠગ આણીયા. ક્ષણુ ન લાગી વાર. રાજાએ નીરક્ષણ કરયું,જોયો તેનો મર્મ;ફટ ભુંડા આ શું કર્યું, એ તો આપણા બ્રહ્મ એક દુખ બીજું હસું,કઉતક કેરી વાત,કહો ભાઇઓ કેમ નીપન્યુ, જાગ્યાતા ગઇરાત;કેમ ઠગે તમને ઠગ્યા;ને સરવે કહો મરમ,દુખ પામ્યા દીશોઘણું, કપ્રાવો જાતે બ્રહ્મ.કહે બ્રાહ્મણ સુણ મહીપતી,શું પુછો છો બેગ,તાત બીજાનું શું કહું,કરમ તણા એ ભોગ ચોપાઇ—ભરી સભામાં ચાવ્યાં પાન, તમે ઘણું દીધાંતા માન;તે સરવે ઉઠી વાટ,ડાયા વાયા છું તે માટ.જુજુવી ભાગોળે બેઠા બેય, અંતઃકરણમાં આણિ નેહ. મધરાતે ઠગ તે આવીયો,નારી રૂપ ઠગી લાવીયો;મીઠાં વચન સાંભળ્યાં કરણ,પોતે પોતાના વાલ્યા ચરણ.કરી ગયો માં ભારે કામ, શીશ શ્વેતને વદનજ શામ.ત્યાર પછી વીન્યું જેટલું,રાજાજીસુણજો તેટલું,સંસ્કાર અઢારે વિત્યા મુને,સું વિસ્તારિ કહયે તુને.મહારા મનમાં મોટી દાજ,આખર જાતા લેશે રાજ; માટે રાજા ચેતી ચાલ. ખબર ઠગની વેલિ કહાડ, ફરિ સભા રાજાએ ભરિ,મેહેલ્યું બીડુ તે પણ કરિ. દોહરા—આપથકી જે ઉપન્યો, ધાયો માનુસ્થાન, સુંઠગાધીજેનિ આવડિ, તે ચાવો આ પાન. સુખ જોજો પંડિતતણુ પછે ઘાલજો હામ, પંડ કરે જે પારકો,તે કરશે એ કામ. ચોપાઇ—લલોપતો માનાજાયા ભાઇ,રાજાના તે ખાસહલવાઇ,મહા ઠગના તે છે ઠગ,વરમાં રૂપૈયાના ઢગ, માંડે ચઉટા વચોહાટ,બેસે ઢાળીને તે પાટ.વિવિધ જાતની વેચે સુખડિ.જે ખાયે ભાગે ભુખડિ,મોત્તીચુરનો આલવશેક, રૂપઇયાનો લાડુ એક.નજરબાજ હિમતીભણા,પારખું માણસ હીસ તણા.તેહ સામે ઉભા છે તાંહ,બીડુ રાયે ધરિયું જ્યાંહ,બિડું લીધું તરતજ્યશી,રાજા આલ્યાપાસે હસ, તેઠગનેઠગી લાવિયે,જમણો કર કાપિ આપિયે.બિડાના તેકટકા કર્યા,બેભાઇયે એ ગાલજ ભર્યા.દર્પણ સાથે જોયા મુખ,દેખિ રંગને બ્રાહ્મિણુખ ભલાભલા ભુપને કહ્યું,બમણું જોર કહ્યાથી થયું,રાતે બહાર દેખું જેહને,મારૂ ઠામ અમો તેહને.લલો પતો બેઉ આવ્યા ઘેર,ઢુંઢિ ફેરવિ બધે શહેર,વાત બધા નગ્રમાં થઇ,બ્રાહ્મણેઆવિ કુંવરને કહી.રાતેબહાર ન જાસો ભાઇ,રાજાનીતો ફરે દવાઇ.રવિ અસ્ત વેળાજ્મા થઇ પ્રજા સહુ પોત ઘેર ગઇ.હડતાલ પાડછે બધે ગામ,બજાર ન દીશે માણુસનામ, વટેમાર્ગુ કુંવરજ થયો, લલાપતાને હાટે ગયો. ગર દુકાન છે તેને એક, ભલી સુખડિ માલ વશેક.હાટે તાળુ દીઠુ, જ્યાહરે,બહારથી કુંવર બોલ્યો ત્યાહરે,ઉગાડ ભાઇ લાગી ભુખડિ,લો દામ આપો સુખડિ.ગામથી થાકયા આવ્યા અમો.શિઘ્ર આહાર આપોને તમો. અલ્યા પરદેશી ખોઇશ પ્રાણ, રાજાની ફરે છે આણ; નીકળે બાહાર

આથમતે દીશ, વણ વાંકે તે ખોશે શીશ. માટે રાત ઘડી બે ગઇ, ખુણે ખોચરે પડી રહે જઇ: ભાઇ કેમ વેઠાશે દુખ. બાર પહોરની મુજને ભુખ; જાળીએથી જો આપે દામ, આપુ સુખડી થાશે કામ; કદાપી ના આપો તો શું કરૂં, આખીરાતનો ભુખે મરૂ. ઘરમાંથી બોલ્યા હલવાઇ, સાંભળ પંથી મારાભાઇ; લાડુ લઇ નાશી જાય, કયાંથી પેદા તું તો થાય, ગરજવંત માટેછે આશ, જાળીઆમાં બોલી પાસ, એક હાથમાં દ્રવ્ય આલ, બીજે સુખડી ખોળે ઘાલ, લહો હાથ રૂપૈયો આલીયો; મુઠી સહીત બારંથી ઝાલીયો, પતો પાસેથી લખવું લેઇશ, ત્યાર પછી કર મુકી દેઇશ. બીજે ભાઇ કહે લેતુ ખા, એ પેલે ઠેકાણે જા; લાડુ આપવા કર કહાડીયો, બાંધ્યો હાથ પુંચો વાડીયો, લલપતો જે ભાઈ સાથ, જાળીયાશું તાણીબાંધ્યા હાથ, માંહજુજવાને એકઠા બાહાર, મોહોડેથી ઘણેરા કરે પોકાર; ઘરમાંથી સહુકો સાંભળે, બહાર કોઇ મવ નીકળે; જાણે ઠગઠગ વીધા કરે, નિકળે બાહાર નીસ્ચેમરે. કુણીસુધાં બાંધ્યા હાથ, પુંચા વાહાડી લીધા સાથ, પટયો રાજમાં વેગે કરી, હીમત એ હૈયામાં ધરી, ઉઠ પ્રતીહાર રાજા પાસે જા, ઠગ તણા બેઉ પોંચા શાહ; ઠગ બે બજારે ઝાલીયા, નીશાની પુંચા આલીયહ વધામણી મનમાની દેશ, સાંભળતાં સરપાવજ લેશ; મધ બજાર તણી એ વાટ, બાંધિયા ઠગ હલવાઇને હાટ.

દોહરો—પ્રતીહાર ગયો છે રાજમાં, મનમાં ઉલટ ભેર; કુંવરે અગીઆયારાગણ્યા આવ્યો ભાળણને ઘેર. પ્રતિહાર જઇને પ્રણમ્યો. રાજા ચતુર સુજાણ; હલવાઇએ હાજર કરયાં, ઠગ તણા બે પાણ, બાંધ્યાં છે બજારમાં, કોઇ નથી તે પાસ; ગરજ હોય બે રાયને તો આણે. વીશ્વાસ. સાંભળતા સુખ ઉપન્યુ, શેવક સાથે કાહાવ્ય; બાંધો જઇ ઠગને, હુકમ હજુરનો લાવ્ય.

ચોપાઇ—કહેતામાં ધાયા દશવીશ, અંતકરણમાં આણી રીશ, દ્વારઉઘાડીપેઠા માંહ. પોકાર કરે હલવાઈ તાંહ. એતો હું એમ ઘણું એકરે, રાજાનો હુકમ કેમ ફરે; રાજા તણાતો ઠગ જાણીયા, ઘણે બંધ બાંધી આણીયા. કરે વીલાપ તે અદકુ રૂવે, હાથે રૂધીરનાં ટીપાં ચુવે; રાજદ્વાર જઇ ઉભા કરયા, શેલક પછી માંહે સંચર્યા, જીવો રાજાજી ઘણું તમો, ઠગ બે બાંધિ આણ્યા અમો; શીરપાવતોલીજીયે. કોહોને દંડ તેને દીજીએ, નવ બોલ્યા પૃથ્વીપત ધણી, હવડાં નિંદ્રા આવે ઘણી; ઉચ્યા ચરણને હેઠું શીશ, બાંધ્યો જ્યારે ઉગે દીશ; ભરી સભામાં બેસીશું જ્યાંય, તેડી હાજર કરો તાંહ, કહી મોહોલમાં મહિપત ગયા, ઠગ પાસે શેવક બેસી રહયા. રાયે હુકમ કરયો તો જેમ, ઠગ બે બાંધી મુક્યા તેમ.

દોહરો—રેણી વીતી રંગમાં, પ્રગટ થયો પ્રભાત; ઉજેણી તે નગરમાં બધે ચાલી વાત; ઠગ હલવઇએ ઝાલીઆ, ઉલટ સહુને થાય. ઘેર ઘેરને બાહારથી ખલક જોવાજાય. વીકરમરાયે સભા ભરી, બેઠા માનવઈંદ્ર; શોભે દિપક રેણીએ, જેમતારા

માં ચંદ્ર; વેદ પુન્ય પંડિત કરે, થાય પ્રભાતી રાગ, મળી રહી તાંહાં મેદની નહી તલ મેલવા માગ; એટલે ત્યાં ઉભા કર્યા, હલવાઈ બે ભરાત. રાજાએ નીરખણુ કરયું કઉતક સરખી વાત; શીઘ્ર છોડોરે શેવકો, દુખનવદો તમે કોય; એતોમાહારા ઘર તણા, ખાસ હલવાઈ હોય. ચોપાઇ—છોડાવિ બેસારયા પાસ, કર ફેરવ્યો ને દીધી આશ; કોહેભાઇઓ આ કેમ થયું, ડાહાપણ તમારૂ તે કયાં ગયું. તમોછેતરાઇ ગયા હાથ વઢાવિ ઠુંટા થયા; શું ફોજ આવીતી તાંહ, ધાડને શું પેઠા ઘર માંહ. કેટલા ઠગનો હતો સાથ, જોરાવરીએ વાઢયા હાથ; શીઘ્ર વાત કહીને પરવરો પાટાપીડી ઓસડ કરો. દોહરા—કેહે હલવાઇ રાજા સુણો, નથી કેહેવાની જાગ;અમારૂં ડાપણ ઘણું, તેમાં ઉઠી આગ. ઠગ જાતે એકલો, તેમા ઝાઝી બુધ; અમો બંધવ બે ડાહરા પણ ગઈ અમારી શુધ; થોડામાં કહુ છું ઘણું, પણ કહેતાં આવે લાજ, હું જાણું ભેળસે, રાય તમારૂં રાજ. સભા સહુકો સાંભળો, રખે ઘાલો કોઇ હામ; કેહેશે કે ઠગને ઠગુ, તેનું થાશે આ કામ. ચોપાઇ—સાંભળતાં સહુકો હસ્યા, બોલજ તેના મનમાં વસ્યા; તે ગયા છે તેને ઘેર, કરે ઓસડ વેસડની પેર, કઉતક ચાલ્યું બધે ગામ, સહુ મેદની ચાલી કામ; રાજાને મન ચિંતા થઇ, ખટક આપ રૂદેમાં રહી, રાજાએ મન કરયો વિચાર, ઠગ ઝાલતાં છે બહુ ભાર; જોઉ કોઈજન પેદા થાય બેઠા સહુ મુસારો ખાય. ભરીસભાને બેઠો રાય, જુગતેશું જાચક ગુણગાય.

દોહરો—બીડું બાસઠ પાનનું કરયું રાજાએ તાંહ,આપ્યું હાથ પ્રધાનને; ફેરવ્યું સભાની માંહ. સુંઠ તણો એક કાંકરો, ખાધો કોનીમાંય. મોઢે મુછ હોયમરદને ઠગને ઝાલવા જાય; હામ ઘાલીને ઉઠશે, તેને આપું ઇનામ. રાણિ જાઓ રાજવિ, ચતુરાઇ એ ચાવે પાન; નટણિ ગુણકાનરતકરે, સાંભળ્યું તેણીએ કાન, સલામ કરી સભામાં રહી, તતક્ષણ ચાવ્યા પાન. એ કામતો અમ તણું, બીજાનું શું જોર, આજ રાતે આપુ તુને;છેદી નાકને ચોર. પ્રથમ તો કહ્યું નહી, અમને અક્ષર આંક, દુખ પામ્યા બે બાપડા, તેમાં તમારો વાંક; પકડુ એકજ પલકમાં બોલ્યુ વાળુ વાંક, પાંચઆગળ પુરૂ ભરી, કાપુ તેનું નાક, પ્રભાતે હાજર કરૂં; દેખતે બધુ ગામ; ગુણકા કહી બોલાવજો, સકોમલાજી નામ; આજ મારે ઘેર આવશે, તેનું છેદુ નાક;પડો વજડાવ્યો પુર વીખે, કહેજે એવું વાકય. જો રાણી જાઓ હશે, તો તો આવે ઘેર; ત્યારે હું તેને કરૂં શીક્ષા રૂડી પેર,

ચોપાઈ—રાજાજીએ દિધાં માન,ભરીસભામાં આપ્યાં પાન; આખા દેશમાં ચાલી વાત,એમ કરતાં પડી છે રાત; સાંભળી માળણ ઘેર ગઇ, વાત કુંવરના આગળ કહી; ગુણકાના ઘર આગળ જશે, આજ ચોરતો સાબુત થશે; નાક છેદશે આંગળ ચાર. એવો તેણીએ કરયો વીચાર તે સાંભળીને પારજ લીધ, વિચાર આપ રૂદેમાં કીધ. અસ્ત રવી થયો જ્યારે. વાટે કુંવર ગયો તાહરે,ના આવિ બીક લગાર.ગયો

ઠેકાણું ગુણકા દવાર; ઉઘાડ ઉઘાડ વધામણીઆલ. રાજસભામાં વેગે ચાલ.તમને તેડે વેહેલા રાજ, ઠગ ઝાલી આણ્યો છે આજ; તેને સભામાં ઉભો કર્યો, માટેતમો ત્યાં પરવરો; સ્ત્રી માણસમાં ઓછી મત, તે ગુણકાએ માન્યુ સત્ય; વહેલ જોત્રી આણો ઈહાં, ખડુ નથી કો વર માંહ. કુંવર હાંકી જાણું હું, સુખે વહેલમાં બેસને તું; બેઠી તે વહેલમાં કામની. આઠ ઘડી રહી જામનિ જાતાદિઠી એક ધરમશાળા, બાળક ભણવાની નીશાળ, સુનિ પડી તે વેળા સેહેલ, તેમાં કુંવરે હાંકી વહેલ; હેઠા ઉતરીને બાંધ્યા હાથ, બાંધી ઉંચી મોભને સાથ; પોકાર ઘણો નારીયે કરયો, કુણ સોર સુણે તે તાણો. નરમ બંધથીમોર કાઢીયું, નાકચાર આંગળ વાઢીયું; અરે રાંડ ઓળખજે તમો,ઠગ રાજાના તેતો અમો. વિવાહ કરશે તેને દંડ દેઈશ,ખુંચી રાજ રાજાનું લેઈશ, મેશે ખરડ્યું બધું અંગ, નહી કો માણસ બીજું સંગ; છેદ્યા તેણીના બેઉ કાન, વાઢ્યા હોઠ ચાવ્યાતાં પાન; આગળ વરૂવા દીસે ઘણાદીશેદંત મહા બીહામણા, કાત્રી નાખ્યા શીરના કેશ, આવ્યો તે કુંવર દેશવીલાપકરેને ગણુ-કા રૂવે, તેની ખબર તેતો કુણ જુવે. રવિ ઉદે થયો જવ કાળ, ભણવા આવ્યા ન-હાના બાળ. દીસે છે કો શીકત્રી, બાળકને ખાશે છેત્રી, પડી બુમ તે નાશી ગયા; લોક એકઠા ભુમે થયા, વીક્રાળ ભયાનક છે તેનું રૂપ,જાણ કર્યું જ્યાંહાં વીક્રમભુપ. વેશ્યા ડાકણ ભુંડી નાર; મહા પાપ્વિત કેરી કરનાર; હુકમ શીશ રાયનો લીજીએ, જે ફરમાવો તે કીજીએ.

દોહરા—રાજા કહે શેવક સુણો, દસ વીસ સામટા ધાઓ; જઇ ઝાલો શીકોત્રી શમશાને લઇ જાઓ. ભુમી ખોદાવો ખાડશું,ભંડારોઅરધુ અંગ;અંન પાણિતેમા નહી, ન રહે કોઈ સંગ સુણતે શેવક પરવર્યા, જઈ ઝાલી તે નાર; હુકમ કયો તે રાયજી, લઈ ગયા તે ઠાર. બાઇઓ મુજને કાં હણો, મહારૂ ગુણકા નામ. ઠગ આવ્યો છે નગરમાં; કરી ગયો આ કામ શેવક કહે સુણ શાકણી,ન લોપુ રાયની આણ; ભાગ્ય ભળેજો તાહરૂ, તો જઇને કરૂં હું જાણ. ખલક જોવાને ઉતરી નાવેપાસે કોય; વીક્રાળ વદન દેખી સહુ, સાચી શીકોતરી હોય. કોઈ રેણું કોઇ કાંકરાછોટે રહીને દુર. રઇયત જેવા ઉલટી જેમ સાગરમાં પુર. ડાટી શેવક પાછા વળ્યા આ-વ્યા રાજદરબાર; માહારાજ જીવો ઘણું,લો લાખેણો ઝવાર. ડાટી શાકણ ભોંયમાં ત્યાંહાં એક કઉતક કામ; કહે છે હું નથી શાકણી માહારૂ ગુણકા નામ; જેમહુકમ હોય રાયનો, તેવી કરીએ પેર,કોહોતો અહીં હાજર કરૂ, આણી આપુ ઘેર;મહીપ-તે વીચારયું મન વીશે, ઠગી ગયો હોય હાક; કપટ કરિને છેદીયું, બાપડીગુણકાનું નાક.જાઓ શીઘ્ર લાવો ઇહાં જોઉ તેહનું રૂપ;સુણતાંશેવક સજ થયા, હુકમદીધો તે ભુપ. કહાડી કામની ભોમથી તેવુજ શામ શરીર; રાય આગળ ઉભી કરીન-યણે ચાલ્યાં નીર. વીકટ વદન બીહામણું દિસે વરવું વાન,દિસે દાંત હોઠ છેદિયા;

છેદ્યાં નાકને કાન, રાજા કહે શું નીપન્યુ, વિગતના ગુણ ગાઓ, સંક્ષેપમાં સાચું કહો, મુખ આગળથી જાઓ. માહારાજા શું પુછશો, મહારા કરમનો વાંક; રાજ સેળશે રાજનું, તે વાળે આડા આંક, કઉતક જુવે હાંશી કરે, પાડે તાળી લોક;વિ, સ્યુ જે તે રૂવે, જેને દુખનો શોક. જાજા ઘર ઉતાવળી, કર ઓશડ જે રોગ; કાન નાક છેદાવીયાં તે તહારા કરમના ભોગ.

ચોપાઇ–રાજાએ વિચારયું આપ, અણચીતવ્યું લાગ્યું છે પાપ; આપવિણ ન સરે કાજ. ઠગ પેદા કયાંથી થયો આજ; દોહરા–આવદુખનિ વેદના, હાંશી કેરિ ખાજ,આપ વિના અર્થ નવ સરે, કહિ ન ભાગે દાજ. આપ પોતે મુવા વિના સ્વર્ગના પહોચે કોય; મુજ વિના નહિ એ પધારો, ઠગનો રાજા હોય.

ચોપાઈ–ફરિપુછાવ્યું બધું ગામ;કો નવ ચાલે ઠગનિ હામ;ઠગઝાલવાની હીમ- કરે, વણ ખુટે તે નીશ્ચે મરે. માહારૂ પ્રાક્રમ દેખાડુ જોર, આજ નીશાએ ઝાલુ ઠર; પ્રથમ પુજા હરસીધની કરૂં, પછે અંગ આયુધજ ધરૂં,મારૂ ઠાર બાંધુ સાંહ, ત્યારે જાણ્યું ઠગવિદ્યા ભણ્યો,જનક આપ જનુનીએ જણ્યો. આપ મુછે ઘાલ્યો હાથ, ફરી ચેતાવ્યો સઘળો સાથ. જે જીવ ખોવાની ઇચ્છા કરો. તે બહાર સુખે નિ સરો; એમ કહિને ઉઠયા રાય. સભા સહુ ઠેકાણે જાય, ગઈ માળણ પોતાને વાસ; આવી બેઠી તે બાંધવ પાસ;વીરા સાંભળ માહારી વાત, રખે નીસરતા માઝમરાત, વીકરમ રાજા મોહોકમ સુર. આજ ઉતારે ઠગનું નુર. જેને સાથે હરસીધ માય;તે ગાંજ્યો કોઇનો નવ જાય. માટે રહેજો મોહોલા માંહ,રખે ભાઇ જાતા કયાંહ, એવિ પોતે પોત સાંભળી વારૂ વાત ભગિ માળણી, રાજકુંવરે વજાડી બાથ, હવે જોજે તું મહારા હાથ. રાજાને કાળાગ્રહેદેઉ, તો ખરી જાણજે તું; રાજકુંવરે વિચારયું મન. સાહા સાળીયો વીકરમ રાજન, એપાડવ વળગ્યો જેહને,હું પણ આરાધુતેહને, મનવિખેથી મુકી ગામ. ધરયું આપ ચંડીનું ધ્યાન. દોહરા–વિશ્વજનેતા માવડી, જડ તે ચેતન થાય; ભવ ભુલા બ્રાહ્મણ ભણે,ઉપાશીક કહેવાય. વિકરમસેનછેતમ તણો, તાહરૂ જેને જોર; હું પુત્ર છું તેહનો, આવ્યો છું થઇ ચોર. સહવિરજ હોય એહનું તો રાખે મુજ નામ; હું આજ ભુંડો પડુ,; તો જશે વિકરમની લાજ;હુકમ હોય મા તાહરો; તો નાવે ઉનિ આંચ એમ કરિ શુકન ગ્રહ્યા ત્યાં આવ્યા અક્ષત પાંચ. સુણી ગાંઠ શુકન તણી, આપ ચઢાવી શીશ; થઈ રજની સંધ્યા સમો, ગયો આથમણી દીશ ચોપાઈ–સજ થયો ત્યાંવીકરમ વીર, રાખી આપ રૂદેમાં ધીર;અષ્ટા દશ આયુદ્ધ અંગે ધરિ, છાબ માંહે સામગ્રી ભરી. પ્રથમ હરસીધની પુજા કરૂ, પછે ઠગને બંધન કરૂ;મન માંહે આપે ઉલાદ, ચાલ્યો જયાંહાં હરસીધપ્રસાર મનુષ નામ ન દિસે કોય,એકલો આપે નરપત હોય દેવીનું કીધું દરશાન. આપરૂદેમાં થયાપ્રસન્ન,

કીધો દીપક ઝાકમઝાળ, પંચામરતે કીધો પખાળ; પુજાઅરચાકીધીઘણી, સ્તુતીકીધી હરસીધ તણી, માળાઝાલી સ્મરણજ કરયું, ધ્યાન એકાગરે ચીતેધરયુ; દેરામાં રહયો રાજન. પછે કુંવરે વીચારયું મન. આળસ મરડી ઉઠયો, જેમ મદગલ હસ્તી છુટીયો, અંગવિશે ભીડયાંહથીયાર. આવ્યો જ્યાંહાં રાયનોદરબાર; પગલાંદીઠાં વીક્રમ તણાં, ત્યાં રાજાનાં પેજન ઘણા; ધજા અંકુશ ચમરને છત્ર, લખ્યા વીધાતરે પાગે પત્ર. એવાં ભોમીએ પગલાં પાડયાં, દેખી કુંવરને અચરત અડયાં, એ એંધાણ રાજાને હોય, સકે તાતને મારે જોય. પગલે પગલે ચાલ્યાં જ્યાંહાં, હરસીધનું દેરૂ છે ત્યાંહા. પુજા કરે છે રાજા જઇ, નીશા ઘડી તાંહાં ચારજ ગઇ, જુવે તો ઝાકમઝોલ, રાજા બેઠો કરે કલોલ. હાથે માળા ધ્યાનજ ધરે, તુહી તુહી મુખ રાજા કરે. આજે તે ઠગનેઝાલીએ, માતાજશ એટલો આલીએ. નવિતોજાશે માહારીમામ, હસ્સેસકળ ઉજેણી ગામ. એવાં વચન મહીપતે કહ્યાં, બેઠાં બાહાર કુંવરે લહયાં; જો બહાર આવે આણી વાટ, તો નીશ્ચે ઘડે મારો ઘાટ. પાણી પેહેલી બાંધુ પાજ, જો રાખે મહારી એ લાજ; માતા પોહોચાડો રળી, એમ કહી દીધી સાંકળી, દીધું તાળું જતને કરી, ઉપર મોહોર પોતાની કરી; લખ્યા અક્ષર જઈ ભીંતે ચાર, ઉઘાડશે તે ખાશે માર; એમાં ઘાલ્યો ઠગનો બાપ, ઘાલનારો હું આપોઆપ; પુરૂં ધ્યાન રાજાનું થયું, ચીત ઠગ ઝાલવાને ગયું; માતા પાશે માગી શીખ, મનમાં ન આણી કોનિ બીક; સવારે તમ પાશે આવશું, જ્યારે ઠગને ઝાલી લાવશું; દીધાં મંદીર માંહેલા પાટ, ચાલ્યા બહાર નીકળવા વાટ; બીજું બારણું ઉઘાડે જેમ, દીઠું તાળું સાંકળ તેમ; અલ્યા કુણ છે ઉભો બહાર. હવડાં મારૂ તુને ઠાર; કેમ કીધું તે આવું કામ, બળીયા સાથે ઘાલી હામ; ઉતાવળો તું થઇને બોલ, નહીં મારૂં હું બારજ ખોલ. દોહરા—રાજા મારો રોટલા, જેણે પેટ ભરાય; હું ગરાશીયો ગામનો, તેહ કેમ મારયો જાય; મહીપત મોટે ગુજરૂં, બીજો હરસીધ હાથ. નહીતો લેહેણુ લેવરાવવું, જો બોલે મુજ સાથ; આજ તો આલ્યો મેં ઇહાં, માતા આપણી પાસ, કાલ રાખું કાળાગ્રહે, જો ન આપે મુજ ગ્રાસ; રાજા માંહે સાંભળે, મણધર માઝમ રાત; નહી સેવક સાથે તાંહાં; માનવી કેરી જાત; રાજા કહે તું કોણ છે, શું છે તાહરૂં નામ; આટલા દીવસ તું કયાં રહયો, કુણ તમારૂ ગામ. કુણ તાત છે તાહરો કોનું માંથે જોર, બળ રાખે છે અતી ઘણું, જાતે કાહાવો ચોર, રખે હું શ હઇડા વીખે, મુછે ઘાલો હાથ, ભોરંગતો મણી લેઇ શકે, તે વાતજ કરે મુજ સાથ. સીંહ સાથે જો વઢે હરણ, તો તે નીશ્ચે પામે મરણ; તે જીતવાને રાખે આશ, તે મને જીતવા આવે પાસ; તાહરી માને શા છે તન. મુરખ વીચાર કરને મન; મારા પ્રાક્રમ દીઠા નથી, શું મોહોડે કહેવરાવો કથી; વિરજીત પ્રાક્રમ જે નામ, કરૂ ચીંતવ્યા ભારે કામ; સાધુજનને પાળી લેઉં, દંડ ખંડ લપટને દેઉ. હંકારૂં હવડાં વીર વૈતાળ, નીશ્ચે આણુશે તારો કાળ, તારાં પ્રાક્રમ જાણું સહી,

વગર ઓળખે મારૂં નહી.સહસા ન આણું તાહરો કાળ, બોલતાંદીસેછેનાનોબાળ; હવડાં સાંખી રહુ છું અમો,નાહાનાં પ્રાક્રમ ન કરો તમો;બાર ઉઘાડીને પાયે લાગ. મનવાંછીત ગમે તે માગ;વણ ખુટે શા માટે મરે, બળીયા સાથે બાથજ ભરે; કહે કુંવર સાંભળો રાય,સંક્ષેપે સમજો મન માંય;ઉત્તમ કુળછે માહારો વંશ,રાજબીજે દેવાંશી અંસ,બારે વરસે ચેત્યો ઓણ,ગરીબ ગુરબાને લુટે કોણ;માટે મનમાં ઘાલી હામ,માહારે છે બળીયાનું કામ,દેશો માનતો પાયે નમુ,નહિ તો નગર બધાને દમુ; પ્રજા દેશે સહુકો શ્રાપ, તે બેસશે તમને પાપ. હાથ અક્ષર લખી આપ્યા તમો,ત્યારે લેવા આવ્યા અમો;નહી પચે તમને મારો માલ.જોશો આગળ તે હવાલ.સાચું હું સરવથી, પાટ ધાઓ તોહુ દેતો નથી.હિમાતો ના રાખીશ ઘણી,હરસીધ્ધ માતમુજ તાતજ તણી, વીર વઇતાળનું રાખે જોર,તે તો મુજ પીતાનો ચોર; તમને આસન કરાવું તાજ, આગળ જાતાં બેસુ રાજ. તો જાણે જનુનિનો જણ્યો, ઇષ્ટ દેવા હું વીધા ભણ્યો;રાજ તમારે શું સંકટ ચડયું,આપ ચડયું તે હઇડે પડયું.ગરાસલખી આપીને ગયા,ફરી ત્યાંહાં પેદા નવ થયા;રાજા કહે લવે છે તું,તે કાંઈ નવ પ્રિછુહું. ખરો ગરાસ તે દેખાડ, શીદ વધારે ફોગટ રાડ; માંહેમાંહે એકજ કહય, ઉદે અરૂણ દેવ તે હવા,રજની એક ઘટીકા રહી,ત્યારે પુત્ર વળ્યો પાછો સહી;માર્ગમાંછે રાજ-દ્વાર, ઉભો રહયો કુંવર જઇ બાહાર; પ્રતીહારને દીધો સાદ, ઉઘાડ પોળ મેહેલ વીખવાદ;અલ્યા પ્રધાનની પાસેજા,તાંહાં જઇને વધામણીખા, મહિપતમોકલ્યોમને, માટે કહેવા આવ્યો તુને;રાજાજીએ ઠગ ઝાલીયો, હરસીદ્ધને દેહેરેઘાલીયો.કહીસૈન્ય સુંઢાડી ચડો, તેનો ઘાટ તમે તે ઘડો. બોલ એવા રાએ કાવીયો, માટે હું કહેવા આવીયો;વેગે જાણ જો તું નવ કરે, વણ ખુટે તું નીશ્ચે મરે. સમજાવ્યો તેણે બહુ પેર,કુંવર આવ્યો માલણને ઘેર,પ્રતીહાર ઉઘાડીજોય,બાહાર ન દીશે માણસ કોય. એટલે તાંહાં આવ્યો પ્રધાન,પ્રતીહારે દીધાં બહુમાન. એક અરજ મારી સાંભળો, હવડાં કોએક કહીને વળ્યો; કીધું મહિપતે કારજ ઘોર,હરસીધ્ધ દેહેરે ઘાલ્યો ચોર. વેગે વહીને જાઓ ત્યાંહાં,ઠગને બાંધી લાવો ઇહાં;વાયુ વેગેવાતજ ગઈ,ખબર બધા નગરમાં થઇ. ચાલો જોઇએ ઠગનું રૂપ, જેણે ભોળવ્યા ભારે ભુપ;ઘેર ઘેરને બારે બાર, જોવા ચલ્યાં નરને નાર; નાહાના મોહોટાં નગરનાં સહુ, મળી મેદનિ જોવા બહુ;પ્રધાન સહુ અઢાર વરણ, દીવસ ચડયો છે ઘટીકા ત્રણ, આવ્યા દેહરે હરસીધ્ધ તણે, મારો મારો સહુકો ભણે; આવ્યા દેહેરે સમીપ જ્યારે, લખ્યા દીઠા અક્ષર તાહરે· ઉઘાડશે તે ખાશે માર,દીઠું તાળું પડીયો ભાર,પ્રધાન આપ હેઠો ઉતરયો, પ્રસાદ સમીપે તે પરવર્યો. અલ્યા બોલ નગરના ચોર. એવું કહીને કીધો શોર;પુઠે લોક રહ્યા તરવરી, બેઠા વજીર તહાં સભા ભરી,કોહો ભાઇઓ મહીપત છે કયાંહ, સુંદર અંક લખ્યા છે આંહ; અક્ષર દાસે સોહામણા, વિસ વસા તે વિક્રમ તણાં,

ઉઘાડતાં અન્યાઇએ થાઉં.પાછો વળી પુરમાં કયાં જાઉં;પુછી પારતેનો લીજીએ, હુકમ દે તેવું કીજીએ,ધાયા જોદ્ધા કેહેતાં પહેલ,જઈ પોત્યા પોતાને મહેલ;રાજાજી તો રાતે ગયા, ચડયો દીન પેદા ન થયા.

દોહરો–પ્રધાને મન વીચારયું. એનું તે શું નામ; અક્ષર તો નહી રાયના, ઠગ નું એ છે કામ. રખે ઠગે મહીપત ઠગ્યા, મુજ પાઠવીઓ આહ; અક્ષર મહોર કરી ગયો, મહિપત ધાલ્યા માંહ. એવું વિચારી ઉઠીઓ, હઈડે આણી જ્ઞાન; ઝાંખી જોયું જાળીએ. દીઠો વિક્રમ રાજન. હુકમ હોય જો રાયનો,તો ઉઘાડું બાર;પ્રણમું હું પટતરે, લો લખેણો જુહાર.

ચોપાઈ–રાજા કહે ઉઘાડો આંહ, અમો ધ્યાન ધરૂં છું માંહ;એકાંત થઈને કીજે વાત. હસારત થયું છે રાત, બાહાર આવી ગજ વાહન કરે, પંચડંડ શીર છત્રજ ધરે, વાજે માદલ ઢોલ નીશાન, દીઠો રાજા ચતુર સુજાણ, રાજાજીનું દરશન કરિ, રઇયત સરવે પાછી ફરી; રાય ઠગ્યા તે સરવે લહ્યું, કુણે કો આગળ નવ કહ્યું; સંધ્યાનકાળ થયો જ્યારે, મહીપત મહોલ આવ્યા તાહરે. આપ વિચાર કરે છે મન; ન આવે નીદ્રા ન ભાવે અન. કીધુ ભોજન વીતી રાત. સભા ભરી બેઠા પ્રભાત; પોતીકા પ્રધાન તેડાવ્યા સરવ, મનમાંથી મુકીને ગર્વ; શેવક સરવે સાથી આહરા, વિચાર કરો મનમાં ડાહરા;સહુ મળી ઠગ પેદા કરો, પ્રધાનપણુ સહુકો પરહરો.ત્યારે પ્રધાને મુકી માન, એતો રાય તમારૂં કામ; તમ સરખાને જીતી જાય. અમથી કેમ તે પેદા થાય,રાજા વિચાર હઇયામાં કરે, ભારે દુખ અલેખે ધરે;એ ઠગ તે કેમ પેદા થાય, નગરમાંથી કયાં નાશી જાય;આજ હીમત હઇએ ધાલીએ,રાતે તે ઠગને ઝાલીએ. કાલે રાતે હું ભોળવાઈ ગયો,એવો વિચાર હઇયામાં થયો;જોઉં સભામાં કોઇ છે રાય, હીમતવાળો ઝાલવા જાય.

દોહરો–બીડું બાસઠપાનનું. આપ્યુ પ્રધાનને હાથ;ફરે બીડુ સભાવિષે,તાંહાં બેઠો સઘળો સાથ, પ્રધાન તહાં ચરણે નમ્યો, ફરે સભાની માંહ; સહુકો ભુમીખોતરે, ઉંચુ ન જુવે તાંહ, વીકરમ સરખા ભોળવ્યા, તો આપડા શાભાર; કોઈ સામુ જોતું નથી,મનમાં કરે વિચાર,પ્રધાન પાછો આવીયો, વીકરમકેરી પાસ; સંધ્યાકાળથઇ તે સમે, સહુકો ગયાઅવાસ; ફુલઆપી આળણુ ગઇ,પોતા કેરે ઘેર; વીરો છે પોતા તણો.કહી આંડી તે પેર,બ્રાત ન બહાર નીકળો કઠણછે આજની રાત;રાજા નીકળે નીશા સમે,ઝાલશે ઠગને આજ વારૂ કુંવર કહી-રહ્યો, સુતો તેની વાર,નીશા પહોર તેતોગઇ, હઇયે કરયો વીચાર, રાજા વીકરમ આવશે, નગ્ર તણે તે બહાર;અશ્વ બેશી ફરશે ઘણો, જોવા એતોઆપાર, આળસ મરડી ઉઠીઓ, વીર તણો જે વીર, ઘરમાંથી તે નીસરયો. હઇડુ રાખી ધીર, વીચાર કરતો ચાલીઓ, દીઠુ પરીએટ ઘેર ન્રપળ દીઠો ત્યાં બારણે બળદ ઉપર અપાર, નાથ ઝાલીને ચાલીયો, આવ્યો

દરવાજા બહાર, ક્ષીપ્રા ત્રઠ રળીયામણું, નીરમળ જળનું નીર, ધોવાકારણ આવીયો, બળદ લઇ તેતીર, કુંભ પડયો એક વાટમાં, તે રાખ્યોછે પાસ, રાયવીક્રમત્યાં આવશે, કરવી એની હાંશ. કુંભે ચુનો ચોપડયો,વીચારેછે તાંહ, આવતા દેખુ તાતને, મુકીશ જળનીમાંહ.ધોવા માંડયાં ધોતીયાં.પટકા જામા અપાર, શીઓશીઓ મુખે કહે, અચરત વાત અપાર. ચોપાઈ—એ વાતતો અહીયાથી રહી,વીકરમનીત્યાં શીગત થઇ. આજ કરૂ કાંઇ ઠગનું કાજ, હરસીધ રાખે મહારી લાજ. મોહોટીછાબમાં પુજા ભરી, દીપક જોત તીહાંજારી કરી, આવી પહોચ્યો દેહરા પાસ, રાજાને મનછે ઉલાસ, પંચામ્રતે પખાળ કરી. ચંદન અરચી પુષ્પની ભરી. અબીલગુલાલ અરગજા જેહ, નઇવેદ પંચામરત મુકયું તેહ. પછે ધરવા માંડયું.ધ્યાન,આજમાતા જી દેજો માન. કાલ બપોર સુધી દહેરે રહયો, નવ ઝાલ્યોને ફજેતજ થયો. આજ માતાજી રાખો લાજ, ઝાલુ ઠગને થાયે કાજ. એક પહોર વીતી ગયો, પછે રાજાજી બેઠો થયો,જ્યારે ઠગ ઝાલી આવશું,પુજા સામગ્રી લાવશું,અશ્વ પોતીકો કરયો તઇયાર, નીકળ્યો દેહેરામાંથી બાહાર, બેઠો છે અશ્વે સજ થઇ, નિશા પહોર ત્યાં એકજ ગઇ. શોધવા આવ્યો દરવાજા બહાર, મન,મધે ત્યાં કરયો વીચાર,કયારેએ ઠગ મુજને મળે, ત્યારે સંદેહ મારો ટળે. આવ્યો રાજા ક્ષીપ્રા તિર, હઇડામાં રાખી ધીર, મધરાતે ત્યાં ધુવે, રાજા તેતો કઉતક જુવે, ઇહાંતો એકલો ધોબી ધુવે, રાજા તેની ચરચા જુવે ધીમે ધીમે પાસે ગયો, ક્ષણ એક રહી બોલજ કહયો. કહે ભાઈ ઠગ આવ્યોછે અહી, તેની મુજને ખબરજ થઈ,ત્યારે ધોબીને આવી હામ, તમોકેમ આવ્યા આ ઠામ. દેહારો—ધોબી વળતો બોલીયો,સાંભળજો મહારાજ,તમો નીશાએ આવીયા, શું છે અધુરૂ કાજ,ઠગ એક ઇહાં આવીયો.ચુનો ચોપડયો શીશ, ઠગવા આવીયો મુજ કને, કરિને અદકી રીશ. મુજને કહે રાજા કયાંગયો,બતાવોતે ઠામ, તમને નાહાલ કરીયે અમે, થશે તમારૂ કામ.ત્યારે મેં મન જાણીયુ,નીશ્ચેઠગ એ હોય;વીકરમ મુજને નથી મળ્યા,આતો રાજા ન હોય,એવું કહી અહીંથી ગયો, હું ધોઉ આણી તીર.પણ નગ્રભણી ગયો નથી, પડયો ઉંડાડે નીર.ઠગે જઇકઉતક કરયું, ચુનો ચોપડયો માટ, મુકયું વેહેતા નીરમાં,ચાલે જળનીવાટ. રાજાવિકરમ જોયા કરે, ઘેર પાછો કેમ જાઉં, મળેઠગ જો અહીમને, તો તો એને સાઉ, ઘડો જે ચુને ચોપડયો, તે આવે જળ માંહ,વીકરમવેગળેથી જોયાં કરે,કઉતક સરખું તાંહ, રાજાએ વિચારયું એ પડયો જળને માંહ,એને જઈ ઝાલીએ,એશું છે તાંહ. ચોપાઈ—ધીમે ધીમે રાજા જાય, હઇડામાંહે અચરત થાય, ધોબીને કહ્યું તે ઘડી, મુજને વાર થાએ નહીવડી.મારો અશ્વ સાચવજો તમો, ઠગ ઝાલવાને જઇએઅમો, કછલીકીધો તૈયાર, કાડયા વસ્ત્ર નવલાગી વાર. સમરી પોતે હરસિદ્ધમાત, વિકરમચાલ્યો જળનીવાટ, શ્વેત રંગ ઘડાનો હોય, રાજા તાંહ તો અચરતજોય. રાજાએમજળમાં

સંચરે,તમ છલકાર પાણી ચડે; અશ્વરત્ન જળમાં ગયો જ્યારે;ઠગ વિચાર કરે તાહરે, તે ઘોડા ઉપર બેઠો ચડી, હીમત રાખીને તેની ઘડી; દરવાજે પેઠો કરે જ્યાહરે, ખબર કહી તેને તાહરે, રાજાજીએ ઠગ ઝાઝીઓ, ક્ષીપ્રાતષ્ટ ઉપર આવીયો; મુજ કહેવા મોકલ્યો અહીં, રાજાજી બેઠા છે તહી, દરવાન આગળ એવું કહી વળ્યો.ગેર આવી માલણને મળ્યો;રાજાજીને મન ચિંતા થાય, ઘોબી ઠગીને જાય. રાજા જળથી આવ્યો બહાર,હઇડા માંહે કર્યો વિચાર;હું તો એકલો વનમા રહ્યો, અશ્વ માહરો ઠગ લઈ ગયો હવે કેમ જવાશે ઘેર,અરે હરસિદ્ધ શી કરવી પેર;હવે ઠગ કેમ પેદા થાય,મુજ સરખાનેજીતી જાય, દરવાજે વીક્રમ આવ્યા જ્યાહરે.થયું પ્રભાત વહાણું તાહરે; જોવા આવ્યા નગ્રના લોક રાજા રઇતને મન શોક વીક્રમને દીઠા જ્યાહરે રઇયત પાછી ફરી તાહરે;ચડયો પહોર ઉગમતો દીસ, રાયે મેલી મનની રીસ. ધન ધન એની માની કુખ, મુજ સરખાને દીધું દુઃખ;હવે ઠગ કેમ પેદા થશે, ભારે દુઃખ માહારૂ કેમ જશે, સભા ભરી બેઠા તતકાળ, રાજાને હઇયામાં ફાળ:

દોહરા—રાજાએ પ્રતિજ્ઞા કરી, જોઉં ઠગનું મુખ; ભલા ભલા નર ભોળવ્યા, ધન એ જનુની કુખ. પડો વજડાવો પુર વિષે, તેડે રંગે રાય;ચોર નહી તું ચતુર નર. આપે પેદા થાય.સજ થઇ આવે સભા વિષે; જોકે ચતુર સુજાણ, જે આવે આણે સમે, લાખેણી લે લાહાણ. રીધ દઉ તને રાજમાં કરૂં હું તેને નાહાલ; તુજને પાટ પ્રધાનનો, દેઉ મોહ માગ્યો માલ. જો સુરત સુરાપણું,જોઇ બળને તોલ; રીજું પણ ખીજું નહી, લ્યો પરીયાનો કોલ, કુંડીવાળો આવીયો, ફરતો માલણ ઘેર; પુછયું જઇ પટંતરે, પ્રીછો સઘળી પેર.

ચોપાઇ—માલણને તેડી એકાંત, મન તણી ભાગી છે ભરાંત; રખે બીક મન આણો તમો, રાજાના ઠગ તેનો અમે, હું કહું તે કહે કરજોડ. તે વાતે પોચે મન કોડ, રાજા રીસજ તાંહાં નહી કરે, હેત ચંત સહુ તમશું ધરે; શણગાર રાજાના લાવજો, પ્રધાનને તેડી આવજો, પછે રાજાને મળવા જાઉ, પણ ઓશીકલ તાહરો થાઉ;સાંભળતામાં હરખીનાર;સોળે અંગ ધરયા શણગાર;પુષ્પ છાબ પોતાનીભરી, ભાલે આડ કેસરની કરી; મલપતી માલણ ચાલી તાંહ, મહિપત પોતે બેઠાં જ્યાંહ, પુષ્પ વધાવ્યા વિધ વિધ તણે, ઉભી રહી છે હરખે ઘણે; સનમુખરહી જોડીને હાથ; બોલીમાનની મહિપત સાથ.કોલ રાય મુજને દીજીએ, પુરૂષ પ્રકાશ અમો કીજીએ, મહિપત કહે મનવાંછીત.માગ. ઉણમત મન રાખે નહી આગ; સાચે જુઠે નહી રીસ કરૂં,સતવચન એ વાતે ધરૂં,દોહરા—માનની કહે મહિપત સુણો; મનમાંસમજો પેર; ઠગ તે આવ્યો નગ્રમાં. તે રાખ્યો મુજ ઘેર. પડો વાગ્યો જળપુર વિષે, ફરી રાયની આણ; જાણ્યું કહયું મેં જુગતશું,માગુરાય ઇનામ.પ્રધાનતેડવા પાઠવો સુંપો સરવ શણગાર; તો તમને એ નર મળે, ક્ષણ ન લાગ વાર.સાંભળતાં આપ ઉલટ થયું

રાજ નીરધનને ઘરસુત્ર; રાંક પામે જેમ રાજને, વંઝા પામે પુત્ર શેન્યા સુંઢાઢી તૈયાર કર્યો, પોતાનો પ્રધાન; તેને તેડી લાવજો, દેઇને ઝાઝા માન, ઐરાવત ગજ પ્રકાવ્યો, જેથી શોભે રાજ; બીજા વાહન અતી ઘણા; તે તો ઠગને કાજ, આપ્યાં ભુષણ અતી ઘણા. હાર તણો શણગાર. બીડુ બાસઠ પાનનું, મુકતાફળ હારપ્રધાન આપ્યો પલકમાં, માલણ ઠેરે વાસ; જેવો હોય રાજવી, તેજ પુરણ પ્રકાશ; રીત્યેશું તેને મળો, રાજ સભાની રીત અરસપરસ આવી મળ્યો, કરી પ્રધાને પ્રિત; બીર-વીર મહા રાજ થયો, બળીયો ચતુર સુજાણ. ગજ ઉપર વાહન કરયું જાકે. દીધાં લાહાણ; સમર્યા હરસીધ માતને સમર્યાં. ઇશ્વર આપ, અવીચળ અખંડહું આવીયો; તે તમ ચરણ પ્રતાપ. ઉજેણીમાં જે વશે. તે સહુ જોવા જાય; ઠગ થઈ આવ્યો નગ-રમાં મળવા રાયને જાય, કો ચઉટે કો ચોકમાં, કો ઘરકો ઘરબાર; એમ કરતાં આવી ચડયો, વીક્રમ ઠેરે દ્વાર; ગજથી હેઠો ઉતરયો, સભા ભરી છે જયં; પ્રણામ કરતો પરવરયો, મહીપત બેઠા તાંહ; વખાણ કરતી બહુ મેહની, લોક વીવાદ બહુ પાર; એમ કરતાં નીરખે સહુ. નાહના મોટા નરનાર; નરપને નીરખ્યો નેહશું, મનમાં થયો પ્રસન; ફળ પામ્યો નરબદા તણું, રેવાનું દરશન, ગંગા ગયાને ગોમતી કાશીને કેદાર; વીક્રમ નીરખે ફળ લહયું, ભાગ્ય તણો નહી પાર,

ચોપાઇ—જેવો અવનવો હોયે ઈંદ્ર, જેવો સરદ પુનમનો ચંદ્ર વાડીમાં અંબુજ જેહવું, મુખ કમળ દિઠું તેહેનું; નરપત નિરખે નેનાં ચહેન. અંબુજ દલ આકરે નેહ; સામુદ્રિક છે લક્ષણ ઘણાં, ધ્વજાકાર પ્રથવી પ્રત તણાં બત્રીશ લક્ષણ ચતુર સુજાણ, સભા વચે શોભે જેમ ભાણ જોતાં આંખ રાજાની ઠરી, પાસ બેસાડયા હેત કરી, જેવો વીકરમાજીત આકાર. તેવો સોભે રાજકુમાર; પુછી વાત તમોશાચું કહો, કયાં આવ્યા કયાં વાસો રહો, કોણ રાજવંશીના પુત્ર, કેમ મેલવું પડયું ઘર સુત્ર; કેમ તજ્યો પીતાનો દેશ, બાળપણામાં જોબન વેશ. તે વિસ્તારી કહોને વાણ, જુઠુ બોલોતો ઇશ્વર આણ; લાજ વીચાર તેતો પરહરો. મન મેહેલીને વાતજકરો. માગો જોઇએ જે કામ, સરવ સભા તાહરે છે નામ; તે વાતમાં કરે જો રીશ, તો સા-ક્ષી આપુ જુગદીસ જેવા મળ્યું છે બાધુ ગામ, વીચાર કરે છે ઠામો ઠામ; કોઇ કહે ઈંદ્ર આવીયો, માનવ રૂપ ધરી લાવીયો, કોઇ કહે અવતારીક અંશ, કોઇ કહે વીક્રમનો વંશ.

દોહરા—કુંવર આવ્યો ઢુંકડો, બાંડયો મોલે પત્ર; મહીપત મુખ આગળ ધરયો, વાચી જોયો તરત, પત્ર તરત ઉકેલીયો, જોયા અક્ષર અંક; મહારો પુત્રમેં પરહરયો એનો શોછે વાંક રૂદીયા સાથે બીડીયો ભાગી મનની બ્રાંત વાત કરવા વીતકતણી; બે બેઠા એકાંત, કહો વાત વધુ, સાચી તાહરી માય, સુખદુખ શું ભોગવ્યું, લોક જવાહ બહુ થાય. ચોપાઇ—સાંભળીએ મહીપત મહારાજ દુખ કહેતાં આવેછે લાજ;

તમ ચાલ્યા પછે સંકટ પડ્યું. કલંકમાનનાંને શીર ચડ્યું. તજી તેને માને બાપ, દુઃખ પામી તે નાશી આપ; આપે જણ્ય માંડ્યું ઘરસુત્ર; પુરે માસે પ્રગટ્યો પુત્ર,બાર વરસ તે વેગે ગયાં; જાણું તમ સેવકો થયાં, પછે કાગળ લીધો છે હાથ, મન કરયુ તમને મળવા સાથ. હુકમ આપ માતનો માગીયો,આવી પાગ તમને લાગીયો, કોટીક જનમનું પાતિક ગયું દરશન રાય તમારૂ થયું;માલણ ઘેર ઉતરીયા અમો,પછે થયુ તે જાણો તમો માતા. મુજ ઘેર જુને વાટ, હું આવ્યો ક્ષીમાને ઘાટ;હુકમ રાયનો શીશ લીજીયે, સેવકને આગ્ના દિજીએ.

દોહરા-વાત સુણતાં વીક્રમ તણુ, હરખ્યું આપે અંગ, ઘેર લોક આવી મળી, આળસુને ઘેર ગંગ; પંડીત તેડી પુછીયું જુવો સુમુહુરત આજ: એ પુત્ર જે માહારો હુંશે શેંપુ રાજ;મેહેણું શીર વાંકીયા ટળ્યુ,રહ્યું રાજ ઘરસુત્ર, પાટ બેસારૂ પાટવી પ્રાક્રમી મોહોટો પુત્ર. જીવ થકી વાહાલો ઘણું, કુળના તારણ હાર,રઇયત તે રીઝ વાણી, શતરૂ દેયણુ માર; પ્રધાન થયાં હરસાધજી, પુજા માને મન, માહાકાળેશ્વર તુઠીયા, આપ્યો પુત્ર રતનઃ સોંપુ પદવી એહને, નગ્ર વરતાવું આણ; ગુણ લક્ષણ પુરણ ઘણો, બાળીયો સુખાણ. પ્રધાન એહને પાઠવો, કરણાટક તે જાય; તેડુ એની માવડી જગ જાગુતી થાય; અપવાદ ઉતારયો એહનો કરયુ નગ્રમા જાણ; વીક્રમ પુત્ર પાસે રહયો,લ્યો લાખેણી લાહાણ ચોપાઇ-પ્રધાન તેડવા પોતે પળ્યો.રાજકુંવર રાજાને મળ્યો સુખ પામ્યું બાહુ ગાત્ર, વીક્રમ ચરીત્ર વધારયું નામ. ગુણ ગાંધ્રવ બહુ કરે વખાણ, મન ગમતા પામે છે લાહાણ; વાગે મરદંગ ઢોલ નિશાન, ઘેર ઘેર વાત કુશળ કલ્યાણ; સુખ પામ્યા સહોદર સરવ. માંડી પુન્ય તણી પર્વ; માઘસુદ દશમ રવીવાર. ઉતમ મુહુરત આપ્યુ સાર પ્રધાન જે કરણાટક ગયો, દેશ મધે જાણીતો થયો, વણિક રાંકની જે દિકરી,આપ કરમે વિકરમને વરી. કાલડ વેશ ધરી વાવીયો, તે તો રાય વીક્રમ આવ્યો રાખ્યું બહુ ઇશ્વરે એ તણું, સુણિ સહોદર હરખ્યું ઘણું; ગામ કુટુંબ સગાં સમેત; તેડ્યાં રાણિ આણી હેત;બહુ મનુ ભોજાઇતુજ, માથે મેહેણું દીધું મુજ. આટલાં હો તમો, તેણે વીકરમ વરાંયાં અમો. તે ગુણ તાહારો મનમાં ધરૂ, એક દેશની રાણિ કરૂ. મુહુરત દિન હતો . તાહરે, ઘેર રાણી આવ્યાં તાહરે.રાણિ રાય સહોદર મળ્યાં,વિજોગ રૂપી સંકટ ટળ્યાં.દોહરા-રાજાએ ચેતાવિયા, પ્રધાન પંડીત સમેત; રાજ બેસારયો કુંવરને. આણી અદકું હેત. પડો વજડાવ્યો પુર વીષે. ભોજન કરાવ્યું ગામ,રંજાવ્યાં સહુ માગીયાં, ઓછવ ઠામો ઠામ. ધજા બંધાવી ધરમની, કરયો પુન્ય પ્રવાહ; તેડયા નરપત નવખંડના, મળી સરવ સમાય; અધીકાર સુંપ્યો કુંવરને સુખ સવાઇ હોય, સંકટ ભાગ્યાં સરવનાં, દુખીયું ન રહે કોય.

ચોપાઇ-પ્રધાનને પ્રણામજ કરી, સહુકોની પહોચી મન રળી; અભીશેક કર્યો

જેટલે, કુતક એક થયું તેટલે, જાચકજન મળ્યા છે બહુ. મન ગમતુ માગેછે સહુ. પણ એક ઉભો વાણીયો, દુખીયા સરીખો તે જાણીયો, કરમાયું શું દિઠું મુખ, રાજા કહે તારે શું દુઃખ, સુણતે ધ્રુજ્યો વણિક કુમાર; આંખે ચાલી આંસુ ધાર, મહારાજ શું કહીએ કથી, માહારે દુખતો કાંઇએ નથી;વણીક જાત જોવા આવ્યો પુન્ય સંચો મારો લાવ્યો. દુખ મસે તમ દરશન થયું, સાત જનમનું પાતીક ગયું; નિશ્ચિત થઇ સભામાં રહે, તારૂ દુખ માંડીને કહે; થરથર ધરૂજે તેનાં ગાત્ર, બીક ના આણે રંચક માત્ર; બ્રહ્મહત્યાદિક પાતીક તુને, સત્ય વાત જો ના કહે મુને. જો નવ ટાળુ તાહારો શોક, તો તિરથવરત થાજો ફોક; જોસુખ કર તુજ શરીર,ત્યારે મુખમાં લેશું નીર. તજશું નવ રાખુ તો કષ્ટી થાજો મુજ દેહ; ખરી વાત નહી કહે મુજ સંગ;તો રગત પીત થજો તુજ અંગ; જોડયા વાણીયે બે હાથ, બોલ્યો મહીપત કેરે સાથ; કહેતાં મહા સાગર ડોલશે,ફટફટ સહુ મને બોલશે, તુટે જીભ મુજ કહેતાં દુખ, નથી કહેવાનું માહારે મુખ; ત્યારે રાજા બોલ્યો વાણ, ફરી ફરી શું કહીએ અજાણ, તાહારી વાચા હું શીર લેઉ, રાજ સહિત સમરપ તુજ દેઉ; ઉતાવળો થઇ સીઘ્રજ બોલ,પડદો આપ રૂદેનો ખોલ,સનમુખ ઉભો રાજા સુખી,દ્રઢ થઇને બોલ્યો દુઃખી;માહારો દેશમલવપુરી ગામ વીરચંદશામાહારૂનામ. વીશા વડાણુ અમારાં ફરે. ભારે વણજ વાણોતર કરે,મોધેમોહોડું હુતુ આળ, અપુત્રવાંઝિયાની શીરગાળ કરયા માટે પાણિનાઘણા;પ્રસાદ કરાવ્યાશીવજીતણા;શીવથયા મુજને પ્રસન,દીધું સ્પનામાં દરશન;કહયું અલ્યા તું સુતો જાગ, વરદાન મહારી પાસે માગ; મેં કહયું જે આપો પુત્ર;ભોગવે ધન લક્ષમિઘર સુત્ર. નવાણ ખોદાવે જા દુખ જશે, તે પુન્યથી પુત્રજ થશે. તે વાયક મેં મસ્તક ધરયું, નવાણ મહોટુ ખોદાયુ ખરૂ; સજળ જગ આવ્યુ તે માંહ્ય;પ્રજા સહુકો સુખિયાં થાય; પશુ પંખીજન પાણીપીયે, નિત્યે પ્રત્યે સહુ આશીષ દિયે; તેના પુનનો ઉગ્યો સુત્ર,પુરે માસે પ્રસવ્યોપુત્ર;પુત્ર પ્રસવ થયો જેટલે, નવાણ નીર ખુટયાં તેટલે,તે વાત ચાલી ગાવા દુકાળનો પડયું છે નામ;કયાંથી આવ્યો પાપી એહ,દુખ દેવા લોકોને દેહ.જેમ જેમ મોટા થાયે બાળ.તેમ તેમ ઝાઝી ખાએ ગાળ. તે મેહેણું ન ખમાયે શીશ;ફરી જઇ ઉપાશાઇશ, શીવ આવીને પ્રસન્ન થયા, અમ્રત બોલ મુજને કહયા. હું માગતાં ચુકી ગયો, અહંકાર મેં મુખથી કહ્યો; જે કહો તે કરૂં હું ધાર, જેમ સરોવર આવે નીર; શીવ કહે કરોને આંએ, કહ્યુ કરો તો કામજ થાએ. બત્રિશ લક્ષણ પુરૂશનો જોગ; મધ્યતળાવે કરજો ભોગ. ત્યારે તારૂ કામજ થસે, પશુપંખી પીત્રપત થશે. નીત્યે પ્રત્યે તે આશીષ દીએ, તે આશીશથી પાણી રહે. તાહારે માથે મેહેણું જશે, તોદેશથી જળનું દુખજશે, બત્રિશ લક્ષણો મહારો પુત્ર, ભોગ આપતા ભાગે ઘરસુત્ર. એવું કામ હું કયમ નવ કરૂ, દેશપ્રદેશે હું નિસરૂ માહારી માંહે ગ્રથજ ઘણો,નર લાવું બત્રિશ લક્ષણો,તે વાતને થયા વરસ બાર નથી

મળ્યો કોઇ રાજકુમાર, જોતો જોતો આવ્યો આંહ, તારા નગ્ર ઉજ્જેણી માંહ; દુખ સાગર બધુ વાવીયો, રાજસભા જોવા આવીયો. એ દુખ ઉદર બાળુ અમો, પુછોછો તો સુણજો તમો; બત્રીશ લક્ષણો પુરૂષ લાવશું, તો પાછા મંદીર આવશું, તે માટે કારજ કીજીએ, મુજને તો શીક્ષા દીજીએ. દોહરા—વીચાર કર્યો રાય વીકરમે, કરવું એનું કામ; બીજે કયાં ખોળાવીએ, બત્રિશ લક્ષણો મુજ નામ, મેહેલો દુખ મનડા થકી, આજ મળ્યો તુજ જોગ; તેડી જઓ ત્યાં મુજને, આપો મહારો ભોગ. કામ થશે ત્યાંહાં તમતણું, રહેશે સરોવર નીર; માહરો જન્મ સફળ થશે, પરકાજે પડે શરીર, ત્યારે દુખિઓ બોલિયો, અસત્ય એતો વાત; પાટ ઘાવ ના દીજીએ, તું નરપતનો નાથ બ્રહ્મહત્યા થકી લક્ષધણી, નરપત હત્યા હોય; માટે એ તો કરૂ નહિ, મન વિચારી જોય; પ્રથ્વીપત કહે સાંભળો, જો ગમે નહી હું સુત્ર; તો આ લેઇને પરવરો, પેટ તણો મુજ પુત્ર. ભોગ આપો જળ દેવતા. તાહરૂ કારજ થાય. સુખ પામે રહયત સહુ, સજળનિર ભરાય.

ચોપાઇ—વણીક કહે સાંભળરે રાય, રાજકુંવર મેં કેમ લેવાય; બારવરસનો બાળે વેશ, આવ્યો આજ તમારે દેશ વિજોગ ભાગ્યો કઇક દિન તણો, તમને ઉલટ આવે ઘણો, જેને તમે આપતા રાજ, કેમ મોકલશો મરવાકાજ. તેનો કેમ હું હરખજ હરૂ કુડાં વચન કેમ કરૂં સાંભળ એની જનુનિદિશ. છેદાવે હવડાં મારૂ શીશ કેમ. હત્યા ધરૂ હુ બાળ, જીવીશું તે કેટલા કાળ; જોરાવરી લઇ જાવું કેમ. એ વાતના મારેછે સમ. ત્યારે વીકરમ કહે શુણુવીર, રાખો આપ રૂદેમાં ધીર; પુછું પુત્રને તડી આંહ, ભરી સભાની માંહ, હશે આવે તો તેડી જાઓ, કરો કામને સુખિયા થાઓ; એમ કહીને તેડયો તન, જોયું રાએ કુંવરનું મન; સાંભળરે તન માહારી વાત, તમો પુત્રને હું છું તાત; વણીક દુખીયો અહી આવીયો, ભારે વાત મનશું લાવીયો, બત્રાસલક્ષણો જોઇએ વીર, રહે અખુટ નવાણનીર; અનો જાશું તેને કાજ, તુજને આજ સોપીને રાજ; ત્યારે પુત્રે જોડયા હાથ, બોલ્યો મહિપત કેરે સાથ; મુજ બેઠે કેમ જાઓ તમો, તમ વીર્યથી ઉપન્યા અમો, તમ વિરજ તે માહરો દેહ, એ વાતમાં નહી સંદેહ; તમ ઠેકાણે હુંતો જાઉ. બાળપણે ઓશીકળ થાઉ. પર ઉપકારે પડશે તન, બીજું શું એથી છે પુન્ય; જાતાં અમારૂ હરખે મન, ધન વેળા આ જુનો દન. હરખ્યો રાજા મનમાં આપ, છુટયાં પાંચ જનમનાં પાપ; કહે રાજા સુખે લઇ જાઓ, દુખીયા શાને ખોટી થાઓ. દોહરો—વણીક કહે પછે કયાં વસુ, કેમ મળે એ મેળ; તું પહેલા મારાં છોકરાં, કાઢે મારૂ તેલ. હા કહુ તો હણે મુને, જુઓ છો મારૂ મન; કાહાઢે આંખ તું માહારી. જો નીરખું તાહારો તન. મારો પુત્ર વાહાલો મુને મેં મારયો કેમ જાય, તમને કેમ અળખામણો, જેની કોમળ કાય.

ચોપાઇ—વિક્રમ કહે અમે આવશુ, માહારો પુત્ર સાથે લાવશુ; માહારેહાથે આપુ

જોગ, ટાળુ દુખીયા તાહારો રોગ. દેઈ દહાડા મહીપત ચઢીઓ, નીશાન ગાજતે તે પરવરયો; દેજે પુત્રને દેતે રાજ. પરકામે તે કીધું કાજ, પરધાન પંડીત સહુ તેડીયા મારગે મહિપત ખેડીયા; પરકામે પંથે પરવરયા, પટનપુર ઉતારા કરયા, ચાલી વાત બહુ ઠામોઠામ. કઉતક જોવા આવ્યું ગામ; લોક કહે રાજા દીસે દુષ્ટ, કેમ પુત્રને દેશે કષ્ટ કોઈ કહે વણીક ચંડાળ, વાણુવાકે મરાવે બાળ; કો કહે સતવાદી ભુપ, દેવાંશી દીસે છે રૂપ પરદુખ ભંજન એનુ નામ, મારે રક્ષા આવ્યા કામ; કરતા પુરૂષ કરે કોઈ કામ; મુરખશે માનવીનુ નામ.તું કરતા જગ્તા છે ઈશ,નહીં દોષ અમારે શીશ; એમ કહીને મેહલ્યો બાપ. જે જે શબ્દ બોલતા ચાર, બીજા લોક સહુ પાળે જુંર ન થાય પારનપત ખુએ રૂધીર ભોગ્ય પાડ્યુ જેટલે. સકળ જળ ભરણું એટલે સંગાજળમાં નીરમળ થયું, ધન્ય ધન્ય સહુ લોકે કહ્યું; શ્રાવણ વદી શષ્ટીનો દન, રાંધ્યાં જુતા જે લોકે અન. પ્રગટ્યો સનમાં આવી શોક રાંધ્યાં મુકયાં છે સઉ લોક; પુત્ર દુખદેખીને વળ્યા, બીજા દીનસુધી નવ જમ્યા, ગઈ શીયાળાનું દીઠું સુખ, મારીઁ કુંવર તે મોહોટું દુખ; લોક ગયા પોતાને ઘેર, પીતા પુત્રની શી થઈ પેર; સરોવર ભરાણું જેટલે, બે બુડ્યા માંહેનેટલે. એનો મોટું સરોવર સાર. સાત વાંસ તે ઉંડુ તાર, જળ દેવ્યા શીતળ માત, તેણે આપ્યા દીધા હાથ; મુજને તાઢી કીધી નમો. તારા કોટ પોચાડુ અમો; લોક જાણે બુડ્યા, બેજણા, તે શોક વાધ્યા છે ઘણા;સત્ય પુન્યના ચાલણહાર, તેને કોણ છે ભંજણહાર. હાહાકાર તે સઘળે થયો, કાળરૂપ તે વણિકને કહ્યો; રાંધ્યા અંન તે ટાઢાં રહ્યા, દુખ તાપેણા લોકે લહ્યા; એમ કરતા ગઈ રાત, પાળે સહુ આવ્યા પ્રભાત; રાજાને તાબે ગયા, કેમ જમાએ અન; એવું દુખ ધરયું જ્યાહરે. કઉતક એક થયું તાહરે.

દોહરા—સરતીમાત ધીરજ ધરી, પામ્યા જયાંઃ જોગ, પ્રસન્નથઈ ત્યાં તતક્ષણે. પુત્ર સંજુગત જોગ; અમરત અદકું સીંચીયું, સજીવન કીધો તન; સરવ અંગ શીતળ થયું, આપે રૂડે મન. વસ્ત્ર આભુષણ અતી ઘણાં, મુકતા ફળના હાર; બેસારયાં વઈમાનમાં, માત્ર પુત્રને ભુપ. કઉતક દીઠું કારમું. હરખ્યો પોતે તેદીશ મુકતાફળ વધાવીઆં. રાજા કેરે શીશ. બાહાર વઈમાન આવીયું, સહુકો જુવેદ્રષ્ટ; સંગમ થયો છે સરવને, ગયાં કષ્ટ કને કષ્ટ. મળી હુતી જે મેહની આવી લાગીપાગ; મહીપતને કહે માવડી, મનવાંછીત ફળ માગ. માત માગુ એટલું મળ્યાછે સરવેલોક; દરશન દીઠુ તાહરૂ, ટળ્યો સરવનો શોક, મહીમા તારા દરશાનનો, જે હોય તે આપ; ખુશી કરો આ ખલકને, તેનાં દુખ સઘળાં કાપ, માતા કહે રાય સાંભળો, આ દહાડે મારૂ વરત. શ્રાવણ વદી સપ્તમી, સરસવરત નરપત. પુન્ય દાન જે આશરે, વાશી જેકો ખાય; ઓછવ કરે આણંદશું, નારી ગીતજ ગાય; અગ્ની ચુલે ધાલે નહી, પુન્ય ઊપર રાખે પ્રીત; કથાસુણે જે માહરી, તે પામશે વેદ શાસ્ત્ર જે પ્રીત જેમ પુત્ર તું-

પામીયો, આવ્યો માહારે પાસ; તેમ વરત માહારૂ આચરે. તેની પોહોચે આશ. પુરાણ એ વરત છે, વેદશાસ્ત્ર વાચાય; અદકુ ઘણું મન આજથી, તમ પધારયા માટ

ચોપાઇ--જળમધે ગયું વધમાન, દેવી પામ્યા અંતરધ્યાન;ધનધનસહુ લોકે કહ્યું, માતા મહીપતનું દરશન થયું, વેહેવારીયાની ઉતળી ગાળ. પછે માન પામ્યો તે બાળ. સજળ અખુટ સરોવર માંય, ઓછવ મંગળ અદકા થાય; વહેવારીઆની શીખજ લીધ, રાજ્યે પંથ ઠરયો તે શીધ. રાજાજી ઉજેણી ગયા, ઉલાટ સહુ લોકોને થયા; પુત્ર ઊપર વાધ્યુ બહુ હેત, ફુલ જેમ વરશા રૂતુ ખેત; આણુવદંતાવી તેહજ તણું, વાધી પ્રીત પુત્ર સાથ ઘણી. તેની માતા પટરાણિ ઠામ, કુંવર થયો રાજાને નામ; જાણ્યો પુત્ર સતવાદી માટ, પોતે જીવનાં સુપ્યું પાટ, પોતે કામ તે પુન્યનાં કરે, માહા દુખીયાના સંકટ હરે; શું કહુ તેની કીરતી કથી. થાય નહી કો થયો નથી બીજો થયો હોય વિક્રમ પખે તો જોતીશશાસ્ત્ર કેમ એ લખે, એવા કામ તો જેથી થાય; પરદુખભંજન તે કહેવાય. એની કથા જે સુણે કરણ, નહિ પાપીને અલપજ મરણ. નીરધનને લક્ષ્મી બારણે, વાંઝીયાને બાળક પારણે; વીશફોટક રોગજ જાય, કઠણ હ્રૂદે તે કોમળ થાય; સાધુજન તે ગુણ માનશે, અન્યાઓ અંત આણશે. એવું જાણિ કરે જે પુન્ય, રૂડુ નથી કાંઇ તે જેવું અન્ય; પરદુખભંજન રાજજ કરે, પુન ને મોક્ષ તણું છે મુળ, પુન થકી જાણો સરવે સુળ; પુનથી દુશમન પાછો જાય, પુનથી જશ ઘણેરો થાય.

દોહરો–ગાય શીખેને સાંભળે; મનમાં પોહોચે કોડ; રણહુતે જશ ઊપજે, જીતે હુંશથી હોડ, સ્નાન ભાગીરથ ગંગાનુ, રેવાનું દરશાન; સુણે મહીમા વિક્રમ તણો, પ્રભુ સદા પ્રસન. દરસીખ હડનુંન તેહેને, માહાકાળેશ્વર નામ; મન ધરી મહિમા સાંભળે, તેને મસ્તક હાથ.

દોહરો–ભોજ પ્રતે કહે પુતળી, જો તમે એવા થાઓ; એવા પ્રાક્રમ જો કરો તો બેશો સીંહાશન પાએ; એમ કહિને પુતળી, આપે ગઇ આકાશ, એહ કથા પુરણ થઇ, કહે કવી શામળદાસ શ્રોતા વક્તા સમજતા, કહે કવીતા કરજોડ; એકવાર સહુ બોલજો, જે જે શ્રી રણછોડ.

ખુનીની ખોપરી ...	... ૦-૮-૦
વિષનો વરસાદ ...	... ૦-૮-૦
પાપનું પડીકું ...	... ૦-૮-૦
જગતનો જાદુગર ...	... ૦-૮-૦
સવારશેરની શોધમાં ...	... ૦-૮-૦
ડોકટર કે દૈત્ય ...	... ૦-૮-૦
કપટસીંહ	... ૦-૬-૦
ભેદી સુડદું	... ૦-૪-૦
સોળ વરસની સતી ...	... ૦-૮-૦
મના શેઠાણી... ...	... ૦-૬-૦
સતિ તેજમા ...	... ૦-૬-૦
બરાસ કસ્તુરી ...	... ૦-૮-૦
ગજરામારૂ	... ૦-૮-૦
સદેવંત અને સાવલીંગા	... ૦-૮-૦
ગુલબંકાવલી ...	... ૦-૮-૦
બત્રીસ પુતળી સંપુર્ણ	... ૨-૮-૦
સાડાત્રણ ભાઇબંધ ...	... ૦-૮-૦
ભયંકર ભુતાવળો ...	... ૦-૬-૦
ડીટેકટીવ કે દેવ ? ...	... ૦-૮-૦
ભજનસાગર... ...	... ૦-૮-૦
ભજન ભંડાર ...	... ૦-૮-૦
કૃષ્ણ સુદામા સચિત્ર...	... ૦-૧૦-૦

રાજભાષા (ઇંગ્રેજી સહેલાઇથી શીખવાનું સાધન	કી. ૦-૮-૦
સચિત્ર કોકશાસ્ત્ર	કી. ૧-૮-૦
હુન્નર પ્રકાશ	કી. ૨-૦-૦
રસીક ધોળ પદ	કી. ૧-૪-૦
સુડા બહોતેરી	કી. ૨-૦-૦
શુદ્ધ કાવ્યદોહન ૧ થી ૫ ભાગ	કી. ૨-૦-૦
ગીરધર કૃત રામાયણ ...	કી. ૩-૦-૦
તુલસી કૃત રામાયણ ...	કી. ૬-૦-૦
પૈસા કેમ કમાવા ? (વ્યાપારી તાલીમ શીખવનારૂ સર્વોત્તમ પુસ્તક)	કી. ૧-૮-૦
સ્વામી દયાનંદનું જીવન ચરિત્ર	કી. ૨-૦-૦
નઝીર	કી. ૧-૦-૦
પંચીકરણ	કી. ૨-૦-૦
મોટી ગાયનમાળા બાર ભાગ	કી. ૦-૧૨-૦
” ” આઠ ભાગ	કી. ૦-૮-૦
” ” છ ભાગ	કી. ૦-૪-૦
મહાભારથ વલ્લભ વ્યાસનું	કી. ૬-૦-૦
વિવેકાનંદનું જીવન ચરિત્ર સચીત્ર	કી. ૩-૪-૦
સ્વામી રામતીર્થનું જીવનચરિત્ર	૨-૮-૦

પુસ્તકો વેચનાર વ્યાપારીઓને સુચના.

હાલમાં અમોએ સારાં, સસ્તાં અને સચિત્ર પુસ્તકો બહાર પાડયાં છે. નવાં નવાં સચિત્ર તેજદાર પુસ્તકો બહાર પડતાં જાય છે. આપ આપનું નામ નોંધાવશો તો છપાતાં નવાં પુસ્તકો જણાવતાં રહીશું.

ગામેગામ એજન્ટ જોઇએ છે.

તમો બીજો વ્યાપાર કરતા હો તેની સાથે વીસ પચીસ રૂપીયાના અમારાં સારાં સસ્તાં ને સચિત્ર પુસ્તકો રાખશો તો ટુંકી મુદ્દીમાં ઘણો સારો નફો મેળવી શકશો.

ઉપરનાં તમામ પુસ્તકો તથા બીજાં હરેક પુસ્તક મળવાનું સ્થળ.

બુકસેલર રણછોડલાલ મોતીલાલ શાહ.

રીચીરોડ—અમદાવાદ.

વાંચો સચિત્ર **સતી સીતા.** કી. ૦-૧૦-૦

(વાંચો) સચિત્ર સતી સુરજ કી. ૦-૮-૦



(વાંચો) સચીત્ર [illegible] કી. ૦-૧૦-૦

બુકસેલર રણછોડલાલ મોતીલાલ. રીલીફરોડ—અમદાવાદ.

આ બુક સૂર્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં મુળચંદ ત્રીકમલાલે છાપી છે. કાળુપુર ટંકશાળ—અમદાવાદ.